


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 08 MAY, 2026 Vol. 24, No. 19 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### કેનેડિયન સુરક્ષા ઈન્ટેલિજન્સ સર્વિસનો પબ્લિક રિપોર્ટ જાહેર : ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાન પણ શંકાના ઘેરામાં

# કેનેડામાં જાસૂસી : ભારતની સંડોવણીનો આરોપ

## ખાલિસ્તાની કટ્ટરવાદી તત્વોને દેશની સુરક્ષા માટે જોખમી ગણાવ્યા, બિશ્નોઈ ગેંગ સહિત 12 સંગઠનનો આંતકી જૂથમાં સમાવેશ

**ઓટ્ટાવા**

વડાપ્રધાન માર્ક કાર્ની સરકારમાં કેનેડા અને ભારતના સંબંધો સુધરશે તેવી આશા ઠગારી નીવડી શકે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની જેમ હવે કેનેડાની સુરક્ષા ઈન્ટેલિજન્સ સર્વિસ એજન્સીએ ભારત પર કેનેડામાં વિદેશી દખલ અને જાસૂસીના આક્ષેપો કર્યા છે. એટલું જ નહીં, એજન્સીએ કેનેડામાં ખાલિસ્તાની કટ્ટરવાદી તત્વોને દેશની સુરક્ષા માટે જોખમી ગણાવ્યા છે, પરંતુ ખાલિસ્તાન તરફી શાંતિપૂર્ણ દેખાવોને કાયદેસરની રાજકીય પ્રવૃત્તિ ગણાવી છે. સીએસઆઈએસના આ પબ્લિક રિપોર્ટ ૨૦૨૫થી બંને દેશો વચ્ચે ઘર્ષણ થવાની આશંકા છે.



કેનેડાની ગુપ્તચર એજન્સીએ તેના નવા રિપોર્ટમાં ભારત પર ફરી ગંભીર આક્ષેપો કર્યા છે. કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (સીએસઆઈએસ)એ તેના પબ્લિક રિપોર્ટ ૨૦૨૫માં કેનેડાની ધરતી પર વિદેશી દખલ અને જાસૂસી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા દેશોની યાદીમાં ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાનની સાથે ભારતનો પણ સમાવેશ કર્યો છે. સીએસઆઈએસે દાવો કર્યો છે કે, ભારતે કેનેડિયન નેતાઓ અને પત્રકારો સાથે ગુપ્ત સંબંધો બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. રિપોર્ટમાં દાવો કરાયો છે કે, ભારત સરકારે તેની ટીકાને દબાવવા, નિરીક્ષણ રાખવા અને દબાણ બનાવવા જેવી રણનીતિ અપનાવી હતી.

રિપોર્ટમાં એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૮૨ના બોમ્બ વિસ્ફોટનો પણ ઉલ્લેખ કરાયો છે. સાથે જ ૨૦૨૫માં ૧૨ નવા જૂથોનો આતંકી સંસ્થામાં સમાવેશ કર્યો છે, જેમાં બિશ્નોઈ ગેંગનું નામ પણ સામેલ છે. રિપોર્ટમાં યુવાનોમાં કટ્ટરવાદના ફેલાવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ છે.

## બીજાની આંતરિક બાબતોમાં દખલ કરવુ, અમારી નીતી નથી : ભારત



વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે સ્પષ્ટ કર્યું કે, ભારત એક એવી લોકશાહી છે જે આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરે છે અને અન્ય રાષ્ટ્રોની સાર્વભૌમત્વનું સન્માન કરે છે. બીજા દેશોની આંતરિક બાબતોમાં દખલ કરવી એ ભારતની નીતિ નથી. રાજકીય એજન્ડા સેટ કરવાને બદલે કોઈપણ ચિંતાઓને સ્થાપિત મિકેનિઝમ દ્વારા ઉકેલવી જોઈએ.

# ઇરાન શરતો ન સ્વીકારે તો બોમ્બ વરસાવીશું શાંતિ મંત્રણાની વાટાઘાટો વચ્ચે ટ્રમ્પની ધમકી

## શાંતિ પ્રસ્તાવ પર વિચારણા બાદ પાકિસ્તાન મારફતે જવાબ મોકલીશું : ઈરાન

**એજન્સી, વોશિંગ્ટન**

પશ્ચિમ એશિયામાં તણાવનો અંત લાવવાના સંકેત આપતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે, અગાઉ નક્કી થયેલી શરતોનો ઈરાન સ્વીકાર ન કરે તો અમેરિકાની સૈન્ય કાર્યવાહી વધારે આક્રમક અને સઘન થશે. અગાઉ કરતાં ઘણાં વધારે તીવ્ર અને મોટા પાયે ઈરાન પર બોમ્બમારો થશે. આની સાથે જ અમેરિકી નાકાબંધીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા ઈરાનના એક જહાજ પર અમેરિકી સેનાએ ફાયરિંગ કર્યું હતું.

યુએસ મીડિયા રિપોર્ટ મુજબ, વ્હાઈટ હાઉસ અને ઈરાન વચ્ચે સમજૂતીની શક્યતાઓ સર્જાઈ છે. 14 મુદ્દા આધારિત પ્રસ્તાવ ઈરાનને મોકલવામાં આવ્યો છે અને આગામી 48 કલાકમાં ઈરાનની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. પ્રસ્તાવમાં મુખ્યત્વે વાટાઘાટો માટે 30 દિવસની સમય મર્યાદા રાખવામાં આવી છે. આ ઉપરાંત ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર નિયંત્રણ અને અમેરિકાએ લાદેલા પ્રતિબંધોમાં રાહત જેવા મુદ્દાઓ સામેલ છે. ઈરાન પર હુમલા શરૂ કર્યા તે પહેલાથી ટ્રમ્પ યુરેનિયમના જથ્થા પર નિયંત્રણ ઈચ્છે છે અને પરમાણુ કાર્યક્રમો પર રોક લગાવવા માગે છે. સમજૂતી કરાર માટે નક્કી થયેલા મુદ્દાઓમાં ટ્રમ્પે ઈરાન પાસેથી યુરેનિયમનો જથ્થો માગ્યો હતો અને 20 વર્ષ સુધી પરમાણુ શસ્ત્રો નહીં વિકસાવવાની બાંયધરી ઈરાન પાસે માગી હતી. જો કે અમેરિકાએ મોકલેલા પ્રસ્તાવમાં યુરેનિયમ સંવર્ધનને લાંબા સમય સુધી રોકવાનો અને સંયુક્ત રાષ્ટ્રના નિરીક્ષણમાં ચુસ્ત સલામતી નિયમો લાદવાનો સમાવેશ પણ થાય છે.



અમેરિકા તરફથી શાંતિ પ્રસ્તાવ મળ્યો હોવાનું સ્વીકારતાં ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યુ હતું કે, પ્રસ્તાવની સમીક્ષા થઈ રહી છે. એક પાનાના સમજૂતી મુદ્દાઓમાં યુદ્ધનો અંત લાવવાનો અને હોર્મુઝની ખાડી ખોલવાનો સમાવેશ થાય છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમો જેવા જટિલ મુદ્દાઓને પાછળના તબક્કામાં રાખવામાં આવશે. વાટાઘાટો માટે મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાન મારફતે ટૂંક સમયમાં ઈરાન તરફથી જવાબ મોકલવામાં આવશે.

# મમતાએ રાજીનામું ન આપ્યું, રાજ્યપાલે ટીએમસી કેબિનેટ બરખાસ્ત કરી દીધી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં હાર છતા પણ મમતાએ રાજીનામું નહીં આપવાની જીદ પકડી હતી, આખરે ગુરુવારે રાજ્યપાલ આર.એન. રવિએ વિધાનસભા ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. આ સાથે જ મમતા બેનર્જીની 15 વર્ષ જૂની સરકારનો અંત આવ્યો છે.

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ગુરુવારે 7 મે 2026નો દિવસ ઈતિહાસના પાના પર નોંધાઈ ગયો છે. રાજ્યપાલ આર.એન. રવિએ એક મોટો અને અણધાર્યો નિર્ણય લેતા પશ્ચિમ બંગાળ વિધાનસભાને ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. કોલકાતા ગેઝેટમાં પ્રકાશિત આ નોટિફિકેશન સાથે જ મમતા બેનર્જીની સરકાર બંધારણીય રીતે બરખાસ્ત થઈ ગઈ છે અને તેઓ હવે મુખ્યમંત્રી રહ્યા




નથી. બંગાળમાં નવી સરકારની રચના અને મમતા બેનર્જીના રાજીનામાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ભારે રાજકીય ખેંચતાણ ચાલી રહી હતી. આ દરમિયાન વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થતા જ રાજ્યપાલે બંધારણીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને આ કડક નિર્ણય લીધો છે. કોલકાતા ગેઝેટમાં અપાયેલા આદેશ મુજબ, આ નિર્ણય 7 મે 2026 થી જ અમલમાં આવી ગયો છે. વિધાનસભા ભંગ થવાની સાથે જ સમગ્ર કેબિનેટ પણ ભંગ થઈ ગઈ છે.









## ગુજરાત ડે નિમિત્તે શ્રીંગેરી ટેમ્પલ ખાતે યોજાયો યાદગાર સમારોહ

# કેનેડામાં 'પ્રાઈડ ઓફ ગુજરાત' એવોર્ડની શરૂઆત: પાટીદાર સમાજે 5 રત્નોને નવાજ્યા












## અજિત પટેલના કોમેડી શો સાથે ગૌરવવંતો સંગમ : સ્પોર્ટ્સ, એજ્યુકેશન અને કલ્ચર ક્ષેત્રે ઝળકેલી પ્રતિભાઓને સ્ટેન્ડિંગ ઓવેશન

**ટોરોન્ટો**

૨ મે, ૨૦૨૬ના રોજ, શનિવારે શ્રીનેગરી ટેમ્પલ હોલ ખાતે એક ભવ્ય અને યાદગાર કાર્યક્રમ યોજાયો હતો. પાટીદાર સમાજ કેનેડા દ્વારા સૌપ્રથમ વખત યોજાયેલા "પ્રાઈડ ઓફ ગુજરાત એવોર્ડ" વિતરણના સમારંભમાં ગુજરાત ડેના અવસરે સમુદાયના ગૌરવશાળી સભ્યોને સન્માનિત કરાયા હતા. હોલ સંપૂર્ણ ભરેલો હતો, અને દરેક વ્યક્તિમાં ઉત્સાહ અને ગર્વનો માહોલ જોવા મળતો હતો. ખાસ વાત એ હતી કે, આ એવોર્ડ વિતરણ પ્રસંગ પ્રખ્યાત હાસ્ય કલાકાર અજીત પટેલના કોમેડી શો દરમિયાન યોજાયો હતો, જેના કારણે કાર્યક્રમમાં મનોરંજન અને ગૌરવ બંનેનો સુમેળ જોવા મળ્યો હતો. આ સફળ કાર્યક્રમને શક્ય બનાવવામાં પાટીદાર સમાજના કેનેડાના પ્રમુખ વિજય પટેલ અને ઉપપ્રમુખ પ્રજ્ઞેશ પટેલનું મહત્વપૂર્ણ નેતૃત્વ અને યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. આ વર્ષે ૫૦થી વધુ પ્રતિભાશાળી ઉમેદવારોમાંથી પાંચ વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. એન્ટરટેઈનમેન્ટ કેટેગરીમાં, બહુ પ્રતિભાશાળી કલાકાર તરીકે ઓળખાતા અજીત પટેલને સન્માનિત કરાયા હતા. સ્પોર્ટ્સ કેટેગરીમાં, કેનેડાની નેશનલ ક્રિકેટ ટીમના ખેલાડી હર્ષ ઠાકરને એવોર્ડ આપવામાં આવ્યો હતો. એજ્યુકેશન અને એકેડેમિક્સ કેટેગરીમાં, ડોક્ટર ઓફ મેડિસિન, MDની ડિગ્રી મેળવનાર રૃત્વી બ્રહ્મભટ્ટને સન્માનિત કરાયા હતા. જ્યારે આર્ટ્સ અને કલ્ચર કેટેગરીમાં, ભારતનાટ્યમ જેવી શાસ્ત્રીય નૃત્યકળામાં પારંગત નિત્યા વેદ્યને એવોર્ડ આપવામાં આવ્યો હતો. અંતે, મ્યુઝિક અને સિંગિંગ કેટેગરીમાં, સુરીલા અવાજના માલિક રોક સ્ટાર સુનિલ પટેલને સન્માનિત કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન દર્શકો દ્વારા જોરદાર તાળીઓ અને સ્ટેન્ડિંગ ઓવેશન આપવામાં આવ્યા હતા. "પ્રાઈડ ઓફ ગુજરાત એવોર્ડ" માત્ર એક સન્માન નથી, પરંતુ સમુદાયના ઉત્કૃષ્ટ લોકો માટે પ્રેરણાનું પ્રતીક છે.

### ટ્રમ્પના ટેરિફ સામે કેનેડાનો 'વ્યૂહાત્મક વળતો પ્રહાર'

## સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગ માટે $1.5 બિલિયનના રાહત પેકેજની જાહેરાત

કામદારો અને કંપનીઓના રક્ષણ માટે મંત્રી મેલાની જોલી મેદાનમાં



**ઓન્ટેરિયો**

કેનેડા ટ્રેડ વોરના 'પ્રમુખપદ' પર કેન્દ્રીય સરકાર કેનેડાના ટેરિફ-અસરગ્રસ્ત સ્ટીલ, એલ્યુમિનિયમ અને કોપર ટેરિફ માટે $ 1.5 બિલિયનના નવા રાહત પગલાંની શ્રેણી રજૂ કરી રહી છે, એમ મંત્રીઓ મેલાની જોલી અને ઈવાન સોલોમનએ સોમવારે જણાવ્યું હતું. યુ.એસ. હાલમાં કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર 50 ટકા ટેરિફ લાદે છે, આ સાથે કેનેડાના ચોક્કસ કોપર ઉત્પાદનો પર 50 ટકા ટેરિફ લાદે છે. ઉદ્યોગ મંત્રી જોલીએ જણાવ્યું હતું કે, "અમે ટ્રેડ વોરમાં છીએ, અમે આગળની હરોળમાં છીએ અને અમારો ધ્યેય કામદારોનું રક્ષણ કરવાનો અને ખરેખર કંપનીઓને જાળવી રાખવાનો છે.

સોમવારના રાહત પેકેજને બે ભાગમાં વિભાજિત કરવામાં આવશે, પહેલો ભાગ બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડા (BDC) દ્વારા $ 1 બિલિયન લોનનો છે. જોલીએ જણાવ્યું હતું કે, લોન $2 મિલિયન અને $50 મિલિયનની વચ્ચે હશે. લોનના પહેલા વર્ષમાં વ્યાજ દર શૂન્ય છે, ત્યારબાદ બીજા અને ત્રીજા વર્ષ માટે "ખૂબ જ ઓછા" વ્યાજ દરો છે. આખા ત્રણ વર્ષ સુધી કોઈ ચુકવણી કરવામાં આવશે નહીં, ફક્ત આ લોન પર ખરેખર વ્યાજ ચૂકવવાનું રહેશે. અને ત્રણ વર્ષના અંતે, ચુકવણી પૂછવામાં આવશે. સોમવારના પેકેજનો બીજો ભાગ પ્રાદેશિક ટેરિફ રિસ્પોન્સ ઈનિશિયેટિવ દ્વારા વધારાના $500 મિલિયનનું ભંડોળ હશે, એમ એઆઈ અને ડિજિટલ ઈનોવેશન મંત્રી સોલોમનએ જણાવ્યું હતું. સોલોમને કહ્યું હતુ કે, ભંડોળનો હેતુ નાના અને મધ્યમ ઉદ્યોગોને "વ્યૂહાત્મક ધરી બનાવવા, ઉત્પાદકતામાં સુધારો કરવા, બજારોમાં વૈવિધ્ય લાવવા અને સ્પર્ધાત્મક રહેવા" માટે પ્રોત્સાહિત કરવાનો છે, પ્રાદેશિક ટેરિફ રિસ્પોન્સ ઈનિશિયેટિવ એ કેનેડિયન સરકારનું ભંડોળ છે, જે કેનેડિયન વ્યવસાયોને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફના સૌથી ખરાબ પ્રભાવોથી બચાવવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

## ગાંજા ચોરીમાં ભારતીય મૂળના 5ની ધરપકડ

### તપાસ દરમિયાન બે ગેરકાયદે હથિયારો પણ મળી આવ્યા, આરોપી સામે કુલ 33 આરોપ લાગ્યા

**મિસિસાગા**

કેનેડાના ઓન્ટેરિયોમાં કાયદેસરના ગાંજા (કેનાબિસ)ના ઉત્પાદનો ભરેલા ટ્રેલરની ચોરીના મામલે પોલીસે ભારતીય મુળના પાંચ યુવકોને ઝડપી લીધા હતા. આ યુવકો સામે આશરે 20 લાખ કેનેડિયન ડૉલર (ભારતીય ચલણમાં આશરે 12 કરોડ રૂપિયા)ની કિંમતના માલની ચોરીનો મુખ્ય આરોપ છે. આ ટ્રેલર નાયગ્રા પ્રદેશમાંથી ચોરાયું હતું. તેમાં મોટી માત્રામાં કાયદેસર રીતે વેચાણ માટે તૈયાર કરાયેલા ગાંજાના ઉત્પાદનો હતા, જે ઓન્ટેરિયોના વિવિધ લાયસન્સ પ્રાપ્ત દવાખાનાઓમાં સપ્લાય કરવાના હતા. આ ઘટના 15મી એપ્રિલના રોજ પ્રકાશમાં આવી હતી. સ્થળ પરથી પાંચ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી હતી. તેમની તલાશી લેતા બે ગેરકાયદે હથિયારો પણ મળી આવ્યા હતા. ધરપકડ કરાયેલા શંકાસ્પદોની ઓળખ મનવીર સિંહ (21), સરબજીત સિંહ (32), દિલખાબ સિંહ (21), જયસ્કવન માલ્હી (23) અને કરણ કુમાર (25) તરીકે થઈ છે. પોલીસે પાંચેય આરોપીઓ સામે મિલકતની ચોરી, ચોરાયેલી મિલકતનો ગેરકાયદે કબજો રાખવો અને પ્રતિબંધિત હથિયારો રાખવા સહિતના કુલ 33 ગુનાઓ હેઠળ કેસ દાખલ થયો છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca





# બ્રામ્પ્ટનમાં ભારતીય કલ્ચર એસોસિએશન ઓફ ઓન્ટેરિયોની સુવર્ણ જયંતિની અનેકવિધ કાર્યક્રમો સાથે રંગેચંગે ઉજવણી






## 600 સભ્યો અને 13 ભૂતપૂર્વ પ્રમુખોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ; ગાલા ડિનર અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગૂંજી ઉઠ્યું 'ગ્રાન્ડ અમ્પાયર', મેજિશિયન ગેમબીટ અને બાળકોની કલાત્મક પ્રસ્તુતિએ જમાવ્યું આકર્ષણ

**ઓન્ટેરિયો**

ભારતીય કલ્ચર એસોસિયેશન ઓફ ઓન્ટેરિયોના પચાસમા વર્ષની ઉજવણી નિમિત્તે 'ગ્રાન્ડ અમ્પાયર', ૧૦૦ નેક્સસ એવન્યુ, બ્રામ્પ્ટનમાં બીજી મેના રોજ ગાલા ડિનર સહ કલ્ચરલ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. જેમાં ૬૦૦ સભ્યો, સંસ્થાની શરૂઆતથી લઈ આજ સુધીમાં બનેલા ૧૩ પ્રમુખ, આમંત્રિત મહેમાન તરીકે રામજી મંદિર માધાતા - મોન્ટ્રીયલ અને નવયુગ ગુજરાત સોસાયટીઝ ઓફ ટોરોન્ટોના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ૧૯૭૬માં ગુજરાત ક્રિકેટ ક્લબ તરીકે શરૂ કરવામાં આવેલી આ સંસ્થાને ૧૯૮૬માં 'ભારતીય કલ્ચર એસોસિએશન ઓફ ઓન્ટેરિયો'ના નામે નોટ-ફોર-પ્રોફિટ સંસ્થા તરીકે ઓન્ટેરિયો પ્રોવિન્સમાં નોંધણી કરાવવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત આજ સુધીના સર્વે પ્રમુખો અને આમંત્રિત મહેમાનોની ઓળખ તથા સ્વાગતથી કરવામાં આવી હતી. મેજિશિયન ગેમબીટે તેના કાર્યક્રમથી બધાને મંત્રમુગ્ધ કર્યા હતા તથા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. મોન્ટ્રીયલથી પધારેલા મહેમાનોએ ભારતીય કલ્ચર એસોસિયેશન ઓફ ઓન્ટેરિયો સંસ્થાની આ ઉજવણી નિમિત્તે મોમેન્ટો આપી આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

# હંસને પજવવા બદલ ઓન્ટેરિયોના શખ્સને $1,000નો દંડ ફટકારાયો

### પક્ષીને પકડી પથ્થર મારી ઇજા પહોંચાડવાનો પ્રયાસ કરાયો હતો : દંડની રકમ પક્ષીઓના સંરક્ષણ માટે વપરાશે

**ઓન્ટેરિયો**

કેનેડામાં વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ માટેના કાયદા કેટલા કડક છે તેનો તાજો દાખલો ઓન્ટેરિયોમાં જોવા મળ્યો છે. અહીંના એસેક્સ વિસ્તારના રહેવાસી જોસેફ બ્રુગને કેનેડાના હંસને પજવવા અને તેને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કરવા બદલ દોષિત ઠેરવી $1,000 (આશરે 83 હજાર રૂપિયાથી વધુ)નો દંડ ફટકારવામાં આવ્યો છે.

કેસની વિગત એવી છે કે, ઓન્ટેરિયોના કુદરતી સંસાધન મંત્રાલયના જણાવ્યા અનુસાર આ ઘટના લેક સેન્ટ ક્લેરના કિનારે આવેલી બેલે નદી મરિના પાસે બની હતી. સંરક્ષણ અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું હતું કે, જોસેફ બ્રુગે હંસના બચ્ચાને (ગોસલિંગ) પકડ્યું હતું અને ત્યારબાદ મોટા પથ્થરો ફેંકીને તેમજ હાથ વડે હુમલો કરીને પુખ્ત હંસને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જાહેર જનતાની મદદ અને ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસના સહયોગથી આ ગુનો સાબિત થયો હતો.

કોર્ટે આદેશ આપ્યો છે કે દંડની $1,000ની રકમ 'ડક્સ અનલિમિટેડ કેનેડા' સંસ્થાને ચૂકવવામાં આવે. આ રકમનો ઉપયોગ સ્થળાંતરિત પક્ષીઓના વ્યવસ્થાપન, તેમના રહેઠાણની વૃદ્ધિ અથવા જ્યાં ગુનો થયો હતો તે વિસ્તારની આસપાસ પક્ષીઓના રક્ષણ માટે કરવામાં આવશે.






તંત્રી સ્થાનેથી

# પશ્ચિમ બંગાળમાં મમતાનો ગઢ ધ્વસ્ત, ભાજપનું સપનું સાકાર



તંત્રી - સ્વદેશ

પશ્ચિમ બંગાળમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય અને ઐતિહાસિક વિજય મળતા ભાજપનું 74 વર્ષનું સપનું સાકાર થયું છે. આ સાથે જ આ ચૂંટણીમાં મમતાનો તૃણમુલ કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત થઈ ગયો છે. 293 બેઠકો પર યોજાયેલી ચૂંટણીના આખરી પરિણામોમાં ભાજપને 207, તૃણમૂલ કોંગ્રેસને 80, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસને 02, આમ જનતા ઉન્નયન પાર્ટીને 02 તથા કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સિસ્ટ) ને 01 તેમજ ઓલ ઈન્ડિયા સેક્યુલર ફ્રન્ટ (AISF)ને 01 બેઠક મળી છે. ભાજપને અહીં ટીએમસીના ૪૦.૮૦ ટકા સામે ૪૫.૮૪ મત મળ્યા છે. એટલે પાંચ ટકાનો તફાવત છે. પરંતુ બેઠકોનો તફાવત મોટો છે. જેને કારણે સત્તા પરિવર્તન થયું છે. આ સાથે જ મમતાનો તૃણમુલ કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત થઈ ગયો અને ભાજપનું 74 વર્ષનું સપનુ સાકાર થયું છે.

બંગાળની આ વખતની ચૂંટણીમાં ભાજપે અને ખાસ કરીને મોદી તથા અમીત શાહે એડીચોટીનું જોર લગાવી દીધું હતુ. આમ તો દેશના પાંચ પ્રદેશ આસામ, પોંડીચેરી, તમિલનાડુ, કેરળ અને પ.શ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી હતી, પરંતુ ભાજપનો મુખ્ય ધ્યેય બંગાળનો કિલ્લો ફતેહ કરવાનો જ હતો. આસામમાં હેમંત બિશ્વશર્માની સ્થિતિને પહેલેથી જ મજબૂત કરી દેવાઈ હતી. જ્યારે બંગાળમાં મમતાને ટક્કર આપવી ભાજપ માટે પણ લોઢાના ચણા ચાવવા સમાન હતુ. એટલે આ ચૂંટણીમાં ભાજપે તમામ શામ, દંડ ભેદની નીતિઓએ તેને સફળતા અપાવી છે.

પરિણામમાં અસર કરનારી સૌથી મહત્વની બાબત એસઆઈઆર રહી હતી. ચૂંટણી પહેલાં જ એસઆઈઆરને નામે રાજ્યના 92 લાખ મતદાતાઓના નામ જ યાદીમાંથી કાઢી નંખાયા હતા. એટલું જ નહીં, 27 લાખ જેટલા મતદાતાઓના નામ તાર્કીક રીતે વિવાદીત હોવાની શ્રેણીમાં મુકી તેઓને મતદાન કરવા દેવાયું ન હતુ. આ શ્રેણી ભારતમાં થયેલી એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન પ્રથમ વખત ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં જારી કરી હતી. જેને કારણે લાખો લોકો પાસે ભારતીય હોવાના પુરાવા હોવા છતાં તેઓ મતદાન કરી શક્યા ન હતા. મમતાના પક્ષનો દાવો છે કે, આ લોકો તેમના સમર્થક હોવાથી આમ કરાયું છે. ટીએમસીએ આક્ષેપ કર્યો હતો કે આ 'વોટ-ચોરી' છે, તેણે સુપ્રિમ કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા, પરંતુ કોર્ટ કે પંચે 27 લાખ લોકોના મતદાન અંગે કોઈ નિર્ણય લીધો ન હતો. તેથી જે બેઠકો પર રસાકસી હતી ત્યાં ટીએમસીના સમીકરણો ખોરવાઈ ગયા હતા.

આ ઉપરાંત 15 વર્ષના મમતાના શાસનથી ઉભુ થયેલું શાસક વિરોધી પરિબળ પણ ભાજપને લાભ કરાવી ગયું છે. ભાજપે પીએમ મોદી, ગૃહમંત્રી અમીત શાહ, યોગી સહિતના નેતાઓની ફોજ ખડકી દીધી હતી. દરેક સભામાં આ નેતાઓએ આરોપો મુકયા કે, મમતા બેનરજીએ પોતાનું શાસન ટકાવી રાખવા અસામાજિક તત્ત્વો અને ગુંડાઓનો ભરપૂર ઉપયોગ અત્યાર સુધી કર્યો છે. અને પોતાની ખુરશીને આંચ ન આવે તે માટે તેમણે આવા તત્વોને છાવર્યા છે. એટલું જ નહીં, ભાજપી નેતાઓએ હિંદુ- મુસ્લિમ મતોનું ધ્રુવીકરણ કરવા નફરત ફેલાવતા ભાષણોનો મારો પણ સતત ચાલુ રાખ્યો હતો. જેને કારણે મતોનું ધ્રુવીકરણ થયું હતુ. રાજકીય પંડિતોના મતે મમતાની હારના અન્ય પણ કારણો છે. જેમાં મમતાએ પોતાની નજીકના માણસોની સાચી સલાહ પણ માનવાનું બંધ કરી દેતા બાજી બગડી હતી. શુભેન્દુ અધિકારી મમતાના ખાસ હતા, પણ તેમની અવગણના થતા અંતે તે ભાજપમાં જોડાઈ ગયા હતા અને ભાજપે શુભેન્દુરૂપી તીરનો ઉપયોગ મમતાને માત આપવામાં કર્યો છે. આક્ષેપો એવા પણ છે કે, મમતાએ પોતાના જ પક્ષના લોકોને ટિકિટ આપવા ત્રણથી પાંચ કરોડ જેટલી રકમ લીધી અને આ રકમ અસામાજિક તત્ત્વોના પોષણ પાછળ વાપરી હતી. તેથી પ્રજામાં આ બાબતે પણ વ્યાપક અસંતોષ હતો. ચૂંટણીમાં ઉપમાંથી ૨૨ મંત્રીઓનો પરાજય થયો છે. ભવાનીપુરમાં મમતા બેનર્જી પોતે પણ સુભેન્દુ અધિકારી સામે પંદર હજારથી વધુ મતોથી હારી છે. એટલે તેના સમર્થકોમાં પણ તેની વિરુદ્ધનો માહોલ હોવાનો દાવો ભાજપ કરી રહ્યો છે. જો કે, આ જ બેઠક પર એસઆઈઆરમાં 45 હજાર વોટ કાપી નંખાયા છે તે બાબત પણ નોંધવા જેવી છે. ભાજપે ભલે ટીએમસીના ૪૦.૮૦ ટકા સામે ૪૫.૮૪ મત મેળવ્યા, પણ ખરો તફાવત તેની સક્ષમતામાં હતો. ટીએમસીના મતો ચોક્કસ સ્થળોએ કેન્દ્રિત રહ્યા અને બેઠક પરિવર્તનની બાબતમાં ઓછા અસરકારક સાબિત થયા છે. ટીએમસીમાં વિવિધ વિસ્તારોમાં વરિષ્ઠ નેતાગીરીનું પતન થયું છે. જેમાં અરૂપ બિશ્વાસ, બ્રાત્ય બાસુ, ચંદ્રિમા ભટ્ટાચાર્ય અને શશી પાંજા જેવા મહત્વના નેતાઓનો પરાજય થયો છે. આ બાબતે સાબિત કરી દીધું કે, આ પરિવર્તન માત્ર સ્થાનિક નહોતું. તેનો વ્યાપ વિવિધ વિસ્તારો અને વસતીઓ સુધી ફેલાયો હતો. વધુમાં કલ્યાણ યોજનાઓ એન્ટી એન્કમ્બન્સીને ડામી ન શકી. ટીએમસી શાસન મોડલ રોકડ ટ્રાન્સફર, ઓછી કિંમતના ખોરાક અને અન્ય લાભ જેવી કલ્યાણકારી યોજનાઓ પર ભારે મદાર રાખતું હતું. આવી યોજનાઓએ એક વફાદાર વર્ગ તો જાળવી રાખ્યો પણ ભ્રષ્ટાચાર, અસક્ષમતા અને જવાબદારીના અભાવ જેવી રોજિંદી ફરિયાદોનું નિરાકરણ કરવામાં નિષ્ફળતા પણ મતદારોને અસર કરનારી રહી છે. વધુમાં નીમણૂંક કૌભાંડો જાહેર જનતાના મનમાં ઘૂમરાયા કર્યા હતા. સરકારી બાબુઓ પ્રજાના પ્રશ્નો ઉકેલવાને બદલે મમતાદીદીની ચમચાગીરીમાંથી જ ઊંચા નહોતા આવતા. એટલું જ નહીં, કોઈ નાગરિક પોતાની સમસ્યા લઈને સરકારી કચેરીમાં જાય તો તેને અપમાનિત કરવામાં આવતો હતો. કોંગ્રેસ અને ડાબેરીઓના પતન પછી અહીં કોઈ સંગઠિત વિપક્ષ નહોતો. એટલે પરિવર્તન ઝંખતા મતદારો પાસે ભાજપ સિવાય કોઈ વિકલ્પ નહોતો. મમતા બેનર્જીના પરાજય પાછળ કદાચ સૌથી નિર્ણાયક અને પ્રમાણમાં નવું પરિબળ હતું શહેરી આપરાધિકરણનો વધતો વ્યાપ પણ રહ્યો છે. પશ્ચિમ બંગાળના ગ્રામીણ વિસ્તારોમાં અરાજકતા લાંબો સમયથી ચિંતાનું કારણ પહેલેથી હતી, પણ શહેરોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું સતત પતન તેમજ વિકાસની સ્થગિતતાએ ગાઢ રાજકીય અસર રચી છે. શિક્ષકોની ભરતીમાં થયેલી ગેરરીતિઓએ યુવાનોમાં ભારે રોષ પેદા કર્યો હતો. સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે સ્થાનિક નેતાઓ દ્વારા ઉઘરાવવામાં આવતા પૈસા (કટ મની)થી સામાન્ય જનતા પરેશાન હતી. કાયદો અને વ્યવસ્થા તથા આર.જી. કર મેડિકલ કેસ તાજેતરમાં કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજમાં થયેલી દુષ્કર્મ અને હત્યાની ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. સામે પક્ષે ભાજપનો આક્રમક પ્રચાર અને સંગઠન હતુ. ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સુશાસન'ના એજન્ડાએ પણ મતદારોને આકર્ષ્યા હતા.

manoj1968@yahoo. ca







# સાડીના પલ્લુમાંથી સીટો આંચકી : જગદીશ વિશ્વકર્માના નિવેદનથી વિવાદ

## ભાજપ નેતાનો વ્યવહાર અતિ અભદ્ર, ઠાકોર સમાજની દીકરી અને દલિત સમાજના નેતાનું અપમાન કર્યું : બળદેવજી ઠાકોર

**પાલનપુર**

પાલનપુરના ચડોતર ખાતે યોજાયેલા વિજય વિશ્વાસ સંમેલનમાં જગદીશ વિશ્વકર્માએ કાર્યકર્તાઓને સંબોધતા ગેનીબેન ઠાકોર અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, 'નારી વંદના અધિનિયમ અંતર્ગત તમે દેશની 70 કરોડ મહિલાઓનું જે અપમાન કર્યું છે એ બનાસની બહેનો ક્યારેય નહીં ભૂલે. દિવસોમાં આપતા માતા-બહેનોએ તમારા ગઢમાંથી તમારી સીટો તમારી સાડીના પલ્લુમાંથી આંચકી લીધી છે.'



આ વિવાદ અંગે ઋષિભારતીએ જગદીશ વિશ્વકર્માનું નામ લીધા વગર તેમના પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, 'અમુક પાર્ટીના પ્રમુખોને શું બોલવું તેનું ભાન જ નથી હોતું અને તેઓ હાથમાં સ્ક્રિપ્ટ લઈને ઈલેક્ટ્રોનિક મશીનની જેમ બડબડાટ કરતા હોય છે. કોઈ પાર્ટીનો પ્રમુખ એવું કહે કે અમે ગેનીબેનના સાડીના પાલવમાંથી અમુક સીટો ખેંચી લાવ્યા, તો આ એક નારી શક્તિના પાલવ સુધી હાથ નાખવા જેવી વાત છે. આ અત્યંત અભદ્ર વર્તણૂક છે અને તે તેમની અત્યંત નિમ્ન કક્ષાની માનસિકતા દર્શાવે છે.' વિરોધ પક્ષ દ્વારા પણ આ મુદ્દે પ્રતિક્રિયા આપવામાં આવી રહી છે. ભાજપ પ્રદેશ પ્રમુખના વિવાદિત નિવેદન મુદ્દે બળદેવજી ઠાકોરે કહ્યું કે, 'મહિલાઓના પાલવ સુધી વાત પહોંચાડવી એ ભાજપ નેતાનો અતિ અભદ્ર વ્યવહાર.' તેમણે ઠાકોર સમાજની દીકરી અને દલિત સમાજના નેતાનું અપમાન કર્યું હોવાનો આક્ષેપ કર્યો છે. ત્યારે જગદીશ વિશ્વકર્મા તાત્કાલિક જાહેરમાં માફી માંગે તેવી માગ ઉઠી છે.

# PSI પર ફોન ફેંકી હુમલો કરવા મુદ્દે મહિલા કોંગ્રેસ પ્રમુખ સહિત 3 નેતાઓ સામે FIR

થરાદમાં સાંસદ ગેનીબેન ઠાકોરના સમર્થનમાં યોજાયેલી રેલી અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમ દરમિયાન થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પોલીસ સાથે થયેલી ઝપાઝપી અને અસભ્ય વર્તનને મામલે થરાદ પોલીસે કોંગ્રેસના એક મહિલા નેતા સહિત ત્રણ અગ્રણીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે. ફરિયાદની વિગત મુજબ, જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગીતા નાઈ પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આવેદનપત્ર આપતી વખતે કલેક્ટર કચેરી ખાતે ગીતા નાઈએ PSI પી.એલ. આહીર સાથે ઉગ્ર બબાલ કરી હતી. આરોપ છે કે, ગીતા નાઈએ PSI પર હુમલો કરવાના ઈરાદે છૂટો મોબાઈલ માર્યો હતો, જે PSI ના જમણા હાથના બાવડા પર વાગતા તેમને ઈજા પહોંચી હતી.

# દેવલિયામાં 2 લાખની લેતીદેતી મુદ્દે યુવકની ધારીયા મારીને હત્યા

**સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દેવલિયા ગામે રૂપિયા બે લાખની લેતીદેતી મામલે એક યુવકની કરુણ હત્યાનો મામલો સામે આવ્યો છે. ઉછીના લીધેલા નાણાં પરત ન આપવા પડે તે માટે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને યુવકને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

વિગત મુજબ, કરણસિંહ સોલંકી નામના યુવકે આરોપીઓને રૂપિયા 2 લાખ ઉછીના આપ્યા હતા. કરણસિંહ જ્યારે પોતાના નાણાં પરત માંગતો હતો, ત્યારે આરોપીઓએ તેને રસ્તામાંથી હટાવવાનું નક્કી કર્યું હતું. રાત્રિના સમયે કરણસિંહ જ્યારે પોતાના ઘરની બહાર ખેતરમાં ખાટલામાં સૂતો હતો, ત્યારે બે શખ્સોએ હથિયારો સાથે ત્યાં પહોંચી તેના પર તૂટી પડ્યા હતા.

આરોપીઓએ અત્યંત ક્રૂરતાપૂર્વક કરણસિંહના મોઢા અને માથાના ભાગે ધારીયા અને ખાંડી જેવા તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંક્યા હતા. હુમલો એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓને કારણે કરણસિંહનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ આરોપીઓ અંધારામાં ફરાર થઈ ગયા હતા.

# વડોદરામાં દુષ્કર્મ કેસમાં આરોપીને જીવે ત્યાં સુધીની આજીવન, બીજાને ૨૦ વર્ષની સજા

## ડીએનએ રિપોર્ટમાં બાળકના પિતાની ઓળખ થઇ હતી, વળતર પેટે 7 ચૂકવવા આદેશ

**વડોદરા**

કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી માસમાં ૧૬ વર્ષ ૧૧ માસની ઉંમરની સગીરા સાવલી તાલુકાના એક ગામમાં મજૂરીનું કામ કરતી હતી, ત્યારે આરોપી રાહુલ જગદીશભાઈ ભોઈ અને તેના મિત્ર ભાવેશ રયજીભાઈ પઢીયારે તેને લાલચ આપી શારીરિક સંબંધો બાંધવાની ફરજ પાડી હતી. આ નરાધમોના સતત શોષણને કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી અને તેણે એક બાળકને જન્મ આપ્યો હતો.પોલીસે આ બનાવ અંગે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

સરકારી વકીલ સી.જી. પટેલે રજૂઆત કરી હતી કે, આ માત્ર એક શારીરિક અત્યાચાર નથી પરંતુ એક સગીરાના ભવિષ્યને કચડી નાખવાનું કૃત્ય છે. ન્યાયિક પ્રક્રિયા દરમિયાન કોર્ટ સમક્ષ કુલ ૯ જેટલા સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી અને ૨૮ જેટલા દસ્તાવેજી પુરાવાઓ ચકાસવામાં આવ્યા હતા. આ કેસમાં સૌથી નિર્ણાયક વળાંક ત્યારે આવ્યો જ્યારે વૈજ્ઞાનિક પુરાવા તરીકે રજૂ થયેલ ડી.એન.એ. રિપોર્ટમાં આરોપી રાહુલ ભોઈ નવજાત બાળકનો જૈવિક પિતા હોવાનું સાબિત થયું. ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલો તેમજ પુરાવાને ધ્યાન લઇ મુખ્ય આરોપી રાહુલ ભોઈને તેના બાકીના કુદરતી આયુષ્ય સુધી એટલે કે અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી હતી, તો આરોપી ભાવેશ પઢીયારને ૨૦ વર્ષની સખત કેદનો હુકમ કર્યો હતો. પીડિતાને રૂા. ૭,૦૦,૦૦૦ નું વળતર ચૂકવવાનો આદેશ પણ આદેશ કર્યો હતો.

# કલોલમાં સગીરા અપહરણ-દુષ્કર્મ કેસમાં કોર્ટે આરોપીને 20 વર્ષની કેદ, 2 લાખનો દંડ કર્યો

## આરોપી છત્રાલમાંથી 16 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો

**ગાંધીનગર**

મે 2025માં આરોપી રોહિતકુમાર છત્રાલ વિસ્તારમાંથી 16 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આરોપી સગીરાને હરિયાણાના ગન્નોર ખાતે લઈ ગયો હતો, જ્યાં તેણે સગીરા પર અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અત્યાચારને કારણે સગીરા ગર્ભવતી બની હોવા છતાં આરોપીએ તેનું શોષણ ચાલુ રાખ્યું હતું. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

સમગ્ર મામલે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB) અને સાયબર સેલની ટીમને તપાસ દરમિયાન ટેકનિકલ સોર્સના આધારે જાણવા મળ્યું હતું કે, આરોપી હરિયાણામાં છુપાયો છે. ત્યારબાદ પોલીસની એક ટીમ હરિયાણા પહોંચી સગીરાને મુક્ત કરાવી હતી, પરંતુ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સતત પીછો કરતી પોલીસે બિહારના રોહતાસ જિલ્લામાં સ્થાનિક વેશ ધારણ કરી છાપો માર્યો હતો અને આરોપીને તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો.

કલોલ તાલુકા પોલીસે આ કેસમાં ટેકનિકલ પુરાવા એકત્ર કરી સમયસર ચાર્જશીટ રજૂ કરી હતી અને કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી જજ બી.આર. રાજપુતે આ કડક સજા સંભળાવી હતી. જેમાં આરોપીને 20 વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.2 લાખનો દંડ ફટકાર્યો છે.

# વડોદરામાં 11મીએ PM મોદીનો રોડ-શો અને સરદાર ધામ-3નું લોકાર્પણ કરાશે

**વડોદરા**


સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. 10 અને 11 મે ના રોડ તેઓ ગુજરાત પધારી રહ્યા છે. આ દરમિયાન તેઓ 11 મે ના રોજ વડોદરામાં રોડ શો કરશે. તેમજ પાટીદારોની સંસ્થા સરદારધામ-3નું લોકાર્પણ કરશે. સરદારધામ-3નું 150 કરોડના ખર્ચે 2000 વિદ્યાર્થીઓ માટે આધુનિક હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. પાટીદાર સમાજ દ્વારા ગુજરાતમાં હાલ સુધીમાં બે ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. વડોદરામાં આ ત્રીજુ ભવન છે. પીએમ મોદીની વડોદરા મુલાકાતને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કલેક્ટર દ્વારા સરદારધામના ટ્રસ્ટીઓ સાથે બેઠક કરવામાં આવી હતી. જેમાં પાટીદાર સંસ્થા દ્વારા સરદારધામના લોકાર્પણ અંતર્ગત બનાવવામાં આવેલી 21 કમિટી અંગે કલેક્ટરને માહિતગાર કરાયા હતા. સરદારધામ દ્વારા પાર્કિંગ, સ્ટેજ મેનેજમેન્ટ, ભોજન, ટ્રાન્સપોર્ટ સહિત 21 કમિટી બનાવવામાં આવી છે. પાટીદાર સમાજ દ્વારા સમાજના દીકરા-દીકરીઓ માટે ગુજરાતમાં બે સરદારધામ કાર્યરત છે. વડોદરામાં નેશનલ હાઇ-વે નજીક આ ત્રીજુ અત્યાધુનિક ભવન બનાવાયું કરાયું છે.

# વડોદરામાં ડુપ્લીકેટ ચલણી નોટો ઘુસાડવાનું ષડયંત્ર પકડાયું

## રાજસ્થાનના સૂત્રધાર સહિત 6 ઝડપાયા, 1 ફરાર, HDFC બેન્કના મશીનમાં 20 ડુપ્લીકેટ નોટો મળી હતી

**વડોદરા**

વડોદરાના બજારમાં જાલી નોટો ફરતી કરવાના ષડયંત્રની માહિતી ગઈ તા.29મી એ વાઘોડિયા રોડની એચડીએફસી બેન્કમાં જમા થયેલી રૂ.500ના દરની 20 ડુપ્લીકેટ નોટો પરથી મળી હતી. જેમાં વલસાડના ડુંગરી ગામે રહેતા સાગર રમેશભાઈ મારૂના ખાતામાં વડોદરામાંથી રૂપિયા જમા થતા બેંક દ્વારા વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરવામાં આવી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલા ગુનાની તપાસમાં વડોદરા એસઓજી સામેલ થઈ હતી અને



જેના બેન્ક ખાતામાં રૂપિયા જમા થયા હતા તે સાગર મારૂને વાઘોડિયા રોડ ખાતે કાન્હા ડ્રીમલેન્ડના ફ્લેટમાંથી ઝડપી પાડ્યો હતો. તેના મકાનમાં તપાસ કરતા રોકડા રૂ.2.18 લાખ મળી આવ્યા હતા.

સાગરની પૂછપરછ બાદ નિસર્ગ નામનો મિત્ર નોટો આપી જતો હોવાની વિગતો ખુલતા પોલીસે મૂળ વલસાડના ધરમપુર નજીક વહીયાળ ગામના વતની અને હાલમાં વાઘોડિયા રોડ ગુરુકુળ નજીક રહેતા નિસર્ગ દિનેશભાઈ પટેલ (રહે-હાંડે જીમ બિલ્ડીંગ, વાઘોડિયા રોડ)ને ઝડપી પાડતા તેની પાસેથી રૂ.500 ની 35 ડુપ્લીકેટ નોટો મળી આવી હતી. નિસર્ગની પૂછપરછ બાદ ધનુષ હલ્લીકેરી નું નામ ખુલતા પોલીસે તેને પણ ઉપાડી લીધો હતો અને એના રૂમમાં તપાસ કરતા રૂ.500ના દરની 50 નોટો મળી આવી હતી. ત્યારબાદ પોલીસે ગેંગ માટે મદદરૂપ થતા ભાવેશ શર્મા અને તીર્થ લીખીયા પણ પકડાઈ ગયા હતા.

પોલીસની પૂછપરછ બાદ સમગ્ર પ્રકરણનું પગેરું રાજસ્થાન પહોંચ્યું હતું અને બે મુખ્ય સૂત્રધારના નામ ખુલ્યા હતા. જેથી પોલીસની એક ટીમ તાબડતોબ રાજસ્થાન પહોંચી હતી અને બે સૂત્રધાર પૈકી અક્ષય સાવરલાલ ગોયલ (રહે-અમરીકા બાડીયા, કૃષિ મંડી રોડ, બ્યાવર, રાજસ્થાન) ઝડપાઈ ગયો હતો. જ્યારે મનોહર ઉર્ફે મુન્નો ગુજર ભાગી છુટતા તેની શોધખોળ હાથ ધરાઈ છે.

# પાદરા નગર નાગરિક સહકારી બેંકના પ્રમુખ પદે સંજય પટેલ બિનહરીફ

**અમરેલી**

પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડના પ્રમુખ તરીકે સંજયભાઈ રસિકભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે કરણસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ તથા મેનેજિંગ ડિરેક્ટર તરીકે સુનિલભાઈ ચંદ્રકાંત ગાંધી સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થતા બેંક પરિવારમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડની યોજાયેલી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સમર્થિત બેંક હિતરક્ષક પેનલના તમામ ઉમેદવારોનો વિજય થયો હતો. બેંકના કુલ 15 ડિરેક્ટર પદ માટે ચૂંટણી યોજાઈ હતી.

# સુરતની SBI લૂંટનો પ્લાન કુંદન ભગતે બિહારની જેલમાંથી ઘડ્યો

## ગુનામાં સામેલ 3 આરોપી પોલીસના સકંજામાં, બેંકમાંથી 50 લાખની સનસનીખેજ લૂંટના કેસમાં નવો ખુલાસો થયો



**સુરત**

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા(SBI) ની શાખામાં થયેલી રૂ.50 લાખની સનસનીખેજ લૂંટના કેસમાં નવો ખુલાસો થયો છે. લૂંટના તાર બિહાર જેલ સુધી જોડાયા હોવાનું જણાય છે. બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉરમાં બંધ લૂંટના માસ્ટરમાઈન્ડ કુંદન કુમાર ઉર્ફે કુંદન ભગત ખાસ એપના માધ્યમથી જેલમાંથી ગેંગના સભ્યોના સંપર્કમાં રહેતો અને સુરતની બેંકને ટાર્ગેટ બનાવીને લૂંટને અંજામ આપ્યું હતું. કુખ્યાત આરોપી કુંદનને રિમાન્ડ અર્થે સુરત લાવવા માટે પોલીસની ટીમ બિહાર રવાના થઈ છે.

સુરત SBI લૂંટ કેસની તપાસમાં દેહરાદૂનમાં 12 કરોડની રિલાયન્સ જ્વેલરી લૂંટના કુખ્યાત આરોપી કુંદન ભગતની સંડોવણી સામે આવી છે. લૂંટના માસ્ટરમાઈન્ડ કુંદન ભગતે જેલમાં રહીને તેના સાગરીતો દ્વારા ઘટનાને અંજામ આપ્યું હતું. આ ગેંગના બે આરોપી શુભમ અને વિલકાસને પોલીસ દ્વારા ઉત્તરપ્રદેશથી સુરત લાવવામાં આવ્યા છે.

પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, જેલમાં બંધ કુંદન ખાસ એપના માધ્યમથી લૂંટારૂઓને સૂચના આપતો હતો. ટ્રાન્ઝિટ રિમાન્ડ માટે આરોપી કુંદનને સુરત લાવવા પોલીસની ટીમ બિહાર રવાના થઈ છે.

પોલીસ તપાસ અનુસાર, સુરત મનપાની ચૂંટણીના સમયે લૂંટારૂઓએ ઘટનાને અંજામ આપવાનો પ્લાન ઘડ્યો હતો. આમ ચૂંટણી દરમિયાન પોલીસ ઓછી હોવાનો મોકો જોઈને આરોપી લૂંટ કરીને ભાગી છૂટ્યા હતા. લૂંટારૂઓએ સુરતની અંદાજે 10 બેંકની રેકી કરી હતી. સુરતમાં SBI બેંકમાંથી રૂ.50 લાખની લૂંટ થવાના મામલે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઉત્તરપ્રદેશના અયોધ્યા અને ગોંડા વિસ્તારમાંથી આરોપી શુભમ કુમાર ઠાકુર અને વિકાસ સિંઘ નામના બે આરોપીની ધરપકડ કરી હતી.

# સુરતના પરિવારને ગોધરા નજીક અકસ્માત થતાં 3 સભ્યોના મોત

## પુત્રીને ગંભીર ઈજાઓ થતાં આબાદ બચાવ થયો હતો

**ગોધરા**

ગોધરાના ભાટપુરા ગામ નજીક સર્જાયો હતો. સુરતથી કાર મારફતે પોતાના વતન મુડાવડેખ જઈ રહેલો આ પરિવાર જ્યારે ભાટપુરા પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેમની કાર કોઈ અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ કરુણ ઘટનામાં માતા, પિતા અને પુત્રનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે પરિવારની પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચી છે, જોકે તેનો આબાદ બચાવ થયો છે. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઘટનાની જાણ થતા જ વેજલપુર પોલીસનો કાફલો અકસ્માત સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અજાણ્યા વાહન ચાલકની શોધખોળ માટે પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સુરતથી વતન જઈ રહેલા પરિવારને કાળ આંબી જતાં સગા-સંબંધીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# સુરતમાં રોગચાળો વકર્યો, બાળક સહિત 3નાં મોતથી ફફડાટ, સિવિલમાં દર્દીઓની લાઈન

## પાણીજન્ય-મચ્છરજન્ય રોગચાળા વધતાં તાવ, કમળો-ઝાડા-ઉલ્ટીના કેસ વધ્યા

**સુરત**

ગરમીનો પ્રકોપ વધવાની સાથે સુરતમાં રોગચાળો વકર્યો છે. બાળક સહિત 3નાં મોતથી ફફડાટ ફેલાયો છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાઈન લાગી છે. મળતી વિગત પ્રમાણે, શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. તાવ, કમળો અને ઝાડા-ઉલ્ટીના કેસમાં ઉછાળો આવ્યો છે. જેના કારણે એક બાળક સહિત ત્રણ લોકોનાં મૃત્યુ થતાં તંત્રમાં હડકંપ મચ્યો છે.

લિંબાયત વિસ્તારમાં 5 વર્ષના બાળકે ટૂંકી માંદગી બાદ જીવ ગુમાવ્યો હતો. આ ઘટનાને પગલે શ્રમિક પરિવાર પર આભ ફાટી પડ્યું છે. લિંબાયત સ્થિત પ્રતાપનગરમાં રહેતા નાજીન સૈયદ ચાની દુકાનમાં નોકરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો 5 વર્ષનો પુત્ર હસનેન, જે આંગણવાડીમાં અભ્યાસ કરતો હતો, તેને ગત સોમવારે સાંજે અચાનક તીવ્ર તાવ આવ્યો હતો અને ત્યારબાદ ઝાડા શરૂ થઈ ગયા હતા. બાળકની તબિયત બગડતા પરિવારે તાત્કાલિક હોસ્પિટલ જવાને બદલે નજીકની મેડિકલ સ્ટોરમાંથી દવા લાવીને આપી હતી.

મંગળવારે વહેલી સવારે હસનેનની સ્થિતિ વધુ ગંભીર બની હતી. પરિવાર તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો, પરંતુ કમનસીબે ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. નાજીન સૈયદનો હસનેન એકનો એક પુત્ર હતો. બીજી તરફ વેડરોડ રહેતા અને કલરકામ કરતાં યુવકનું પણ કમળાથી મોત થયું હતું.

# સુરતમાં ગેરકાયદે ગર્ભપાતના રેકેટનો પર્દાફાશ ફાર્માસિસ્ટની ધરપકડ, આખી હોસ્પિટલ સીલ

## જેલમાંથી છૂટ્યા બાદ સુધરવાને બદલે મમતા હોસ્પિટલના નામે નવી હાટડી ખોલી

**સુરત**

સુરતના વરાછા વિસ્તારમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ભ્રૂણ હત્યાનું નેટવર્ક ફરી એકવાર ધમધમતું થયું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વરાછા રોડ પર આવેલી મમતા મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ પર આરોગ્ય વિભાગે દરોડા પાડીને આ આખા ગોરખધંધાનો પર્દાફાશ કર્યો છે. આરોગ્ય વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરતા મમતા હોસ્પિટલને સંપૂર્ણપણે સીલ મારી દીધું છે.



આ સમગ્ર રેકેટનો મુખ્ય સૂત્રધાર રામ ગોપાલ ખંડેલવાલ છે, જે પોતે કોઈ ક્વોલિફાઈડ ડોક્ટર નથી પરંતુ માત્ર એક ફાર્માસિસ્ટ છે. રામગોપાલ વર્ષ 2025માં પણ વરાછાની શિવાય હોસ્પિટલમાં ગેરકાયદે ગર્ભપાત કરાવતા ઝડપાઈ ચૂક્યો હતો. જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ તેણે જરાય સુધરવાને બદલે મમતા હોસ્પિટલના નામે નવી હાટડી ખોલી દીધી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલની ટીમે જ્યારે હોસ્પિટલના પહેલા અને બીજા માળે ઓચિંતી રેડ પાડી ત્યારે ત્યાં અફરાતફરી મચી ગઈ હતી. તપાસ દરમિયાન સ્થળ પરથી ગેરકાયદે ગર્ભપાત કરાવવા આવેલી ત્રણ સગર્ભા મહિલાઓ મળી આવી હતી. હોસ્પિટલમાં સફાઈ કામ કરતી મહિલાએ કબૂલાત કરી કે રામગોપાલ ખંડેલવાલ પોતે જ અહીં મહિલાઓના ઓપરેશનો કરતો હતો.

# કાગવડ બાદ સુરતના અંત્રોલીમાં 40 વીઘામાં બનશે ભવ્ય ખોડલધામ સંકુલ

**સુરત**

સૌરાષ્ટ્રના કાગવડ બાદ હવે સુરતની ધરા પર પણ ભવ્ય ખોડલધામ સંકુલ સાકાર થવા જઈ રહ્યું છે. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ દ્વારા સુરતના અંટ્રોલી ખાતે ખોડલધામ સંકુલ બનાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ સંકુલ અંદાજે 40 વીઘા જેટલી વિશાળ જમીનમાં નિર્માણ પામશે, જે દક્ષિણ ગુજરાતના પાટીદાર સમાજ માટે આસ્થા અને સંગઠનનું એક નવું કેન્દ્ર બનશે. આ પ્રોજેક્ટની ખાસ વાત એ છે કે, સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને પાટીદાર અગ્રણી મુકેશ પટેલે આ સંકુલમાં ભવ્ય મંદિર બનાવવાની જાહેરાત કરી છે. ખોડલધામ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સેવાયજ્ઞમાં મુકેશ પટેલનો સહયોગ મળતા સમાજમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

નરેશ પટેલે જણાવ્યું હતું કે, આ સંકુલ માત્ર આસ્થાનું કેન્દ્ર નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓનું પણ હબ બનશે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં વસતા લાખો પાટીદાર પરિવારોને આ સંકુલના નિર્માણથી પૂજા-અર્ચના તેમજ સામાજિક કાર્યો માટે સ્થાનિક સ્તરે મોટી સુવિધા પ્રાપ્ત થશે. આગામી સમયમાં આ સંકુલના નિર્માણની કામગીરી વેગવંત બનશે.

# પિતાનું નિધન, માતાને કેન્સર છતાં સુરતમાં ધોરણ 10ના ધર્મ, હેમાંગે A1 ગ્રેડ મેળવ્યો

**સુરત**

ભક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલના કોશિયા ધર્મ ગૌતમભાઈએ કપરી પરિસ્થિતિમાં A1 ગ્રેડ મેળવ્યો છે. ધર્મના પરિવારે નવું ઘર લીધું હતું, જેના ત્રીજા માળે જાળી સાફ કરતી વખતે તેના પિતાનો પગ લપસતા તેઓ પટકાયા હતા અને તેમનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. સ્કૂલના કેમ્પસ ડાયરેક્ટર રમાબેન પદમાણીએ ભારે હૈયે ધર્મની કહાની જણાવી હતી. અકસ્માત થયો ત્યારે ધર્મની ધોરણ 10 ની પરીક્ષાઓ ચાલી રહી હતી. એક તરફ પિતાની અર્થી ઉઠી હતી અને બીજી તરફ ભવિષ્યની પરીક્ષા હતી. ધર્મની માતા પણ બીમારીથી પીડાય છે. આવી સ્થિતિમાં ભાંગી પડવાને બદલે ધર્મે હિંમત રાખી પરીક્ષા આપી. ધર્મે જણાવ્યું કે, "મારા પિતાનું સપનું હતું કે હું A1 ગ્રેડ લાવું, આજે મેં તેમનું સપનું પૂરું કર્યું છે." હાલ તેની મોટી બહેન કોલેજની સાથે નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે.

હેમાંગ રામાણી નામના વિદ્યાર્થીની સંઘર્ષગાથા પણ પ્રેરણાદાયી છે. હેમાંગ જ્યારે બોર્ડની પરીક્ષાની તૈયારી કરતો હતો, ત્યારે જ તેની માતાને કેન્સર જેવી ગંભીર બીમારી હોવાનું જાણવા મળ્યું. પરીક્ષાના ગાળામાં જ માતાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઘરમાં બીમારીને કારણે મહેમાનોની અવરજવર અને માતાની સેવાની જવાબદારી વચ્ચે પણ હેમાંગે મન મક્કમ રાખીને અભ્યાસ ચાલુ રાખ્યો અને A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો.

# રાંદેરમાં વ્યાજખોરોએ લોન ચૂકવી દીધી છતાં તબીબને ડરાવીને 7 લાખના ચેક પડાવી લીધા

## વ્યાજખોરે તબીબને ચપ્પુ બતાવીને રોકડા 5 હજાર પણ લઈ લીધા

**સુરત**

રાંદેર વિસ્તારમાં વ્યાજે લીધેલા પૈસાની પતાવટના નામે તબીબને ચપ્પુ બતાવી રોકડ અને ચેક લખાવી લેવામાં આવ્યા છે. ભોગ બનનાર તબીબે આરોપીઓ પાસેથી 2.50 લાખની રકમ લીધી હતી.

શહેરના રાંદેર વિસ્તારમાં એક તબીબ વ્યાજખોરોની જાળમાં ફસાયા હોવાની અને ત્યારબાદ તેમની સાથે લૂંટ થઈ હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. વ્યાજે લીધેલા પૈસાની પતાવટના નામે તબીબને ચપ્પુ બતાવી રોકડ અને ચેક લખાવી લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભોગ બનનાર તબીબે આરોપીઓ પાસેથી 2.50 લાખની રકમ લીધી હતી. આ રકમ પેટે તબીબે 2.17 લાખ જેટલી માતબર રકમ પરત પણ ચૂકવી દીધી હતી. આમ છતાં, વ્યાજખોરોની લાલચ અટકી નહોતી અને તેઓ બાકીના નાણાં માટે તબીબ પર દબાણ બનાવી રહ્યા હતા. રાંદેર વિસ્તારમાં વ્યાજખોરોએ તબીબને આંતરીને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ તબીબ પાસેથી 5,000 રોકડા અને બળજબરીપૂર્વક 7 લાખની કિંમતના ચેક પર સહી કરાવી ચેક લખાવી લીધા હતા.

# જગદીશ વિશ્વકર્મા વંદે માતરમના રચયિતાનું નામ ખોટું લેતાં વિવાદ

## ગાંધીનગર કમલમ ખાતે જીતની ઉજવણી વેળા બફાટ

**ગાંધીનગર**

તાજેતરમાં પાંચ રાજ્યોની ચૂંટણી પરિણામોમાં મળેલી જીતની ઉજવણી ગાંધીનગર સ્થિત પ્રદેશ કાર્યાલય ‘કમલમ’ ખાતે કરવામાં આવી રહી હતી. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના નેતા જગદીશ વિશ્વકર્માએ પોતાના સંબોધન દરમિયાન એક મોટો ભાંગરો વાટ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ‘બંગાળના મહાન સપૂત રવિન્દ્રનાથ ટાગોરે વર્ષો પહેલા વંદે માતરમ્’ની રચના કરી હતી. જોકે હકીકતમાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની રચના બંકિમચંદ્ર ચેટર્જીએ કરી હતી, પરંતુ રાજ્યના ટોચના નેતાઓની હાજરીમાં જાહેરમાં આ ખોટી માહિતી આપી હતી.

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ પર આકરા પ્રહાર કરતાં કોંગ્રેસ નેતા હેમાંગ રાવલે જણાવ્યું કે, ‘સૌપ્રથમ તો જગદીશ વિશ્વકર્મા પાસેથી વારંવાર આવા બફાટની જનતા અપેક્ષા જ રાખી રહી છે, એટલે આ કોઈ નવી વાત નથી. ભૂતકાળમાં પણ તેમની બોલવાની શૈલી પર ઘણાં વિવેચનો થયા છે. મુખ્ય વાત એ છે કે, જે ભાજપ સમગ્ર દેશમાં ‘વંદે માતરમ્’ ગીત પર રાજનીતિ કરતી હોય, તેના ગુજરાતના પ્રમુખ જગદીશભાઈને એ જ નથી ખબર કે તેની રચના કોણે કરી હતી. તેમણે મુખ્યમંત્રી સાથે પ્રેસ કોન્ફરન્સમાં એવું કહી દીધું કે ‘વંદે માતરમ્’ની રચના રવિન્દ્રનાથ ટાગોરે કરી હતી. હકીકતમાં, બંકિમચંદ્ર ચેટર્જીએ 1870માં આ ગીતની રચના કરી હતી અને 1882માં તેને પ્રથમવાર આનંદ મઠમાં ઉમેરવામાં આવ્યું હતું.’ દેશની આઝાદીના લડવૈયાઓનું સીધું અપમાન ગણાવતાં હેમાંગ રાવલે જણાવ્યું કે, ‘મને લાગે છે કે આ વંદે માતરમ્ અને સમગ્ર દેશની આઝાદીના લડવૈયાઓનું સીધું અપમાન છે. જોકે, ભારતીય જનતા પક્ષના પ્રમુખને આટલું સામાન્ય જ્ઞાન ન હોય તે સ્વાભાવિક છે.

# વડોદરામાં કોટણા બીચ પર બે યુવકોના ડૂબવાથી મોત

**ગોંડલ**

વડોદરાના મિત્રોનું એક ગ્રુપ રવિવારની રજા માણવા કે ટ્રીપના ભાગરૂપે કોટણા બીચ પર ગયું હતું. સવારના સમયે યુવકો નદીના પાણીમાં ઉતરીને મોજ-મસ્તી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક 2 યુવકો નદીના ઊંડા ધરામાં ખેંચાઈ ગયા હતા. મિત્રોને ડૂબતા જોઈ અન્ય સાથીઓએ બૂમાબૂમ કરી મૂકી હતી, જેના પગલે આસપાસના સ્થાનિક તરવૈયાઓ મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વડીવાડી ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાઓની કલાકોની જહેમત બાદ બંને યુવકોના મૃતદેહ નજીકમાંથી જ મળી આવ્યા હતા. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મૃતક યુવકોમાં કૃષ્ણા રાજપૂત (ઉમર 22 વર્ષ, રહે. દાંડિયા બજાર પ્રકાશ યુવક મંડળ પાસે), જય જોગલેકર (ઉમર 23 વર્ષ, રહે. કારેલીબાગ, વડોદરા)નો સમાવેશ થાય છે.

# ગોંડલમાં રાતમાં પાંચ સ્થળે ત્રાટકેલા શિકલીગર ગેંગના બે સભ્યો ઝડપાયા

## બે ચોરો બાઇક પર જઇ ત્રણ મકાનમાં ત્રાટક્યા હતા

**રાજકોટ**

ગોંડલ શહેરમાં એક જ રાતમાં બે વાહનની ચોરી કરી તેની ઉપર બેસી ત્રણ મકાનમાં ત્રાટકી તરખાટ મચાવનાર શિકલીગર ગેંગના બે સભ્યો નાનકસિંગ ઉર્ફે કુલદીપસિંગ બલ્લેસિંગ ટાંક (ઉ.વ.૪૫, રહે. ભેસ્તાન, ભીંડી બજાર, સુરત) અને જશબીરસિંગ ઉર્ફે જગવીરસિંગ રાજેશસિંગ ટાંક (ઉ.વ.૨૫, રહે. સ્વામિનારાયણ ગુરુકુળ પાસે, વંથલી)ને એલસીબીએ ઝડપી લીધા હતા. બંને આરોપીઓ ઝાયલો કાર લઈ ગોંડલ આવ્યા બાદ કારને હાઈવે પર અવાવરૂ જગ્યાએ પાર્ક કરી નજીકમાં આવેલા વિસ્તારોમાંથી બે બાઈકની ચોરી કરી હતી. આ ચોરાઉ બાઈક ઉપર જઈ ગોંડલથી ગુંદાળા રોડ પર વ્રજવાટિકા એપાર્ટમેન્ટમાં રહેતા ટ્રાન્સપોર્ટર રાજદીપભાઈ નંદલાલભાઈ ઉજીયાના મકાનમાં ત્રાટકી કબાટમાંથી રૂા.૬ લાખનાં સોના-ચાંદીના દાગીના અને રૂા.૧ લાખની રોકડ રકમ ચોરી ગયા હતા.

આ ઉપરાંત અન્ય બે મકાનોમાં પણ ત્રાટક્યા હતા પરંતુ સફળતા મળી ન હતી. એક મકાનમાં વૃદ્ધા જાગી જતાં ભાગી ગયા હતા. ચોરી કર્યા બાદ બંને બાઈક રેઢા મુકી ઝાયલો કારમાં સુરત જતા રહ્યા હતા. એલસીબીએ તપાસમાં ઝુંકાવી સીસીટીવી ફુટેજનાં આધારે બંને આરોપીઓની ઓળખ મેળવી ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી ઝાયલો કાર, બે ચોરાઉ બાઈક, મોબાઈલ ફોન, રોકડ રકમ, ડીસમીસ, લોખંડનો સળીયો વગેરે કબજે કર્યો હતો. એલસીબીના સુત્રોએ જણાવ્યું કે, બંને આરોપીઓ રીઢા ઘરફોડીયા છે. એટલું જ નહીં લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. આરોપી નાનકસિંગ સામે રાજ્યભરમાં ચોરી સહિતનાં ૩૦થી વધુ ગુના નોંધાયા છે. મોટાભાગનાં ગુના સુરત અને તેની આસપાસનાં વિસ્તારનાં છે. પાસાની હવા પણ ખાઈ આવ્યો છે. બીજા આરોપી જશબીરસિંગ વિરુદ્ધ પણ ચોરી સહિતનાં ડઝનથી વધુ ગુના નોંધાયા છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# તાલાલામાં બબાલ : પક્ષપલટો રોકવા વિજેતા ઉમેદવારોને ઈષ્ટદેવના સોગંદ લેવડાવી દીધા

## પોતાના સભ્યોને તૂટતા બચાવવા આપે એક અનોખો અને વ્યૂહાત્મક માર્ગ અપનાવ્યો

**તાલાલા**

તાલાલા તાલુકા પંચાયતમાં ભાજપની ૯ બેઠકો, આમ આદમી પાર્ટી (AAP)ની 07 બેઠકો અને કોંગ્રેસની 02 બેઠકો છે. ત્યારે કોઈ પણ પક્ષ પાસે બહુમતીનો આંકડો ન હોવાથી પક્ષપલટો થવાની પૂરેપૂરી શક્યતાઓને જોતા 'આપ' સક્રિય થઈ છે. આમ આદમી પાર્ટીએ પોતાના સાતેય વિજેતા ઉમેદવારો પાસે પક્ષપલટો ન કરવા માટે તેમના ઈષ્ટદેવના સોગંદ લેવડાવ્યા છે. આ સમગ્ર પ્રક્રિયાના વીડિયો પણ બનાવવામાં આવ્યા છે.

ઉમેદવારે પોતાના ઈષ્ટદેવના સોગંદ ખાધા હોવાથી જો તેઓ પક્ષપલટો કરે તો મતદારો અને સમાજમાં તેમની છબી ખરડાઈ શકે છે અને રાજકીય કારકિર્દી ખતમ થવાનો ડર રહે છે. આવા વીડિયો સોશિયલ મીડિયા પર જાહેર કરીને પાર્ટી લોકોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરી રહી છે. જો કોઈ ઉમેદવાર પક્ષપલટો કરશે, તો પાર્ટી કોર્ટનો સહારો લઈને તેમનું સભ્યપદ રદ કરાવવા સુધીની કાર્યવાહી કરશે.

તાજેતરમાં બોરસદ નગરપાલિકામાં ભાજપ દ્વારા સત્તા મેળવવા માટે AIMIMના ઉમેદવારનું સમર્થન લેવામાં આવ્યું હોવાની ઘટના બની હતી. તાલાલામાં ત્યારે પોતાના સભ્યોને તૂટતા બચાવવા માટે આમ આદમી પાર્ટીએ એક અનોખો અને વ્યૂહાત્મક માર્ગ અપનાવ્યો છે. હાલ તો તાલાલામાં આ 'સોગંદનામા' ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. હવે જોવાનું એ રહેશે કે આ પવિત્ર સોગંદ રાજકીય પ્રલોભનો સામે કેટલા ટકી શકે છે.

# પોરબંદરમાં 12 વર્ષના સગીરે 4 વર્ષની બાળકીને પીંખી નાંખતાં લોકોમાં રોષ

**પોરબંદર**

પોરબંદરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક અને શરમજનક ઘટના સામે આવી છે. પાડોશમાં જ રહેતા એક 12 વર્ષીય સગીરે માત્ર 4 વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે.

આ આઘાતજનક કિસ્સો ઉદ્યોગનગર પોલીસ મથકની હદમાં આવતા એક રહેણાંક વિસ્તારમાં બન્યો હતો. બાળકી જ્યારે તેના ઘર પાસે રમી રહી હતી, ત્યારે પાડોશમાં રહેતા 12 વર્ષીય સગીરે તેને શિકાર બનાવી દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. ઘટના બાદ બાળકીની તબિયત લથડતા પરિવારને આ બાબતની જાણ થઈ હતી. આ મામલે પરિવારજનોએ તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધતા મામલો ગંભીર બન્યો હતો.

ઘટનાની ગંભીરતાને સમજીને ઉદ્યોગનગર પોલીસે તાત્કાલિક ધોરણે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બાળકીને તાત્કાલિક ધોરણે સારવાર અને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આરોપી કિશોર વયનો હોવાથી પોલીસ દ્વારા 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' હેઠળ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલામાં પુત્રનું અપહરણ થતું બચાવવા વચ્ચે પડેલી માતા પર કાર ચડાવી હત્યા

## મહિલા સહિત 7 ઝડપાયા, 9 સામે ફરિયાદ નોંધાઈ

**અમરેલી**

રાજુલાના પીપાવાવ પોર્ટ ચોકડી પાસે આવેલા એક પેટ્રોલ પંપ નજીક આ ઘટના બની હતી. આરોપીઓએ જાહેરમાં પ્રેમી યુવક ભાવેશ ભીલને આંતરીને તેનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. પુત્રને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી બચાવવા જ્યારે તેની 50 વર્ષીય માતા જીતુબહેન ભીલ વચ્ચે પડી, ત્યારે બેફામ બનેલા આરોપીઓએ તેના પર કાર ચડાવી દીધી હતી. ગંભીર ઈજાઓને કારણે જીતુબહેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ મરીન પીપાવાવ પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે અપહરણકર્તાઓનો પીછો કરીને ફિલ્મી ઢબે યુવક ભાવેશને આરોપીઓની ચુંગાલમાંથી છોડાવ્યો હતો. આ મામલે મરીન પીપાવાવ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કુલ ૯ આરોપીઓ સામે હત્યા અને અપહરણ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ત્રણ મહિલા સહિત સાતની ધરપકડ કરવા કરાઈ હતી.

# વેરાવળમાં ડેપ્યુટી કલેક્ટર હોવાનું કહીને 97 લોકો પાસેથી રૂપિયા 24 લાખ ખંખેરી લીધા

## પૂર્વ પ્રમુખ સહિતના લોકોને સરકારી ખરાબાની જમીન અપાવી દેવાના બહાને જાળ બીછાવી

**વેરાવળ**

ભીડીયા કોળી સમાજના પૂર્વ પટેલ રમેશભાઈ બારૈયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૧માં ભીડીયા પ્લોટ વિસ્તારના નવાપરામાં રહેતા કોળી સમાજના લોકોના મકાનો સરકારી ખરાબાની જમીન પર હોવાથી તેને રેગ્યુલર કરાવવા માટે સમાજમાં ચર્ચાઓ થતી હતી. દરમિયાન તેમના પરિચિત નાનુદાદાએ જૂનાગઢના અશોકભાઈ પંડયાનો સંપર્ક કરાવ્યો હતો. જેણે પોતે ડેપ્યુટી કલેક્ટર હોવાનું જણાવી સરકારી સ્કીમ હેઠળ પ્લોટ રેગ્યુલર કરાવી આપવાની ખાતરી આપી હતી. જો કે તેણે શરત મૂકી હતી કે ૨૦ બાય ૨૦ના પ્લોટ રેગ્યુલર કરાવવા માટે ફાઈલ દીઠ રૂ.૨૫,૦૦૦ ખર્ચ થશે. તેની વાતમાં આવી જઈને રમેશભાઈ સહિત સમાજના ૯૭ લોકોએ પોતાના આધારકાર્ડ, લાઈટબીલ અને હાઉસ ટેક્સની પહોંચ સાથે ફાઈલો તૈયાર કરી હતી. બાદમાં ઓગસ્ટ ૨૦૨૧માં આરોપી અશોક પંડયા વેરાવળ ખાતે સમાજની ઓફિસે આવ્યો હતો અને આગેવાનોની હાજરીમાં કુલ રૂ.૨૪.૨૫ લાખ રોકડા સ્વીકારી એકાદ વર્ષમાં કામ પૂરું કરવાની ખાતરી આપી હતી. પરંતુ આરોપીએ વેરાવળ આવીને કામ પૂરું કરવાના બહાને વધુ રૂ.૨૫ લાખની માંગણી કરી ત્યારે લોકોને શંકા ગઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે તે કોઈ સરકારી અધિકારી નથી, પરંતુ એક ભેજાબાજ ઠગ છે. આખરે પીડિતોએ પોલીસના દ્વાર ખખડાવ્યા હતા.

# રાજકોટમાં રૂપિયા 3.50 લાખની લાંચમાં નિવૃત પીઆઈને બે વર્ષની સખત કેદની સજા

## મોટામવાના સરપંચની હત્યામાં એક શખ્સનું નામ નહીં ખોલાવવા લાંચ માગી હતી

**રાજકોટ**

મોટામવા ગામના સરપંચ મયુર શિંગાળાની હત્યાના ગુનામાં નામચીન આરોપી રમેશ રાણા મકવાણાનું નામ નહીં ખોલાવવા બદલ રૂ.૩.૫૦ લાખની લાંચ લેવાના કેસમાં પકડાયેલા રાજકોટ તાલુકા પોલીસ મથકનાં તત્કાલીન પીઆઈ અને હાલ નિવૃત સી.પી.ગોસાઈ (ઉ.વ.૭૨)ને ખાસ અદાલતનાં જજ વી.એ.રાણાએ તકસીરવાન ઠરાવી બે વર્ષની સખત કેદની સજા, ૧૦ હજારનો દંડ ભરવાનો હુકમ કર્યો છે.

ગઈ તા.૧૮-૧૧-૨૦૦૯નાં રોજ મયુરભાઈની હત્યા થઈ હતી. જેમાં નામચીન રમેશ રાણાની પણ સંડોવણી હોવાની રજૂઆત થતા તાલુકા પોલીસ મથકનાં તત્કાલીન પીઆઈ ચંદુલાલ પુજગર ગોસાઈએ તેને બોલાવી તેનું નામ નહીં ખોલાવવા માટે રૂ.૧૫ લાખની લાંચ માગી હતી. રકઝકનાં અંતે રૂ.૩.૫૦ લાખમાં સોદો કર્યો હતો. જેમાંથી રૂ.૨ લાખ ટ્રેપના દિવસે સવારે લઈ લીધા હતા.

બાકીના રૂ.૧.૫૦ લાખ આપતા પૂર્વે ફરિયાદી રમેશ રાણાએ એસીબીમાં ફરિયાદ કરતાં તત્કાલીન પીઆઈ કે.બી. ઝાલાએ પીઆઈ ગોસાઈને તેની ચેમ્બરમાંથી રૂ.૧.૫૦ લાખની લાંચ લેતા ઝડપી લીધા હતા. લાંચની રકમ પીઆઈ ગોસાઈએ ફરિયાદી રમેશ રાણા પાસેથી લઈ પોતાના ટેબલ પર રાખી દીધી હતી. તે સાથે જ એસીબીની ટીમે તેને ઝડપી લીધા હતા. આ કેસ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી તેની ૭૨ વર્ષની ઉંમરને ધ્યાનમાં લઈ બે વર્ષની સખત કેદની સજા ફરમાવી હતી.

# ભાજપના કાર્યકરે ગટર યોજનામાં કરોડોના ભ્રષ્ટાચારનો ભાંડો ફોડ્યો

**જૂનાગઢ**


શહેરમાં ભાજપના કાર્યકરે ગટર યોજનામાં કરોડોના ભ્રષ્ટાચારનો ભાંડો ફોડતાં ચકચાર મચી ગઈ હતી. જૂનાગઢ મનપાના 450 કરોડના ગટર પ્રોજેક્ટમાં 150 કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. જૂનાગઢમાં ભાજપના જ કાર્યકર નરેશભાઈ ડવે RTI દ્વારા કરેલા ખુલાસામાં ભૂગર્ભ ગટરના કામમાં કરોડોનું કૌભાંડ બહાર આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

તપાસમાં સામે આવ્યું કે મોરબી, મહેસાણા અને વિજાપુરની પેઢીઓના નામે નકલી બિલો રજૂ કરવામાં આવ્યા હતા. આ પેઢીના માલિકોએ પણ સ્વીકાર્યું છે કે તેમણે કોઈ માલ સપ્લાય કર્યો નથી અને આ બિલ તેમના નથી. વોટર વર્કસ શાખાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી જીએસટી વગરના બોગસ બિલો બનાવી સરકારી નાણાંનો વ્યય કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. ફરિયાદ મુજબ પોલીસ આને મનપાનો આંતરિક વિષય ગણાવી રહી છે, જ્યારે કમિશનર લેખિત ફરિયાદ ન મળી હોવાનું કહી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, જે કંપની પર દેખરેખની જવાબદારી હતી તેને જ તપાસ સોંપવામાં આવી છે.

**ગયા મહિને રાજસ્થાનથી ઈંડુ લાવ્યા, એક બચ્ચું જન્મ્યુ પણ સુરક્ષાના અભાવે પ્રાણીઓ તેને ખાઈ ગયા**

# અબડાસાના ઘાસિયા મેદાનોમાં ફરી ઘોરાડનો કલરવ ગુંજશે લુપ્તપ્રાય પ્રજાતિને બચાવવા માટે વનવિભાગનો અનોખો પ્લાન

**કચ્છ**



દુર્લભ ઘોરાડના બચ્ચાનો શિકાર થયા બાદ, વન વિભાગ હવે વધુ સુરક્ષા અને વ્યવસ્થિત આયોજન સાથે રાજસ્થાનથી નવું બચ્ચું લાવવાની તૈયારી કરી રહ્યું છે. ગુજરાત હવે પડોશી રાજ્ય રાજસ્થાનથી બીજું ઈંડું લાવવાનું આયોજન કરી રહ્યું છે, જ્યાં આ લુપ્તપ્રાય પ્રજાતિની વસ્તી આશરે 100 જેટલી છે. ગયા મહિને રાજસ્થાનથી એક ફળદ્રુપ ઈંડું લાવીને ગુજરાતમાં કુદરતી માળામાં મૂકવામાં આવ્યું હતું. તેમાંથી બચ્ચું પણ જન્મ્યું હતું, પરંતુ સુરક્ષાના અભાવે શિકારી પ્રાણીઓ તેને ખાઈ ગયા હતા. હવે કચ્છમાં સંપૂર્ણ સુરક્ષિત એન્ક્લોઝર બનાવવામાં આવી રહ્યા છે. આ વિસ્તારમાંથી રખડતા કૂતરાઓ અને અન્ય શિકારી પ્રાણીઓને દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. વન વિભાગ આ વિસ્તારમાંથી ગાંડા બાવળ દૂર કરશે અને ઘાસની ઊંચાઈ જાળવી રાખવા ચરાણ પર નિયંત્રણ મુકશે. ઘોરાડના બચ્ચાને કુદરતી રક્ષણ મળી રહે તે માટે આ પગલું લેવાશે. આ ઉપરાંત, વીજળીની લાઈનો અન્ડરગ્રાઉન્ડ કરવાની કામગીરી પણ હાથ ધરાશે. અબડાસાના ઘાસિયા મેદાનોમાં લગભગ એક દાયકાના લાંબા અંતરાલ બાદ જન્મેલું અતિ દુર્લભ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ)નું બચ્ચું ભેદી સંજોગોમાં ગુમ થતાં વનવિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

આથી 'જમ્પ-સ્ટાર્ટ' કન્ઝર્વેશન ટેકનિક હેઠળ રાજસ્થાનથી આશરે 770 કિલોમીટરનું અંતર કાપી પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં ઈંડું નલિયા ખાતે લાવવામાં આવ્યું હતું.

# જામનગરમાં બોલાચાલીમાં બે પિતરાઈ ભાઈઓ પર હુમલો, ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો

**જામનગર**

તા.03/05/2026ના રોજ રાત્રે 11.30 વાગ્યે સ્મશાન ચોકડી પાસે સ્ટાર એવન્યુ એપાર્ટમેન્ટ સામે નવા બનેલા ઓવરબ્રિજ નીચે ફરિયાદી ઓમ સંજયભાઈ ચૌહાણ પોતાના પિતરાઈ મનોજભાઈ ચૌહાણ અને અંકિત ચૌહાણ સાથે કારમાં બેઠા હતા. દરમિયાન સામાન્ય બાબતે બોલાચાલી થતાં આરોપી પ્રવીણભાઈ માતંગ તથા બે અજાણ્યા ઈસમોએ હુમલો કર્યો હતો. આરોપીઓએ પહેલા ફરિયાદીને ગાળો આપી ઝાપટ મારી ઈજા પહોંચાડી હતી. બાદમાં અન્ય બે શખ્સો ત્યાં આવી પહોંચતા એક આરોપીએ ધોકા વડે ફરિયાદીના માથામાં ઘા મારી ટાંકાની ઈજા પહોંચાડી હતી. વચ્ચે છોડાવવા ગયેલા મનોજભાઈ ચૌહાણને પણ પથ્થર મારી ઈજા પહોંચાડવામાં આવી હતી.



## 3 ઇડિયટની સીક્વલ માટે વિક્કી કૌશલનું નામ ચર્ચામાં

મુંબઈ : 'થ્રી ઇડિયટસ'ની સીક્વલ માટે વિક્કી કૌશલનો સંપર્ક સાધવામાં આવ્યો હોવાની ચર્ચા છે. આમ આ સીક્વલમાં વાસ્તવમાં ત્રણને બદલે ચાર હિરો હોઈ શકે છે. ૨૦૦૯માં રીલિઝ થયેલી મૂળ ફિલ્મમાં આમિર ખાન સાથે માધવન તથા શર્મન જોશીએ ભૂમિકાઓ ભજવી હતી. જોકે, વિક્કીએ ફાઈનલ સંમતિ આપી દીધી છે કે કેમ તે હજુ અસ્પષ્ટ છે. તાજેતરના અહેવાલો અનુસાર વિક્કી પોતાનાં આગામી દોઢ વર્ષની સળંગ તારીખો 'મહાવતાર' ફિલ્મ માટે આપી ચૂક્યો છે. તે માટે તેણે પોતાનો લૂક્સ પણ બદલ્યો છે. આ સંજોગોમાં તે આ રોલ સ્વીકારશે કે કેમ તે વિશે મતમતાંતર છે.



## જાહ્નવી અને શાહિદ પહેલીવાર સાથે કામ કરે તેવી શક્યતા



મુંબઈ : શાહિદ કપૂર અને જાહ્નવી કપૂર એક રોમ કોમમાં સાથે કામ કરે તેવી શક્યતા છે. 'બધાઈ હો'ના ડિરેક્ટર અમિત શર્માએ તેમને એક ફિલ્મની ઓફર કરી છે. આ પ્રોજેક્ટ આગળ વધશે તો ફિલ્મી પડદે પહેલીવાર શાહિદ અને જાહ્નવીનુ કોલબરેશન જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી એક્શન ફિલ્મો કરી રહેલો શાહિદ લાંબા સમયથી એક હળવા સબ્જેકટની શોધમાં હતો. બીજી તરફ જાહ્નવી પણ બોલિવુડમાં કારકિર્દી સ્થિર થાય તેવી કોઈ સારી ફિલ્મ શોધી રહી છે. અમિત શર્માના પ્લાનિંગ પ્રમાણે ફિલ્મનું શૂટિંગ આગામી ઓક્ટોબરમાં શરુ થવાનું છે. હાલ ફિલ્મની સપોર્ટિંગ કાસ્ટને ફાઈનલ થઈ રહી છે. આ ફિલ્મને આવતાં વર્ષના મધ્યમાં રીલિઝ કરાશે.

## ટોક્સિકમાં ઈન્ટીમેટ દ્રશ્યો હટાવ્યાનો કિયારાનો ઈનકાર



મુંબઈ : કિયારા અડવાણીએ પોતે યશ સાથેની ફિલ્મ 'ટોક્સિક'માં કેટલાક ઈન્ટીમેટ દ્રશ્યો કઢાવી નાખ્યાં હોવાની વાતને નકારી કાઢી છે. કિયારાએ આ અફવાને નર્યો બકવાસ ગણાવી છે. એવી વાત વહેતી થઈ હતી કે કિયારા ફિલ્મમાં ઈન્ટીમેટ સીન આપવા તૈયાર થઈ હતી. પરંતુ, ફાઈનલ કટ જોયા પછી તે ભડકી ગઈ હતી અને તેણે યશને કેટલાંક દ્રશ્યો કાઢી નાખવા કહ્યું હતું. હવે કિયારાએ પોતે જ આ વાત નકારતાં સમગ્ર વિવાદ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર છે પરંતુ તેની રીલિઝ વારંવાર મોકૂફ થઈ રહી છે. પહેલાં ગત માર્ચમાં અને બાદમાં આગામી જૂનમાં રીલિઝ કરવાની જાહેરાત થઈ હતી. હવે નવી રીલિઝ તારીખની રાહ જોવાઈ રહી છે.

## 'હવે આઈટમ સોન્ગ નહીં કરું...' નોરા ફતેહીએ 'સરકે ચુનર' ગીતના વિવાદ વચ્ચે NCW સમક્ષ માફી માગી



મુંબઈ : રાષ્ટ્રીય મહિલા આયોગે વિવાદાસ્પદ આઈટમ સોન્ગ 'સરકે ચુનરી તેરી'ના કેસની આજે ફરી સુનાવણી હાથ ધરી હતી. અગાઉ બોલિવૂડ સુપરસ્ટાર સંજય હાજર થયો હતો, જોકે નોરા હાજર થઈ ન હતી. જોકે હવે નોરાએ આજે આયોગ સમક્ષ હાજર થઈને લેખીતમાં માફી માંગી લીધી છે. નોરાએ એવું પણ કહ્યું છે કે, હવે તે આઈટમ સોન્ગ નહીં કરે. નોરાએ આયોગને લેખીતમાં ખાતરી આપી છે કે, હવેથી તે સમાજની કોઈપણ મહિલાઓ અંગે ખોટો મેસેજ ન જાય તે માટે આવા કોઈપણ પ્રકારના આઈટમ સોન્ગ નહીં કરે. નોરાએ આયોગની ઓફિસમાંથી બહાર નીકળીને કહ્યું કે, 'મેં આયોગન સમક્ષ લેખિત માફી માંગી છે. કોઈની પણ ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો મારો કોઈ ઈરાદો ન હતો.' નોરાએ કેટલાક અનાથ બાળકોનો ખર્ચ ઉઠાવવાની પણ આયોગને ખાતરી આપી છે. મહિલા આયોગે નોરા ફતેહીને નોટિસ ફટકારી હોવા છતાં 6 એપ્રિલની સુનાવણીમાં નોરાના બદલે તેના વકીલ હાજર થયા હતા. આયોગે વકીલને નોરાને જ હાજર થવાનો આદેશ આપ્યો હતો. આયોગે સ્પષ્ટ કહ્યું છે કે, નોરાએ જ પેનલ સામે હાજર થવું પડશે અને તે માટે તેને છેલ્લી તક અપાઈ હતી. જોકે હવે નોરાએ આજે હાજર થઈને માફી માંગી લીધી છે. વાંધાજનક સોન્ગ મામલે અગાઉ 27 એપ્રિલે સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન સંજય દત્ત હાજર થયો હતો, પરંતુ નોરા ફતેહી (Nora Fatehi) આવી ન હતી. સંજયે પણ આયોગ સમક્ષ હાજર થઈને ઘટનાને ગંભીરતાથી લઈને માફી માંગી છે. આ ઉપરાંત અભિનેતાએ પહેલ કરીને 50 આદિવાસી બાળકીઓના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી છે. આયોગે વિવાદાસ્પદ ગીતમાં અશ્લિલતાને લઈને કડક વલણ અપનાવ્યું છે, ત્યારબાદ સંજય દત્તે તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)એ રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ-1990 હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને 'સરકે ચુનર' ગીતમાં અશ્લીલતા અને અભદ્રતાના આરોપો અંગે સબંધિત મીડિયા અહેવાલો પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું.

## પ્રિયંકાની વારાણસીનું શુટિંગ પાણીનાં વાંકે અટકી પડયું


મુંબઈ : એસ એસ રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'ના શૂટિંગમાં અચાનક વિધ્દન આવ્યું છે.

હાલ આ ફિલ્મનું શૂટિંગ હૈદરાબાદમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન તેમને ફિલ્મના એક દ્રશ્ય માટે ૧૫૦ ટેન્કર પાણીની જરૂરિયાત હતી. તેથી તેમણે હૈદરાબાદના મેટ્રોપોલિટન વોટર સપ્લાઈ એન્ડ સીવેજ બોર્ડને ફિલ્મના શૂટિંગ માટે ૧૫૦ ટેન્કર પાણી આપવા માગણી કરી હતી. શહેરની બહારના એક સ્થળે માટેના




સેટ પર પાણીની અંદરના દ્રશ્યને ફિલ્માવવા માટે પાણી જોઈતું હોવાનું જણાવાયું હતું.

જોકે, બોર્ડે હાલની ગરમીનું કારણ આગળ ધરીને પાણી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે કહ્યુ હતું કે, અત્યારે ઉનાળામાં પાણીની માંગ વધી છે ત્યારે સ્થાનિક લોકો માટે પાણીનો પુરવઠો જાળવી રાખવો જરૂરી છે. જેથી તે બિનજરૂરી કામો માટે આટલા ટેન્કર આપી શકે એમ નથી. પરિણામે પ્રિયંકા તથા મહેશબાબુની ફિલ્મનું શૂટિંગ હાલ અટક્યું છે.



## સ્કાર્લેટ જોહાન્સન : મહિલાઓ માટે હોલિવુડ હજુય કપરું છે

સ્કાર્લેટ જોહાન્સને તાજેતરમાં ૨૦૦૦ના દાયકાના પૂર્વાર્ધમાં હોલિવુડમાં કામ કરતી યુવા મહિલાને થતા અનુભવો વિશે પોતાના બેબાક મતવ્યો રજૂ કર્યા હતા. 'લોસ્ટ ઈન ટ્રાન્સલેશન' અને 'ગર્લ વિથ એ પર્લ ઈયરીંગ'માં પ્રશંસનીય પરફોર્મન્સથી પ્રસિદ્ધિ પામેલી જોહાન્સન ટૂંક સમયમાં નોંધપાત્ર ઊંડાણ ધરાવતી પરફોર્મર તરીકે સ્થાપિત થઈ ગઈ. શરુઆતમાં એને ઓફર થતાં પાત્રો મોટાભાગે 'પરસ્ત્રી' અથવા 'આકર્ષક લલના' પ્રકારના જ રહેતા, જેમાં ભાગ્યે જ કશુંય ઊંડાણ જોવા મળતું. જોહાન્સન સ્પષ્ટતા કરે છે કે આવા ટાઈપકાસ્ટિંગમાં તેને એક કલાકાર તરીકે પોતાની ક્ષમતા પૂર્ણ રીતે દર્શાવવાની તક નહોતી મળતી. તીવ્ર સ્પર્ધા અને અનિશ્ચિતતા માટે પ્રખ્યાત ફિલ્મ ઉદ્યોગમાં જોહાન્સન તકો ગુમાવવાના સતત ભયને યાદ કરે છે. આ તક છેલ્લી હોઈ શકે એવી ચિંતા ઘણીવાર રચનાત્મક સંતોષ ન મળતો હોય તો પણ ઓફર સ્વીકારવા પ્રેરે છે. જોકે સમય જતા જોહાન્સને પોતાની કલામાં તેમજ ઉદ્યોગમાં પોતાના સ્થાન પર વિશ્વાસ રાખીને રોલની પસંદગીમાં વધુ તકેદારી રાખવાનું શરૂ કર્યું. જોહાન્સન નોંધે છે કે થિયેટરે તેનામાં વિનમ્રતા અને રચનાત્મક સ્વતંત્રતાની લાગણી જન્માવી જેનાથી તે ટાઈપકાસ્ટિંગ અને છબી આધારીત અપેક્ષાઓથી પર થઈને ભાવના આધારીત પરફોર્મન્સ આપવા સક્ષમ બની. નિયંત્રિત ટાઈપકાસ્ટ રોલથી વધુ રચનાત્મક સંતોષકારક તકો સુધીની તેની સફરમાં જોહાન્સનના ઉદ્યોગ પ્રત્યેના દ્રષ્ટિકોણમાં મોટુ પરિવર્તન આવ્યું છે તે હકીકત છે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### ઉપગ્રહો નષ્ટ કરવાની ટેક્નોલોજી માનવ સમુદાય માટે જોખમી

# આકાશમાં ઈજારાશાહીની હોડ, વિશ્વને ફરી ખતરો

ઓફબીટ
ધવલ શુક્લ

છેલ્લા ઘણા સમયથી અવકાશમાં ઉપગ્રહો નષ્ટ કરવાની ટેક્નોલોજી કેટલાક દેશો દ્વારા વિકસાવવામાં આવી રહી હોવાની ચર્ચાઓ છે. તેના કારણે જ દુનિયાની નજર તે તરફ જઈ રહી છે. અવકાશમાં જે યુદ્ધ થશે તેની અસર વ્યાપક અને દૂરોગામી હશે. માત્ર એક સેટેલાઈટ તોડી પાડવામાં આવે તો તે માત્ર સાધન તોડી પાડવા જેવું નથી, જો ઉપગ્રહો તોડી પાડવામાં આવશે તો તેનો કાટમાળ અવકાશમાં જ અત્યંત ઝડપથી ફર્યા કરશે અને તેની ભ્રમણકક્ષામાં આવનારા અન્ય ઉપગ્રહોને પણ નુકસાન પહોંચાડશે. આ એક એવું વિષચક્ર છે જે શરૂ થયા બાદ ક્યારેય અટકશે નહીં. અંતરિક્ષ જોતજોતામાં એક જ દાયકામાં નષ્ટ થયેલા ઉપગ્રહોના કાટમાળનું ડમ્પયાર્ડ બની જશે.



અવકાશમાં થનારા દરેક નુકસાનની અસર પૃથ્વી ઉપર સીધી જ દેખાવાની છે. ઉપગ્રહો તૂટી પડે તો જીપીએસ (GPS) નષ્ટ થઈ જશે. આ ઉપરાંત હવાઈ જહાજો રસ્તો ભટકી જાય, દરિયામાં જહાજો પોતાના નિયત સ્થાને પહોંચી ન શકે અને ઈમર્જન્સી સેવાઓ પણ ખોરવાઈ જવાનો ભય છે. હોસ્પિટલના સાધનો, બેન્કિંગ સિસ્ટમ અને વ્યવસ્થાપન તંત્ર પણ ખોરવાઈ જાય તેમ છે. આ કોઈ એક દેશ કે પ્રદેશની સમસ્યા નથી પણ સમગ્ર માનવજાત માટે આ સમસ્યા ઊભી થાય તેમ છે.

આજના યુદ્ધ ઉપર જ નજર કરીએ તો તે સરહદે ઊભેલા સૈનિકો કરતા અવકાશમાં બે હજાર કિ.મી. ઉપર રહેલા ઉપગ્રહો અને તેની સાથે જોડાયેલા રોકેટ અને મિસાઈલો ઉપર વધારે આધાર રાખે છે. આ ઉપગ્રહો દુનિયાભરની કામગીરીઓની નોંધ લે છે અને ઓટોમેટિક વેપન્સ તેનો ઉપયોગ કરે છે. સૈન્ય રણનીતિઓથી માંડીને મિસાઈલો અને ડ્રોન હુમલા સુધી બધું જ ધીમે ધીમે ઓટોમેટિક થઈ રહ્યું છે. આ તમામના ડેટા અને માર્ગદર્શન માટે અવકાશમાંથી નજર કરવામાં આવી રહી છે. અવકાશમાં રહેલા સેટેલાઈટ્સ દ્વારા તમામ બાબતો ઉપર કન્ટ્રોલ અને કમાન્ડ કરવામાં આવી રહ્યો છે.

આ એક જ એવી બાબત છે જે ભવિષ્યમાં અંતરિક્ષમાં યુદ્ધના પડઘમ લાવી શકે છે. જો એક વખત અવકાશમાં યુદ્ધની શરૂઆત થઈ તો સમગ્ર માનવજાત ઉપર તેની ગંભીર અને લાંબાગાળાની અસર પડશે.

અવકાશમાં જે યુદ્ધ થશે તેની અસર વ્યાપક અને દૂરોગામી હશે. માત્ર એક સેટેલાઈટ તોડી પાડવામાં આવે તો તે માત્ર સાધન તોડી પાડવા જેવું નથી. તેની સાથે સંકળાયેલું સમગ્ર માળખું તૂટી પડે છે. તેની સાથે જોડાયેલું માનવજીવન પણ વેરવિખેર થઈ જાય છે. હાલમાં જો થોડા સમય માટે પણ ફોનનું નેટવર્ક આવતું નથી કે પછી ડેટા બંધ થઈ જાય છે તો આપણે બેબાકળા થઈ જઈએ છીએ. હવે જો ઈન્ટરનેટ કાયમી બંધ થઈ જાય તો આપણી શું પરિસ્થિતિ થાય? અવકાશમાં થનારા દરેક નુકસાનની અસર પૃથ્વી ઉપર સીધી જ દેખાવાની છે. તે વખતે પૃથ્વી ઉપર એક ગોળી ચલાવ્યા વગર પણ માનવજાતને નર્કની અનુભૂતિ કરાવી શકાય છે.

અવકાશમાં થતા હુમલા કે યુદ્ધની અસર સમગ્ર વિશ્વને ભોગવવાની આવશે. તેના દ્વારા વૈશ્વિક અર્થતંત્રના પાયા હચમચી જશે. હાલમાં દુનિયામાં ચાલી રહેલું ડિજિટલ તંત્ર માત્ર એક સુવિધા નથી પણ આર્થિક જીવન, સામાજિક જીવન અને માનવજીવનનો પ્રાણ છે. બેન્કિંગ સિસ્ટમ, ઓનલાઈન વ્યવહારો, શેરબજાર, ઈન્ટરનેશનલ વેપાર, ઈમર્જન્સી સેવાઓ, ઈ-કોમર્સ સેવાઓ અને અભ્યાસ તથા બીજી ઘણી સેવાઓ દરરોજ ઉપગ્રહો આધારિત જ ચાલે છે. હવે તેની માહિતી આવતી બંધ થઈ જાય તેની સાથે જ તમામ માળખા પત્તાના મહેલની જેમ ધ્વસ્ત થઈ જાય તેમ છે.

હાલ દુનિયાભરના વેપાર અને ઉદ્યોગો ક્રિપ્ટો કરન્સી તરફ આગળ વધી રહ્યા છે. તે ઉપરાંત રિયલ ટાઈમ ગ્લોબલ ટ્રેડિંગ જેવી વ્યવસ્થાઓ આકાર લઈ રહી છે. આ સંજોગોમાં અંતરિક્ષ યુદ્ધ આ માળખું નષ્ટ કરી દે તેમ છે. તે ઉપરાંત પોર્ટ, એરપોર્ટ અને અન્ય જગ્યાઓના કામકાજ રોકાઈ જાય તેમ છે. જરૂરી વસ્તુઓની અછત સર્જાવા લાગે. તે ઉપરાંત રોજગારી અને મોંઘવારી પણ મોટાપાયે વધી જાય તેમ છે. જાણકારો માને છે કે, ગમે ત્યારે અવકાશમાં યુદ્ધ થવાના એંધાણ છે. જે દિવસે આ યુદ્ધ થશે ત્યારે કોઈ શોરબકોર નહીં થાય પણ પૃથ્વી ઉપર બધું જ પડી ભાંગશે અને અર્થતંત્ર, સમાજતંત્ર અને કદાચ એમ કહીએ કે માનવ અસ્તિત્વ કાટમાળ જેવું થઈ જશે.

હાલમાં યુદ્ધનો જે માહોલ છે તેમાં તો હવે પરમાણુ ઠેકાણાઓ પણ સુરક્ષિત નથી. જે સ્થાનો ઉપર હુમલા કરવાની મનાઈ હતી, આજે તેને જ તોડી પાડવા લોકો આકરા થઈ રહ્યા છે. રશિયા અને યુક્રેન યુદ્ધમાં તેની અસર જોવા મળી જ હતી. તે ઉપરાંત અમેરિકાએ પણ ઈરાનના ન્યૂક્લિયર પ્રોજેક્ટ તોડી પાડવાના ભરપૂર પ્રયાસ કર્યા જ છે. રશિયા આજે પણ કહે છે કે, યુક્રેનનું સૌથી મોટું ન્યૂક્લિયર રિએક્ટર તેના ટાર્ગેટ ઉપર છે. હવે જો તેને નુકસાન કરવામાં આવે તો માત્ર યુક્રેન નહીં પણ સમગ્ર યુરોપમાં તેની ઘાતક અસરો થાય તેમ છે.

દુનિયાની મહાસત્તાઓ પોતાનો દબદબો જાળવવા માટે મર્યાદાની લક્ષ્મણરેખાઓ ઓળંગી રહી છે. આ સંજોગોમાં ભવિષ્યમાં તો અવકાશમાં જઈને પણ હુમલા કરી શકે છે.

માત્ર રોકેટ કે મિસાઈલ દ્વારા હુમલા જ તેવું જરૂરી નથી. અવકાશમાં સાયબર યુદ્ધ પણ થઈ શકે છે. દેશો દ્વારા એકબીજા ઉપર સાયબર હુમલા કરીને સમગ્ર ઉપગ્રહ અને તેની સિસ્ટમને હેક કરવામાં કે ખરાબ કરવામાં આવી શકે છે. થોડા સમય પહેલાં અમેરિકાની પરમાણુ એજન્સીઓમાં હેકિંગનો પ્રયાસ અને તે ઉપરાંત વૈશ્વિક ધોરણે પણ ઘણી કંપનીઓની સિસ્ટમ હેક કરીને તેમના પર કરાયેલા રેન્સમવેર હુમલા એ વાતની સાબિતી છે. હવે માત્ર બોમ્બ નાખવા કે રોકેટ મારવા સુધી જ યુદ્ધ રહ્યું નથી. સાયબર એટેક દ્વારા પણ સમગ્ર માળખાને ધ્વસ્ત કરી જ શકાય છે. અવકાશી યુદ્ધ શરૂ થશે ત્યારે પરિણામ માત્ર માનવજાતના વિનાશનું આવશે.

દુનિયામાં જે રીતે આક્રમકતા વધી રહી છે અને એકબીજાને દબાવવાની કે પોતાનો દબદબો બનાવવાની હોડ જામી છે તેને કારણે સ્થિતિ વધારે તંગ થઈ છે. તેમાંય ચીન અને અમેરિકા જેવા દેશો તો અવકાશમાં પણ પોતાનું આધિપત્ય સ્થાપવા મરણીયા થઈ ચૂક્યા છે. ચંદ્ર ઉપર સમાનવ અભિયાન હોય કે મંગળ ઉપર જવાનું અભિયાન હોય કે પછી અવકાશમાં સ્પેસ સ્ટેશન બનાવવાની વાત હોય, હાલમાં બંને દેશો એકબીજાને પછાડવા મથી રહ્યા છે. હવે જો આ સ્પર્ધા ક્યાંક દુશ્મની કે કટ્ટરતામાં પરિણમી તો તેની અસર ભયાનક હશે. હાલમાં પણ સમગ્ર વિશ્વ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગ, વારંવાર સાયબર એટેક, યુદ્ધ અને હવામાનમાં અકલ્પનીય ફેરફારોએ સંકટ ઉભુ કર્યું જ છે. ત્યાં અવકાશમાં યુદ્ધ વધારે મોટી ખાનાખરાબી સર્જી શકે છે. અંતરિક્ષમાં જ કોઈ ઉપગ્રહ તોડી પાડવામાં આવે કે તેના ઉપર સાયબર હુમલો કરવામાં આવે અને તેને નિષ્ક્રિય બનાવી દેવામાં આવે તો તેનાથી પણ મોટું નુકસાન થઈ શકે છે. કુદરતી આપત્તિઓની ચેતવણી મળશે નહીં, વાવાઝોડાની સમજ મળશે નહીં, વરસાદ, શિયાળો કે ઉનાળો કેવો રહેશે તેની કોઈ માહિતી નહીં મળે. તે ઉપરાંત શિક્ષણ, જીપીએસ, વાહનવ્યવહાર અને કોમ્યુનિકેશન સિસ્ટમ ઠપ થઈ જશે. આ એક મોટું નૈતિક સંકટ બની શકે છે.

**નષ્ટ થયેલા સેટેલાઈટ્સનો કાટમાળ પૃથ્વીની સુરક્ષા માટે ‘ટાઈમ બોમ્બ’ સમાન છે. વળી, ઉપગ્રહ નષ્ટ થતા જ પૃથ્વી પર જીપીએસ, બેન્કિંગ અને ઈમરજન્સી સેવા ખોરવાઈ જશે અને માનવજીવન પર વ્યાપક અસર વર્તાશે**

# વાંકાચૂકા અંગો, લકવો અને નિષ્ક્રિયતાની સમસ્યાઓ

## હાડકાના ટીબીની સમયસર સારવાર માટે લક્ષણો ઓળખવા ખૂબ જ આવશ્યક બાબત છે. તેને રોકવા માટે, સ્વસ્થ જીવનશૈલી જાળવવી મહત્વપૂર્ણ



મોટાભાગના લોકો ફેફસાના ટીબીથી વાકેફ હોવા છતાં હાડકાના ટીબી વિશે ઓછી જાગૃતિ છે. ટીબી અથવા ટ્યુબરક્યુલોસિસ એક ગંભીર ચેપી રોગ છે. તે માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ બેક્ટેરિયાથી થાય છે. બેક્ટેરિયા લોહીના પ્રવાહ દ્વારા હાડકાં સુધી પહોંચે છે. સૌથી મોટી સમસ્યા એ છે કે લોકો ઘણીવાર સારવારમાં વિલંબ કરે છે. હાડકાના ટીબીના લક્ષણોને ઘણીવાર સામાન્ય દુખાવો અથવા સ્નાયુઓની જડતા સમજી લેવામાં આવે છે, જેના કારણે લાંબા સમય સુધી પેઈનકિલરનો ઉપયોગ થાય છે. જો હાડકાનો ટીબી આગળ વધે છે, તો તે હાડકાની ગંભીર નબળાઈ અને હાડકાનો સડો તરફ દોરી શકે છે. આનાથી વાંકાચૂકા અંગો, લકવો અને નિષ્ક્રિયતા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

### હાડકાના ટીબીના કારણો

ફોર્ટિસ એસ્કોર્ટ્સ બોન એન્ડ જોઈન્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઓખલા, નવી દિલ્હીના ડિરેક્ટર ડૉ. કૌશલ કાન્ત મિશ્રા કહે છે કે હાડકા અથવા સાંધાનો ટીબી ત્યારે જ થાય છે જ્યારે તમારી રોગપ્રતિકારક શક્તિ ખૂબ નબળી પડી જાય છે. ટ્યુબરક્યુલોસિસના કારણો નબળા પોષણ અને રોગપ્રતિકારક શક્તિ છે, સાથે સ્વસ્થ જીવનશૈલીનો અભાવ પણ છે. જોકે હાડકા અથવા સાંધામાં ક્ષય રોગ ભાગ્યે જ જોવા મળે છે, તેના લક્ષણો પર ધ્યાન આપવું જોઈએ.

### સારવારમાં વિલંબ ન કરો

ડૉ. કૌશલ કાન્ત મિશ્રા કહે છે કે જો કોઈ પણ કારણોસર શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય, તો ક્ષય રોગ શરીરના કોઈપણ ભાગમાં ફેલાઈ શકે છે. તેવી જ રીતે, તે હાડકાંને પણ અસર કરી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે હાડકાના ટીબીનું નિદાન ઘણીવાર ખૂબ મોડું થાય છે અને ઘણીવાર ખોટી રીતે સારવાર કરવામાં આવે છે. તેઓ કહે છે કે હાડકાના ટીબીની સારવાર 9 મહિનાથી 1.5 વર્ષ સુધી ચાલી શકે છે. જે સુધારાની ડિગ્રી પર આધાર રાખે છે.

### હાડકાના ટીબીના લક્ષણો

1. પ્રતિબંધિત હલનચલન, એટલે કે સાંધા ખસેડતી વખતે સતત જડતાની લાગણી.

2. ચોક્કસ સાંધા અથવા હાડકાના વિસ્તારમાં સોજો, જડતા અને શરદીનો દુખાવો

3. સામાન્ય લક્ષણોમાં હળવો તાવ, રાત્રે પરસેવો, વજન ઘટવું અને ભૂખ ન લાગવી સામેલ છે.

4. કરોડરજ્જુના ટીબીથી કમરનો દુખાવો, નબળાઈ, નિષ્ક્રિયતા અને નર્વસ સિસ્ટમમાં સમસ્યાઓ થઈ શકે છે.

### તેને કેવી રીતે અટકાવવી?

હાડકાના ટીબીની સમયસર સારવાર માટે લક્ષણો ઓળખવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેને રોકવા માટે, સ્વસ્થ જીવનશૈલી જાળવવી મહત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, સારી રોગપ્રતિકારક શક્તિ જાળવવા અને તમારા શરીરને આવશ્યક વિટામિન્સ અને ખનિજો મળે તે સુનિશ્ચિત કરવા માટે પૌષ્ટિક ખોરાક ખાવો. વધુમાં, સ્વસ્થ સાંધા અને હાડકાં જાળવવા માટે હળવા ખેંચાણનો અભ્યાસ કરવો જોઈએ.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

## ખાસ સામાન્ય સભામાં લોકશાહી ઢબે પ્રશ્નોત્તરી બાદ ઐતિહાસિક નિર્ણય

# ગુજરાતી સિનિયર સમાજના નવા બંધારણને સર્વાનુમતે મંજૂરી

**મિસિસાગા**

મિસિસાગા : ગુજરાતી સિનિયર સમાજ ઓફ મિસિસાગાની ખાસ સામાન્ય સભા સ્ટીફન લેવિસ સેકન્ડરી સ્કૂલ, થોમસ સ્ટ્રીટ, મિસિસાગાના ઓડિટોરિયમ હોલમાં મે ૦૩, ૨૦૨૬ના રોજ ઈલાબેન દેવાણીના નેજા હેઠળ યોજાઈ હતી. બેઠકમાં સૌને આવકાર્યા બાદ સંચાલકો તરફથી સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. બેઠકમાં કુલ ૩૨૮ સભ્યોની મોટી હાજરી રહી હતી. બેઠકની શરૂઆત હંમેશની માફક પ્રભુ પ્રાર્થનાથી અરુણાબેન મહેતા દ્વારા થયા બાદ તેમણે માતૃવંદના ગીત રજૂ કર્યું હતું. બેઠક અગાઉથી જાહેર થયા મુજબ ખાસ સાધારણ સભા માટે સંચાલક મંડળના સૌ સભ્યોએ સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યું હતું. સભાના સંચાલન માટે સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોધિયાને ખાસ સાધારણ સભામાં અધ્યક્ષ બનવાનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો. મહિન્દ્રભાઈએ હાજર સૌનો આભાર માની સભા ચાલુ કરી હતી. ખાસ સાધારણ સભા GSSMના જૂના બંધારણમાં અગાઉ ચર્ચાયેલા મુદ્દાઓ પર કેટલીક અગત્યની જોગવાઈઓ સાથે નવેસરથી તૈયાર કરવામાં આવેલા સુધારા-વધારા માટે મળેલા સૂચનો રજૂ કર્યા હતા. જે અંગે સંચાલક મંડળ દ્વારા સભ્યોને માહિતગાર કરી મંજૂરી મેળવાઈ હતી. ચર્ચા દરમિયાન ઉપસ્થિત તમામ મુદ્દાઓ પર મહિન્દ્રભાઈ ગોધિયા તથા સંચાલક મંડળના સભ્યો દ્વારા જરૂરી ખુલાસા સહિત જવાબ રજૂ કરવામાં આવ્યા હતા. છેવટે સભાના અધ્યક્ષ અને સમાજના પ્રમુખે નવા બંધારણને મંજૂરી આપવા સભામાં હાજર સૌને વિનંતી કરી હતી. સમાજના જૂના અને જાણીતા સભ્યો રમણીકભાઈ શાહ, બિપીનભાઈ પટેલ, પ્રકાશભાઈ શાહ, રજનીભાઈ પટેલ અને વીરેન્દ્રભાઈ ભટ્ટે બંધારણના સંયોજકો બની કાર્યવાહી સંભાળી, પ્રશ્નોત્તરી દરમિયાન તેમજ સભ્યોની સહમતિ અને અસહમતિ અંગેની અગત્યની સંખ્યાની ગણતરી કરવાની વ્યવસ્થા સંભાળી હતી. અંતે નવા બંધારણ અને તેના સાથેના જોડાણ-1ને સર્વાનુમતે મંજૂર કરાયું હતુ







ત્યારબાદ હંમેશની માફક બોલીફિટનો આનંદ અને મે માસમાં જન્મેલ સભ્યોને સ્ટેજ પર આવવા આહ્વાન કરી સમાજના જૂના સ્વયંસેવક વનિતાબેન મિસ્ત્રીના હસ્તે શુભેચ્છા કાર્ડ આપી તેમજ બર્થ ડે સોંગ ગાઈ ઉજવણી કરાઈ હતી. જ્યારે સુધાબેન પચમટીયા દિગ્દર્શિત રામાયણ આધારિત નાટીકાની સુંદર રજૂઆત થઈ હતી. કલાકારો પૈકી રામના પાત્ર ભજવનાર સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોધિયાએ નાટકની તૈયારી માટે સુધાબેનનો ખૂબ આભાર માન્યો હતો. સમાજના ખજાનચીએ તેમનો અહેવાલ રજૂ કરી દાનની રકમ જાહેર કરી હતી. ત્યારબાદ નીતિનભાઈ અમીને સ્ટેજ પર આવીને ગત માસમાં દિવંગત થયેલા જયંતીભાઈ મીઠિયાને શ્રદ્ધાંજલિ આપી જણાવ્યું કે, તેઓ સમાજના અગ્રણી હતા. તેઓ સાથે મારી મિત્રતાને કારણે સમાજના હિતની વાત વિચારતા હતા. વધુમાં જયંતીભાઈએ સમાજને મળતા દાન અંગે દર બે વર્ષે બહાર પાડવામાં આવતા સોવેનિયરમાં દાતાના નામ સહિત ઋણ સ્વીકાર કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી. જે પછી સ્વાદિષ્ટ ભોજનનો લહાવો સભ્યોએ લીધો હતો.

### લોકશાહી ઢબે પ્રશ્નોત્તરી બાદ નવા બંધારણનો સ્વીકાર; રામાયણ નાટિકા અને માતૃવંદનાના સથવારે વડીલોએ માણ્યો ઉત્સવ, દિવંગત અગ્રણીને શ્રદ્ધાંજલિ અપાયા બાદ સભ્યોના જન્મદિવસની હર્ષભેર ઉજવણી

# કેનેડાના PR નિયમોમાં મોટા ફેરફારથી ભારતીયોને થશે અસર, હવે EOI પ્રોફાઈલ માત્ર 12 મહિના માન્ય

**ટોરોન્ટો**

નોવા સ્કોટિયા પ્રાંતે ઈમિગ્રેશન સિસ્ટમમાં ફેરફાર કરતાં PR પ્રક્રિયા સાથે જોડાયેલા ઉમેદવારો માટે નવા નિયમો લાગુ કર્યા છે. એનાથી ભારતીયો પર મોટી અસર થશે. નોવા સ્કોટિયા નોમિની પ્રોગ્રામ (NSNP) હેઠળ હવે એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ (EOI) પ્રોફાઈલ અનિશ્ચિત સમય સુધી માન્ય નહીં રહે, પરંતુ તેની માટે નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. એટલે કે હવે PR મળવાના ચાન્સ પહેલાં કરતાં ઓછા થઈ ગયા છે. નોવા સ્કોટિયા પ્રાંત દ્વારા 27 એપ્રિલ 2026ના રોજ જાહેર કરવામાં આવેલા અપડેટ મુજબ, 1 મે 2026થી દાખલ કરવામાં આવતી તમામ નવી EOI પ્રોફાઈલ માત્ર 12 મહિના સુધી જ માન્ય રહેશે. તેનો અર્થ એ છે કે જો કોઈ ઉમેદવારને એક વર્ષની અંદર પસંદ કરવામાં નહીં આવે, તો તેની પ્રોફાઈલ આપમેળે સમાપ્ત થઈ જશે અને તેને ફરીથી નવી EOI દાખલ કરવી પડશે. અગાઉ ઉમેદવારોની પ્રોફાઈલ સમય મર્યાદા વગર પૂલમાં રહી શકતી હતી, જેના કારણે ઘણા જૂની ફાઈલને પણ ચાન્સ મળતો હતો. જાણવા જેવી વાત એ છે કે PR માટે પહેલા ઉમેદવારની EOI પ્રોફાઈલ બનાવવામાં આવે છે. ત્યારબાદ સ્કોર, શિક્ષણ સહિતના તમામ માપદંડ પૂર્ણ થયા પછી સરકાર તરફથી PR માટે આમંત્રણ મળે છે. ત્યાર પછી ઉમેદવાર દસ્તાવેજો મોકલે છે. નવા નિયમો સાથે સરકારે પહેલાથી હાજર પ્રોફાઈલ માટે પણ નવી વ્યવસ્થા નક્કી કરી છે. જેમણે 1 મે 2024 પહેલાં પોતાની EOI દાખલ કરી હતી, તેમની તમામ પ્રોફાઈલ 1 મે 2026ના રોજ બંધ કરી દેવામાં આવશે.

# વસ્તી ગણતરીનો પ્રારંભ : ભવિષ્યનો નકશો તૈયાર કરવા ઓટ્ટાવા સજ્જ

**ઓટ્ટાવા**

કેનેડાએ દેશ અને તેના નાગરિકોનું સચોટ અને અપડેટેડ ચિત્ર તૈયાર કરવા માટે વસ્તી ગણતરીના નવીનતમ પ્રયાસોનો વિધિવત પ્રારંભ કર્યો છે. ઔપચારિક રીતે 4 મેના રોજ શરૂ થયેલી આ પ્રક્રિયામાં દેશભરના રહેવાસીઓને ટપાલ દ્વારા આમંત્રણ પત્રો મોકલવામાં આવ્યા છે, જેમાં પ્રશ્નાવલી કેવી રીતે ભરવી તેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. કેનેડામાં વસ્તી ગણતરી પૂર્ણ કરવી એ કાયદા દ્વારા ફરજિયાત છે. કેનેડાના મુખ્ય આંકડાશાસ્ત્રી આન્દ્રે લોરેન્જરે જણાવ્યું હતું કે, “એક સદીથી વધુ સમયથી કેનેડિયનો આપણો દેશ કેવી રીતે બદલાઈ રહ્યો છે તે સમજવા માટે વસ્તી ગણતરી પર આધાર રાખે છે. અમે તમામ રહેવાસીઓને આ પ્રશ્નાવલી પૂર્ણ કરવા હાકલ કરીએ છીએ.” સ્ટેટિસ્ટિક્સ કેનેડા રિસર્ચ ડેટા સેન્ટરના ડિરેક્ટર માઈકલ હેને જણાવ્યું હતું કે, આ ડેટા સરકારને દેશ માટે યોગ્ય આયોજન કરવામાં મદદ કરે છે. હોસ્પિટલો અને શાળાઓ ક્યાં બનાવવી, તેનું કદ કેટલું રાખવું અને રસ્તાઓની પહોળાઈ કેટલી હોવી જોઈએ તેવા તમામ પાયાના નિર્ણયો આ માહિતીના આધારે લેવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વસ્તી ગણતરી એ સરકારી નીતિઓ ઘડવા માટે ‘પુરાવાની કરોડરજ્જુ’ સમાન છે.

# અમેરિકામાં વરિષ્ઠ નાગરિકો સાથે છેતરપિંડી : કેનેડિયન શખ્સને જેલ

### પૌત્ર હોવાનો ઢોંગ કરી પડાવતા હતા નાણાં

**પિટ્સબર્ગ**

અમેરિકાના વરિષ્ઠ નાગરિકોને નિશાન બનાવી લાખો ડોલરની છેતરપિંડી કરનાર એક આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં કેનેડાના ૪૪ વર્ષીય સ્ટેફાનો ઝેનેટીને યુએસ કોર્ટે ૧૫ વર્ષથી વધુની જેલની સજા ફટકારી છે. યુએસ પ્રોસિક્યુટર્સના જણાવ્યા અનુસાર, ઝેનેટી કેનેડાની બહાર કાર્યરત એક વિશાળ નેટવર્કનો મુખ્ય ભાગ હતો, જે ‘ગ્રાન્ડપેરેન્ટ સ્કેમ’ (દાદા-દાદી કૌભાંડ) તરીકે જાણીતું છે. આ કૌભાંડની પદ્ધતિ અત્યંત ચાલાકીભરી હતી. મોન્ટ્રીયલ સ્થિત કોલ સેન્ટરો દ્વારા કૌભાંડીઓ વૃદ્ધોને ફોન કરીને પોતે તેમનો પૌત્ર બોલે છે અને કાનૂની મુશ્કેલીમાં હોવાનું કહીને મદદ માંગતા હતા. ત્યારબાદ ટોળકીનો બીજો સભ્ય પોલીસ અધિકારી કે વકીલ હોવાનો ડોળ કરી જામીન માટે મોટી રકમની માંગણી કરતો હતો. એકવાર વૃદ્ધો તૈયાર થઈ જાય એટલે ઝેનેટી દ્વારા સંચાલિત ‘મની કલેક્ટર’ સીધા તેમના ઘરે જઈને રોકડ રકમ એકઠી કરી લેતા હતા. સ્ટેફાનો ઝેનેટી આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર હતો જે અમેરિકામાં નાણાં ઉઘરાવવાનું સંકલન કરતો હતો.

# વૈશ્વિક ઉર્જા કટોકટીનો ભય : કેનેડા પર તોળાતું સંકટ

### IEAના વડાની ચેતવણી: ટૂંક સમયમાં કેનેડામાં વૈશ્વિક ઉર્જા કટોકટી ‘રોજિંદો મુદ્દો’ બનશે

**ઓટ્ટાવા**

આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA)ના વડા ફાતિહ બિરોલે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે કે, ઈરાનમાં ચાલતા યુદ્ધને કારણે ઉદભવેલી વૈશ્વિક ઉર્જા કટોકટી ટૂંક સમયમાં કેનેડિયનોના રોજિંદા જીવનને પ્રભાવિત કરશે. ઓટ્ટાવામાં ઉર્જા મંત્રી ટિમ હોજસન સાથેની એક ખાસ મુલાકાતમાં બિરોલે જણાવ્યું હતું કે, અન્ય દેશો અત્યારે ભારે સંઘર્ષ કરી રહ્યા છે અને કેનેડા હાલમાં તેના સાથી દેશોની સરખામણીએ સુરક્ષિત હોવા છતાં ચિંતા ઉપજી રહી છે. ઉર્જા મંત્રી ટિમ હોજસને એજન્સીના ડેટા ટાંકીને જણાવ્યું હતું કે, કેનેડાના ઘણા સાથી દેશો ઉર્જાના અભાવને કારણે તેની મહત્વની કામગીરીઓ બંધ કરવાથી માત્ર ગણતરીના અઠવાડિયા જ દૂર છે. જો ઈરાનમાં યુદ્ધ લાંબું ચાલશે તો સમગ્ર વિશ્વને ઈંધણના ભાવમાં મોટો આંચકો સહન કરવો પડી શકે છે. જોકે, મંત્રી કાર્યાલયે સ્પષ્ટતા કરી હતી કે, આ ભાવ વધારાનો ઉલ્લેખ મુખ્યત્વે કેનેડાના સાથી દેશો માટે કરવામાં આવ્યો હતો.

ફાતિહ બિરોલે વર્તમાન પરિસ્થિતિને અત્યાર સુધીની સૌથી ખરાબ ઉર્જા કટોકટી ગણાવી છે. તેમણે સરખામણી કરતા કહ્યું કે, “૧૯૭૩ અને ૧૯૭૯ની અગાઉની કટોકટીમાં દરરોજ ૧ કરોડ બેરલનું નુકસાન થતું હતું, જ્યારે વર્તમાન યુદ્ધમાં આપણે દરરોજ ૧ કરોડ ૪૦ લાખ બેરલ ગુમાવી રહ્યા છીએ. આ આંકડો અગાઉની બંને કટોકટી કરતા ઘણો મોટો છે.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલના ટેન્કરો સુરક્ષિત રીતે પસાર થઈ શકતા નથી, જેના કારણે વૈશ્વિક વિતરણ ખોરવાયું છે. યુએસ નાકાબંધીને કારણે ઈરાની તેલની નિકાસ અટકી પડી છે. વિશ્વના તેલ અને કુદરતી ગેસનો લગભગ પાંચમો ભાગ જે જળમાર્ગ દ્વારા પરિવહન થાય છે તે અત્યારે જોખમમાં છે.

# બે વર્ષમાં 6 લગ્ન કરનારી 'લૂંટેરી દુલ્હન' સહિત ગેંગ પકડાઈ

## ડમી ગ્રાહક મોકલી ઓપરેશન પાર પડાયું : કોર્ટ મેરેજ માટે ડોક્યુમેન્ટ ન હોવાનું બહાનું કાઢી લૂંટેરી દુલ્હન પૈસા લઈને ફરાર

**બરોડા**

બીજા લગ્નની આશા રાખતા મોટી ઉંમરના અને બીજવર પુરુષોને નિશાન બનાવી લાખો રૂપિયા પડાવતી એક 'લૂંટેરી દુલ્હન' અને તેની ગેંગને અસલાલી પોલીસની ટીમે ઝડપી છે. ધોળકા અને બરોડાના સાગરીતો સાથે મળીને કામ કરતી આ મહિલા બીમાર પિતાના નામે સહાનુભૂતિ મેળવી, માત્ર ફૂલહારથી લગ્ન કરી અને શારીરિક સંબંધોથી બચવા વ્રતના બહાના કાઢીને પૈસા લઈને ફરાર થઈ જતી હતી. છેલ્લા બે વર્ષમાં 5થી 6 લોકોને શિકાર બનાવનાર આ ચાલાક મહિલાને પકડવા માટે સતત એક મહિનાની મહેનત બાદ પોલીસે છેવટે ડમી ગ્રાહક બનીને છટકું ગોઠવવું પડ્યું હતું. મહત્વનું છે કે, આ લૂંટેરી દુલ્હન શારદા બાબુભાઈ ગામીત સામે ગત 30 જાન્યુઆરીના રોજ અસલાલી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી.

તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ લૂંટેરી દુલ્હન સાથે 3થી 4 લોકોની આખી એક ટીમ સંડોવાયેલી છે. આ ટીમમાં ધોળકાના એક નૈનાબહેન અને બાકીના વડોદરાના લોકો સામેલ છે. તેઓ ખાસ કરીને મોટી ઉંમરના એવા



પુરુષોને નિશાન બનાવતા હતા કે જેઓ બીજવર હોય(પહેલી પત્નીનું અવસાન થયા બાદ બીજા લગ્ન કરવા માંગતા વ્યક્તિ). લોકોને ફસાવવા માટે તેઓ દર વખતે પોતાનું લોકેશન પણ બદલતા રહતા હતા.બીજવર પુરુષોને ફસાવતી ગેંગનો ડમી ગ્રાહક બનીને પોલીસે કર્યો પર્દાફાશ આ ગેંગ દ્વારા ભોગ બનનાર વ્યક્તિને ધોળકાથી બરોડા લઈ ગઈ હતી, જ્યાં આખી યોજના પાર પાડવામાં આવી. ત્યાં એક બીજી મહિલાએ તેમને આ છોકરી બતાવી અને કોઈ બીજાનું જ ઘર બતાવીને એવું ખોટું કહ્યું કે, 'આ છોકરીના પિતા બીમાર છે અને ખાટલામાં છે.' જેમાં આરોપીઓએ લગ્ન કરાવી દેવાના બહાને છોકરીના પિતા માટે પૈસાની માંગણી કરી હતી. આ લોકો લગ્ન માટે દોઢેક લાખ રૂપિયા લેતા હોવાનું જણાયું છે, પણ ફરિયાદીના જણાવ્યા મુજબ તેમની પાસેથી બે લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. પૈસા લીધા પછી આ લોકોએ ફક્ત ફૂલહાર કરીને લગ્ન કરાવી દીધા હતા. લગ્ન પછી આ લૂંટેરી દુલ્હન નવ દિવસ સુધી ફરિયાદીના ઘરે રહી હતી, પરંતુ તેણે પોતે વ્રત રાખ્યું છે તેવું બહાનું કાઢીને શારીરિક સંબંધ બાંધવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. જ્યારે પીડિત વ્યક્તિએ કાયદેસર કોર્ટ મેરેજ કરવાનો આગ્રહ રાખ્યો, ત્યારે કોર્ટમાં જઈને આ દુલ્હને એવું બહાનું કાઢ્યું કે કેટલાક ડોક્યુમેન્ટ્સ ઘટે છે અને તે માટે બરોડા જવું પડશે અને પછી પૈસા લઈને તે પરત ફરી જ નહોતી.

# અમદાવાદમાં બેઠા-બેઠા અમેરિકન નાગરિકોને છેતરતા પાંચ શખ્સ ઝબ્બે

## નરોડાની સોસાયટીમાં રેડ કરી પોલીસે બોગસ કોલ સેન્ટર ઝડપ્યું

**અમદાવાદ**

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલ ઈવાન-૩ સોસાયટીના એક ભાડાના ફ્લેટમાંથી પોલીસે બોગસ કોલ સેન્ટર ઝડપી પાડ્યું છે. નરોડા પોલીસે આ કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે તથા લેપટોપ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપીઓ ગૂગલ વાઇસ એપ્લિકેશન મારફતે અમેરિકન નાગરિકોનો સંપર્ક કરતા હતા અને લોન આપતી કંપનીના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપતા હતા.

ત્યારબાદ તેઓ પીડિતોને લોન મંજૂર થઈ ગઈ હોવાના બોગસ પત્ર મોકલી છેતરપિંડી આચરતા હતા.

તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓ અગાઉ ગોવા સહિત અન્ય રાજ્યોના કોલ સેન્ટરોમાં કામ કરી ચૂક્યા છે, જ્યાંથી તેમણે આ ઠગાઈની તાલીમ મેળવી હતી. નરોડા પોલીસે તમામ આરોપીઓ સામે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મારી દીકરીને ભૂલી જજે..', પ્રેમિકાના પિતાની ધમકીથી કંટાળી યુવકે મોત વ્હાલું કર્યું હતું

**અમદાવાદ**

અમદાવાદના ઓઢવમાં આવેલા સુવાસ ઓરમ ફ્લેટમાં રહેતા 21 વર્ષીય આશિષ શાહ નામના યુવકે પાંચ મહિના પૂર્વે ગાંધીનગરની નભોઈ કેનાલમાં કૂદીને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. ફરિયાદ મુજબ, આશિષની પ્રેમિકાના પિતા દ્વારા અપાતી સતત ધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને યુવકે મોતને વહાલું કર્યું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે હાલ યુવતીના પિતા વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરી છે. મહત્ત્વનું છે કે, યુવકે ગત 17 જાન્યુઆરીએ ગાંધીનગર ખાતે નભોઈ કેનાલમાં કૂદીને આપઘાત કર્યો હતો. મૃતક આશિષને અમરાઈવાડી વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતની જાણ યુવતીના પરિવારજનોને થતાં તેના પિતાએ આશિષને અવારનવાર ડરાવવાનું શરૂ કર્યું હતું. યુવતીના પિતા ફોન પર એવી ધમકી આપતા હતા કે, મારી દીકરીને ભૂલી જજે અને તેની સાથે કોઈ જ વાતચીત કરતો નહીં નહીંતર તને ચેનથી જીવવા નહીં દઉં અને તારી સામે પોલીસ ફરિયાદ કરીશ. આશિષના મોબાઈલની તપાસ દરમિયાન પોલીસને આવા ધમકીભર્યા મેસેજ અને કોલ રેકોર્ડિંગ્સ પણ મળી આવ્યા છે. ગત જાન્યુઆરી માસમાં બનેલી આ ઘટનાનો એક હૃદયદ્રાવક વીડિયો પણ હાલ સામે આવ્યો છે. આપઘાતના દિવસે આશિષ તેના એક મિત્ર સાથે ગાંધીનગર નજીક નર્મદા કેનાલ પર પહોંચ્યો હતો. ત્યાંથી તે પોતાની ગર્લફ્રેન્ડ અને તેની એક સંબંધી યુવતી સાથે વીડિયો કોલ પર જોડાયેલો હતો.

# પત્નીના માથે હાથ મૂકી પતિ પાસેથી રૂ.૧.૯૦ લાખની માળા, વિંટી લઈ નાગો બાવો નાસી ગયો

## નરોડામાં સરનામું પૂછીને મોબાઇલ, ઘડિયાળ એક વિંટી લીધા પછી પાછી આપી

**અમદાવાદ**

પૂર્વ વિસ્તારમાં ગઠિયા લોકો પાસેથી રૃપિયા અને કિંમતી સામાન પડાવવા અવ નવા અખતરા કરી રહ્યા છે.નરોડામાં સરનામું પૂછવાના બહાને કારના ડ્રાઈવરે દંપતિને ઉભા રાખ્યા હતા ત્યારબાદ કારમાં બેઠેલા નાગા બાવાએ મહિલાના માથે હાથ મૂકીને મોબાઈલ તથા ઘડિયાળ અને સોનાની વિંટી લીધા પછી પાછી આપી હતી જ્યારે રૃા. ૧.૯૦ લાખની મતાની બીજી સોનીની વિંટી અને રૃદ્રાક્ષની સોનાથી મઢેલી માળા લઈને નાગો બાવો કારમાં ભાગી ગયો હતો. આ બનાવ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

નવા વાડજમાં રહેતા આધેડે નરોડા પોલીસ સ્ટેશનમાં અજાણા નાગા બાવો અને કારનો ડ્રાઈવર સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી અને તેમના પત્ની તા. ૨૯-૦૪-૨૦૨૬ના રોજ એક્ટિવા લઈને નાના ચિલોડા ખાતે રહેતી દિકરીના ઘરે જતા હતા આ સમયે નરોડા ન્યું શાહીબાગ મંગુબાના ફાર્મ આગળ એક કાર ચાલકે તેમને રોકીને ગાંધીનગર અક્ષરધામ જવા માટે સરનામું પૂછ્યું હતું. ત્યારબાદ કારમાં બેઠેલા નાગા બાવાએ વાતોમાં વાળીને ફરિયાદીની પત્નીના માથે હાથ મૂકીને મોબાઈલ તથા ઘડિયાળ અને સોનાની વિંટી લીધા પછી પાછી આપી હતી.

જ્યારે રૃા. ૧.૯૦ લાખની મતાની બીજી સોનીની વિંટી અને રૃદ્રાક્ષની સોનાથી મઢેલી માળા લઈને નાગો બાવો કારમાં ભાગી ગયો હતો.

# અંબાજી મંદિરના દાનભેટના રૂ. ૧.૦૪ લાખની ચોરી કરતો લેબર ઝડપાયો

## સંતાડેલું નોટોનું બંડલ પેન્ટમાંથી નીચે પડતાં ભાંડો ફૂટ્યો

**પાલનપુર**

અંબાજી મંદિર ખાતે યાત્રિકો દ્વારા દાનપેટી તથા ભંડારામાં નાંખવામાં આવતી દાનની રકમની ગણતરી દર મંગળવારે મંદિર હસ્તકના ભંડારકક્ષમાં સવારે ૯:૦૦ કલાકેથી હાથ ધરવામાં આવે છે. તે પ્રમાણે તારીખ ૫ મેના રોજ દાનભેટ તરીકે આવેલી રકમની ગણતરીની કામગીરી ચાલુ હતી. ભંડારાની રકમની ગણતરીની કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ માટે ચા- નાસ્તો આવતાં કર્મચારીઓ તેમાં વ્યસ્ત હતા. તે દરમિયાન મંદિર ટ્રસ્ટ હસ્તકના ગબ્બર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ-શોમાં ફરજ બજાવતો લેબર ચિરાગકુમાર અજમલભાઈ ઠાકોર ભંડારકક્ષમાંથી ગણતરી કરેલા રૂપિયાનું બંડલ તેને પહેરેલા લેંઘામાં સંતાડી પાણી પીવાના સ્થળે જતાં બંડલ લેંઘામાંથી નીચે પડી ગયું હતું. તે બંડલ તાત્કાલિક ઉપાડી તે બાથરૂમમાં જતો રહ્યો હતો. જે મંદિર ટ્રસ્ટના કર્મચારી ઉદયભાઈ જાશી તેમજ મિતેશભાઈ જાશી જાઈ જતાં આ રૂ. ૧.૦૪ લાખનું બંડલ ભંડારકક્ષમાં જમા કરાવ્યું હતું. તે પછી મંદિર ટ્રસ્ટ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# કોલ ઈન્ડિયાએ ઉત્તર ગુજરાતમાં 100 મેગાવોટનો સૌર ઉર્જા પ્લાન્ટ શરૂ કર્યો

**અમદાવાદ**

રાજ્ય માલિકીની કોલ ઈન્ડિયા લિમિટેડ (સીઆઈએલ) એ મંગળવારે ડીસા તાલુકાના ભદ્રમાલી ગામમાં 100 મેગાવોટના સૌર ઉર્જા પ્રોજેક્ટ શરૂ થયાની જાહેરાત કરી હતી. બીએસઈને આપેલી રેગ્યુલેટરી ફાઈલિંગમાં, સીઆઈએલએ જણાવ્યું હતું કે તેને 31 માર્ચ, 2026 થી અમલમાં આવતા ગુજરાતમાં 100 મેગાવોટના સૌર ઉર્જા પ્લાન્ટ માટે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી તરફથી કમિશનિંગ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. કોલસા મંત્રાલય હેઠળની એક મહારત્ન જાહેર ક્ષેત્રની કંપની, સીઆઈએલ, રિન્યુએબલ એનર્જી ક્ષેત્ર પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કંપની હાલમાં ભારતના સ્થાનિક કોલસા ઉત્પાદનમાં 80 ટકાથી વધુનું યોગદાન આપે છે.

# સાયબર ક્રાઈમના ઓપરેશન 'મ્યુઅલ 2.0'માં રૂપિયા 53 કરોડના ફ્રોડ સાથે બાબા સિદ્દીકી મર્ડર કેસના તાર જોડાયા

## બેંક એકાઉન્ટ ભાડે રાખીને તેમાં ગુનાખોરીના નાણાં જમા કરાવાતા હોવાનો તપાસમાં ખુલાસો

**અમદાવાદ**

ગુજરાત સાયબર ક્રાઈમ સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા સાયબર માફિયાઓ વિરુદ્ધ એક મોટી સફળતા મેળવવામાં આવી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસપી ડૉ. રાજદીપસિંહ ઝાલાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, 'ઓપરેશન મ્યુઅલ 2.0' અંતર્ગત આણંદ અને અમદાવાદમાં સક્રિય એક મોટી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે આણંદ ખાતેથી ગેંગના 10 સાગરીતોની ધરપકડ કરી છે, જેમાં કેટલાક અમદાવાદના શખ્સોનો પણ સમાવેશ થાય છે. આ ગેંગ 197 જેટલા બેંક એકાઉન્ટ ઓપરેટ કરતી હતી, જેમાં દેશભરના 132 સાયબર ક્રાઈમના ગુનાઓના નાણાં ટ્રાન્સફર થયા હતા. પ્રાથમિક તપાસમાં આ એકાઉન્ટ્સમાં આશરે 53.55 કરોડ રૂપિયાનું શંકાસ્પદ સાયબર ફ્રોડનું ટ્રાન્ઝેક્શન થયું હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓમાં 3 ખાતા ધારક, 3 હેન્ડલર અને બાકીના સભ્યો USDT (ક્રિપ્ટોકરન્સી) ટ્રાન્સફર અને ઓપરેશનનું કામ સંભાળતા હતા. આ ઓપરેશનમાં સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે ઝડપાયેલા આરોપી સાબિરમિયાંની પૂછપરછ કરવામાં આવી. તપાસમાં ખૂલ્યું છે કે સાબિરમિયાંએ અગાઉ મહારાષ્ટ્રના ચર્ચિત બાબા સિદ્દીકી મર્ડર કેસના આરોપીઓને પણ 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું હતું. આ ખુલાસા બાદ હવે કેન્દ્રીય એજન્સીઓ પણ સતર્ક થઈ છે. સાયબર માફિયાઓ સામાન્ય લોકોના બેંક એકાઉન્ટ ભાડે રાખીને તેમાં ગુનાખોરીના નાણાં મેળવતા હતા અને બાદમાં તે નાણાંને USDT મારફતે વિદેશ મોકલી આપતા હતા.

# વિમાન દુર્ઘટનામાં પાઈલટની ભૂલ નહીં, પણ ટેકનિકલ ખામી જવાબદાર : FIPનો ખુલાસો

**અમદાવાદ**

12 જૂન, 2025ના રોજ અમદાવાદ એરપોર્ટ પર એર ઇન્ડિયાની ફ્લાઈટ 171 સાથે કરુણ દુર્ઘટના ઘટી, જેમાં 260 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનામાં 'ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઈલોટ્સ' (FIP) એ રજૂ કરેલા નવા તથ્યોએ તપાસની દિશા જ બદલી નાંખી છે. FIP એ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ને એક વિગતવાર પત્ર લખીને જણાવ્યું છે કે આ અકસ્માત પાઈલટની કોઈ ભૂલને કારણે નહીં, પરંતુ બોઈંગ 787-8 ડ્રીમલાઈનરની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં સર્જાયેલી ખામીને કારણે થયો હતો. FIP ના મતે, વિમાનની બેટરીમાં થયેલા શોર્ટ સર્કિટને કારણે સિસ્ટમમાં 'રિવર્સ વોલ્ટેજ' પેદા થયો હતો, જેણે ઈંધણ નિયંત્રણ પ્રણાલીને ખોટા સિગ્નલ આપ્યા હતા. અમદાવાદ એરપોર્ટના CCTV ફૂટેજ તપાસતા જાણવા મળ્યું છે કે ટેકઓફ દરમિયાન જ વિમાનની ઈમરજન્સી પાવર સિસ્ટમ એટલે કે RAT (Ram Air Turbine) સક્રિય થઈ ગઈ હતી FIP એ દલીલ કરી છે કે બોઈંગ 787 ના ઈલેક્ટ્રિકલ આર્કિટેક્ચરમાં એક દુર્લભ ખામી છે. જ્યારે બેટરીમાંથી હાઈ-વોલ્ટેજ સ્પાઈક આવે છે, ત્યારે તે ઈંધણના વાલ્વને નિયંત્રિત કરતા 'ડ્યુઅલ-કોઈલ લેચિંગ રિલે' ને ટ્રીપ કરી દે છે. આના કારણે પાઈલટના કોઈપણ હસ્તક્ષેપ વગર બંને એન્જિનમાં ઈંધણ જતું બંધ થઈ જાય છે, જે Fuel CUTOFF કહેવાય છે. બ્લેક બોક્સના પુનઃવિશ્લેષણમાં પણ એન્જિન બંધ થવાના માત્ર 1.2 સેકન્ડ પહેલા માઈક્રો-સેકન્ડ 'વોલ્ટેજ સ્પાઈક્સ' જોવા મળ્યા છે, જે આ થિયરીને મજબૂત બનાવે છે.

# ગુજરાતમાં બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી, રૂ. 3,936 કરોડનું થશે રોકાણ

## સેમિકન્ડક્ટર મિશન હેઠળ કુલ પ્રોજેક્ટ્સની સંખ્યા 12

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ગુજરાતને એક મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળેલી કેન્દ્રીય કેબિનેટે 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ વધુ બે મહત્વકાંક્ષી સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ બંને એકમો ગુજરાતના ધોલેરા અને સુરત ખાતે સ્થપાવવાના છે, જે દેશની પ્રથમ કોમર્શિયલ મિની/માઈક્રો-LED ડિસ્પ્લે ફેસિલિટી અને સેમિકન્ડક્ટર પેકેજિંગ યુનિટ હશે. આ બંને પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. 3,936 કરોડનું રોકાણ કરવામાં આવશે અને તેનાથી અંદાજે 2,230 કુશળ વ્યાવસાયિકો માટે રોજગારીની તકો ઊભી થશે.

ક્રિસ્ટલ મેટ્રિક્સ લિમિટેડ દ્વારા ધોલેરા ખાતે સંકલિત કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન અને ATMP ફેસિલિટી સ્થાપવામાં આવશે. આ એકમમાં ગેલિયમ નાઈટ્રાઈડ ટેકનોલોજી આધારિત મિની/માઈક્રો-LED ડિસ્પ્લે મોડ્યુલ્સનું ઉત્પાદન થશે.

# અમદાવાદથી બેંગ્લોર મોકલાયેલું રૂપિયા 2.58 કરોડનું સોનું ગાયબ

**અમદાવાદ**

મૂળ ન્યુ રાણીપના રહેવાસી અને લોજિસ્ટિક્સ કંપનીમાં સિક્યોરિટી મેનેજર તરીકે ફરજ બજાવતા રીછપાલસિંઘ રાઠોડે આ અંગે ફરિયાદ દાખલ કરી છે. ગત 18મી એપ્રિલના રોજ એક જ્વેલર્સ દ્વારા સોનાના દાગીનાના કુલ 7 પાર્સલ બેંગ્લોર મોકલવા માટે કંપનીને સોંપવામાં આવ્યા હતા. ગુમ થયેલા એક પાર્સલનું વજન આશરે 13 કિલો હતું, જેમાં 2 કિલો 107 ગ્રામ અને 562 મિલીગ્રામ સોનાના દાગીના હતા, જેની બજાર કિંમત 2.58 કરોડ રૂપિયા થાય છે. લોજિસ્ટિક્સ કંપનીએ 18 એપ્રિલના રોજ વહેલી સવારે 2:15 વાગ્યે અમદાવાદ કાર્ગો એરપોર્ટ પર એરલાઈન્સને તમામ 7 પાર્સલ સોંપ્યા હતા અને તેની પહોંચ પણ મેળવી હતી. જોકે, ફ્લાઈટ બેંગ્લોર લેન્ડ થયા બાદ જ્યારે ડિલિવરી લેવામાં આવી ત્યારે માત્ર 6 જ પાર્સલ મળી આવ્યા હતા. એરલાઈન્સના અમદાવાદ ખાતેના સ્ટાફે દાવો કર્યો હતો કે તમામ 7 પાર્સલ લોડ કરી દીધા છે, જ્યારે બેંગ્લોર ખાતેના સ્ટાફે માત્ર 6 જ પાર્સલ મળ્યા હોવાનું જણાવ્યું હતું. લાંબી પૂછપરછ છતાં આકાશા એર કંપનીએ આ 2.58 કરોડના ગુમ થયેલા પાર્સલ અંગે કોઈ યોગ્ય જવાબ ન આપતા મામલો પોલીસ સુધી પહોંચાડ્યો હતો.

# ગુજરાતમાં 53 કરોડ રૂપિયાનું આંતરરાજ્ય સાયબર ફ્રોડ પકડાયું, દસની ધરપકડ કરાઈ

**અમદાવાદ**



ગાંધીનગર પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે તેમણે ૫૩ કરોડ રૂપિયાથી વધુના સાયબર ફ્રોડ રેકેટના સંબંધમાં ગુજરાતના ૧૦ જણની ધરપકડ કરી હતી. ગાંધીનગર સ્થિતિ સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે આ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. ધરપકડ કરાયેલા એક આણંદના રહેવાસી આરોપી સાહિલમિયા શબ્બીરમિયા મલેકે, પેટલાદ શહેરના સલમાન વોહરાનું કર્ણાટક બેંક ખાતાની વિગતો પૂરી પાડી હતી. સલમાન વોહરા મુંબઈના એનસીપી નેતા બાબા સિદ્દીકીના હત્યાનો આરોપી હોવાનું પણ જાણવા મળ્યું છે. ટેકનિકલ દેખરેખના આધારે, ટીમે ૧૦ મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી જેઓ સાયબર ગુનાઓ દ્વારા મેળવેલા નાણાંનું મેનેજમેન્ટ કરીને કમિશન પર કામ કરતા હતા. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે ફ્રોડમાં લગભગ 20 રાજ્યના ૫૩.૫૫ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં ૧૩૨ સાયબર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી 11 મોબાઈલ ફોન, ચેક બુક, પાસબુક અને ડેબિટ કાર્ડ જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા મોબાઈલ ફોનને ચેક કરતા 197 બેંક ખાતાઓની વિગતો મળી આવી હતી, જેમાંથી 60 સીધા 132 સાયબર ક્રાઈમ કેસ સાથે જોડાયેલા હતા, પોલીસસૂત્રોએ જણાવ્યું હતું. આ ગુનો ઓછામાં ઓછા 20 રાજ્યોમાં ફેલાયેલા છે, જેમાં સૌથી વધુ કેસ ગુજરાતમાં (22) નોંધાયા છે.

# શનૈશ્ચર જયંતી : શનિદેવને પ્રસન્ન કરવાનો અવસર

જ્યારે શનિદેવનો જન્મ થયો, ત્યારે તેમનો કાળો રંગ જોઈને સૂર્યદેવ ક્રોધિત થયા અને તેમણે છાયા પર શંકા કરી કે આ મારો પુત્ર હોઈ શકે નહીં. પિતા દ્વારા માતાનું આવું અપમાન જોઈને શનિદેવે પિતા સૂર્યદેવ પર ક્રૂર દૃષ્ટિ નાખી, જેના કારણે સૂર્યદેવનું શરીર કાળું પડી ગયું. ત્યારબાદ સૂર્યદેવે ભગવાન શિવની પ્રાર્થના કરી અને શિવે તેમને સત્ય સમજાવ્યું. સૂર્યદેવે પોતાની ભૂલ સ્વીકારી અને શનિદેવને પોતાના તેજસ્વી પુત્ર તરીકે સ્વીકાર્યા હતા.

શનિદેવે બાળપણથી જ ભગવાન શિવની આરાધના કરી હતી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને મહાદેવે તેમને વરદાન માંગવા કહ્યું. શનિદેવે વિનંતી કરી કે, 'હે પ્રભુ, મારી માતાને હંમેશાં પિતાના અપમાનનો સામનો કરવો પડ્યો છે. મને એવું સ્થાન આપો કે જે પિતા સૂર્ય કરતાં પણ વધુ શક્તિશાળી હોય.'

ભગવાન શિવે પ્રસન્ન થઈને શનિદેવને નવગ્રહોમાં સૌથી મહત્ત્વનું સ્થાન આપ્યું અને તેમને 'ન્યાયાધીશ' તરીકે નિયુક્ત કર્યા. શિવે કહ્યું કે, 'તું માત્ર મનુષ્યો જ નહીં, પણ દેવો, અસુરો, ગંધર્વો અને પશુ-પક્ષીઓના કર્મોના આધારે તેમને દંડ આપીશ.' આમ, શનિદેવ ક્રૂર નહીં, પણ ન્યાયપ્રિય ગ્રહ બન્યા છે.

**શનિ જયંતીનું ધાર્મિક મહત્ત્વ**

શનિ જયંતીના દિવસે શનિદેવની પૂજા કરવાથી કુંડળીમાં રહેલા શનિ દોષ, સાડાસાતી અને ઢૈયાની અશુભ અસરો ઓછી થાય છે. જે લોકો શનિદેવની સાચી શ્રદ્ધાથી ભક્તિ કરે છે, તેમના જીવનમાંથી સંકટો દૂર થાય છે.

» **કર્મ સુધારવાનો અવસર** : આ દિવસ માત્ર પૂજા-પાઠનો જ નથી, પણ પોતાનાં કર્મોનું આત્મનિરીક્ષણ કરવાનો છે.

» **દાનનું મહત્ત્વ** : શનિ જયંતી પર કાળી વસ્તુઓનું દાન કરવાથી વિશેષ પુણ્ય મળે છે.

**શનિદેવની પૂજનવિધિ**

શનિ જયંતીના દિવસે ભક્તોએ વહેલી સવારે સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરવાં જોઈએ. પૂજાની વિધિ નીચે મુજબ છે.



» **તેલ અભિષેક** : શનિદેવને સરસવનું તેલ અથવા તલનું તેલ અર્પણ કરવું સૌથી ફળદાયી માનવામાં આવે છે.

» **કાળી વસ્તુઓનો ભોગ** : કાળા તલ, અડદની દાળ, લોખંડ, વાદળી ફૂલ અને કાળાં વસ્ત્રો શનિદેવને પ્રિય છે.

» **દીપદાન** : પીપળાના ઝાડ નીચે સરસવના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ.

» **મંત્રજાપ** : પૂજા દરમિયાન 'ૐ શં શનૈશ્ચરાય નમઃ' મંત્રનો 108 વાર જાપ કરવો.

» **શનિ ચાલીસા** : શનિ ચાલીસા અને શનિ સ્તોત્રનો પાઠ કરવાથી ભય દૂર થાય છે.

**ભારતનાં પ્રસિદ્ધ શનિ મંદિરો**

ભારતમાં શનિદેવના અનેક પ્રાચીન અને ચમત્કારી મંદિરો આવેલાં છે, જ્યાં શનિ જયંતી પર લાખો ભક્તો ઊમટી પડે છે.

» **શનિ શિંગણાપુર (મહારાષ્ટ્ર)** : આ વિશ્વનું સૌથી પ્રખ્યાત શનિધામ છે. અહીં શનિદેવની મૂર્તિ ખુલ્લા આકાશ નીચે એક પથ્થરના રૂપમાં બિરાજમાન છે. આ ગામના કોઈ પણ ઘર કે દુકાનને દરવાજા નથી, કારણ કે ભક્તો માને છે કે શનિદેવ પોતે આ ગામની રક્ષા કરે છે.

» **શનિશ્ચર મંદિર (તિરુનલ્લાર, તમિલનાડુ)** : દક્ષિણ ભારતમાં આ મંદિરનું વિશેષ મહત્ત્વ છે. અહીં નળ દમયંતી તળાવમાં સ્નાન કરવાથી શનિ દોષમાંથી મુક્તિ મળે છે.

» **કોકિલાવન શનિ ધામ (મથુરા, ઉત્તર પ્રદેશ)**: અહીં ભગવાન કૃષ્ણએ શનિદેવને દર્શન આપ્યાં હતાં. એવી માન્યતા છે કે અહીંની પરિક્રમા કરવાથી શનિપીડા શાંત થાય છે.

» **શનિધામ (નવી દિલ્હી)** : અહીં શનિદેવની વિશ્વની સૌથી ઊંચી મૂર્તિઓમાંની એક સ્થાપિત છે.

**ભ્રમણા અને વાસ્તવિકતા**

ઘણા લોકો શનિદેવના નામથી ગભરાઈ જાય છે, પરંતુ શનિદેવ ક્યારેય કોઈનું અહિત કરતા નથી.

ભ્રમણા : શનિ માત્ર નુકસાન કરે છે.

વાસ્તવિકતા : શનિદેવ 'શ્રી' એટલે કે સંપત્તિ પણ આપે છે. જો કોઈ વ્યક્તિ મહેનતું, પ્રામાણિક અને પરોપકારી હોય, તો શનિદેવ તેને રાજા જેવું જીવન આપે છે. શનિ શિસ્ત અને ધૈર્યના પ્રતીક છે.


**શનિદેવ અને હનુમાનજી (અભિમાનનું મર્દન)**

રામાયણ કાળની આ કથા ખૂબ જાણીતી છે. એવું માનવામાં આવે છે કે જ્યારે રાવણે શનિદેવને કેદ કરી રાખ્યા હતા, ત્યારે હનુમાનજીએ લંકા દહન વખતે તેમને મુક્ત કર્યા હતા, પરંતુ એક બીજી કથા મુજબ, શનિદેવને પોતાની શક્તિ પર અભિમાન થયું અને તેઓ હનુમાનજી પાસે ગયા. હનુમાનજી તે સમયે રામ નામનું સ્મરણ કરી રહ્યા હતા. શનિદેવે તેમને યુદ્ધ માટે પડકાર્યા. હનુમાનજીએ તેમને સમજાવ્યા, પણ શનિદેવ માન્યા નહીં અને હનુમાનજીના માથા પર સવાર થઈ ગયા. હનુમાનજીએ તરત જ વિશાળ રૂપ ધારણ કર્યું અને મોટા પથ્થરો નીચે પોતાનું માથું ઘસવાનું શરૂ કર્યું. શનિદેવ પથ્થરો વચ્ચે દબાઈ ગયા અને પીડાથી કણસવા લાગ્યા. તેમણે હનુમાનજીની માફી માંગી. હનુમાનજીએ તેમને એક શરતે છોડ્યા કે તેઓ રામભક્તો અને હનુમાનના ભક્તોને ક્યારેય પરેશાન નહીં કરે. આ જ કારણ છે કે શનિની પીડા શાંત કરવા માટે હનુમાનજીની પૂજા કરવામાં આવે છે.

# પશ્ચિમ બંગાળમાં મોદી મેજીક : મમતાને જોરદાર પછડાટ

**નવી દિલ્હી**

પૂર્વ ભારતમાં ભગવાનો વિસ્તાર કરતા ભાજપે સોમવારે લાંબા સમયથી પડકારજનક પશ્ચિમ બંગાળમાં અંતે મમતાને પછાડીને ઐતિહાસિક વિજય મેળવ્યો છે. બંગાળમાં વડાપ્રધાન મોદીના મેજીકે મમતાના સૂપડા સાફ કરી દીધા છે. ભાજપે પશ્ચિમ બંગાળમાં પહેલી વખત બેવડી સદી ફટકારતા ૨૦7 બેઠકો પર વિજય મેળવ્યો છે જ્યારે તૃણમૂલ કોંગ્રેસ 80 બેઠકો પર સમેટાઈ જતા મમતા બેનરજીનું જ 'ખેલા હોબે' થઈ ગયું છે. આ સાથે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે બંગાળ ઉપરાંત આસામ અને પુડુચેરી એમ ત્રણ રાજ્યોમાં ભગવો લહેરાવ્યો છે. આ સિવાય તમિલનાડુમાં ટીવીકેના વિજયરથે ડીએમકેને કારમો પરાજય આપ્યો છે. અભિનેતા જોસેફ વિજયના ટીવીકેએ પહેલી જ ચૂંટણીમાં અભૂતપૂર્વ ૧૦૭ બેઠકો પર વિજય મેળવવા છતાં સરકાર બનાવવા માટે તેનો પનો ટૂંકો પડયો છે, જેથી રાજ્યમાં હાલ ત્રિશંકુ જેવી સ્થિતિ સર્જાઈ છે. કેરળમાં કોંગ્રેસે ડાબેરીઓના ગઢનું પતન કરી સત્તા પર પુનરાગમન કર્યું છે.




પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક વિજયના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પરિબર્તન હોબે ગેછે'નો સંદેશ આપતા પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષના શાસનના યુગનો અંત આવ્યો હોવાના સ્પષ્ટ સંકેત આપ્યા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપના વિજય સાથે તૃણમૂલ કોંગ્રેસના ગુંડા રાજનો અંત આવ્યો છે અને હિન્દુત્વના રાજકારણનો ઉદય થયો છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના કારમા પરાજય સાથે શાસન વિરોધી લહેર એટલી જબરજસ્ત હતી કે મમતા બેનરજી ભવાનીપુરમાં પોતાની બેઠક પણ બચાવી શક્યા નહીં. ભાજપ નેતા શુવેન્દુ અધિકારી સામે મમતાનો ૧૫,૧૦૫ મતોથી પરાજય થયો હતો. આ સાથે શુવેન્દુ અધિકારીએ સતત બીજી વખત મમતા બેનરજીને હરાવ્યા છે. તેમણે ૨૦૨૧માં મમતાને નંદીગ્રામ બેઠક પર પરાસ્ત કર્યા હતા.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં સુધારણા માટેના ચૂંટણી પંચના એસઆઈઆર કાર્યક્રમના હોબાળા વચ્ચે મુખ્યમંત્રી મમતા બેનરજીએ ભાજપ પર ૧૦૦ બેઠકોની લૂંટ કરવાનો આક્ષેપ કર્યો છે. મમતાના આ દાવાને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ સમર્થન કર્યું છે.

## કેરલમાં કોંગ્રેસની જીત બાદ કોણ બનશે મુખ્યમંત્રી? 3 દિગ્ગજ નેતાઓ દાવેદાર

### 140 પૈકી 102 બેઠકો પર યુડીએફ ગઠબંધનનો ભવ્ય વિજય

**ત્રિવેન્દ્રમ્ :** કેરલ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફ ગઠબંધને 10 વર્ષની લાંબી રાહ જોયા પછી સત્તામાં શાનદાર વાપસી કરી છે. 9 એપ્રિલે યોજાયેલી ચૂંટણીમાં ગઠબંધને 140 બેઠકોવાળી વિધાનસભામાં 102 બેઠકો જીતીને ઈતિહાસ રચ્યો છે. કુલ 2.15 કરોડ મત પડ્યા હતા, જેમાં એકલા યુડીએફને જ 1 કરોડથી વધુ મત મળ્યા હતા. પરંતુ હવે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો થાય છે રાજ્યના આગામી મુખ્યમંત્રી કોણ હશે.

પાર્ટીના ત્રણ વરિષ્ઠ નેતાઓ વચ્ચે નજીકની સ્પર્ધા ચાલી રહી છે: વીડી સતીસન, કેસી વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલા. સમર્થકો દાવો કરી રહ્યા છે કે તેમના સંબંધિત નેતાઓના દાવા સૌથી મજબૂત છે.

કોંગ્રેસ હાઈકમાન્ડે આ મામલાને ઉકેલવા અને નવા નેતાની પસંદગી કરવા માટે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ મુકુલ વાસનિક અને અજય માકનને નિરીક્ષક તરીકે કેરળ મોકલ્યા છે. કેરળના રાજકારણમાં ધર્મ અને જાતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે, મુખ્યમંત્રી પદ માટેના ત્રણેય દાવેદારો નાયર સમુદાયના છે અને કોંગ્રેસના અનુભવી નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ કે. કરુણાકરણના શિષ્યો હતા. તેથી, કોઈ એકની પસંદગી કરવી પાર્ટી માટે ખૂબ જ મુશ્કેલ નિર્ણય બની ગયો છે.

## આસામમાં એનડીએને બે તૃતિયાંશ બહુમતી મળીઃ ગોગોઈનો પરાજય

### ભાજપને 82, સહયોગી પક્ષોને 10-10, કોંગ્રેસને 21 જ બેઠક મળી

**ગુવાહાટી :** આસામમાં શાસક પક્ષ એનડીએએ સળંગ ત્રીજી ટર્મ માટે સત્તા મેળવી છે અને તે પણ બે તૃતિયાંશ બહુમતીથી સત્તા મેળવી છે. આસામની વિધાનસભામાં કુલ ૧૨૬ બેઠકમાંથી ૧૦૧ બેઠક એનડીએએ જીતી છે. તેમા ભાજપને ૮૨ બેઠક, બોડો પીપલ્સ ફ્રન્ટ અને અસોમ ગણપરિષદને ૧૦-૧૦ બેઠક મળી છે. આસામના સીએમ હિમન્તા બિસ્વાએ સળંગ છઠ્ઠી વખત ચૂંટણી જીતી છે. હિમન્તા બિસ્વા સર્માએ જાલુકબારી મતવિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર બિદિશ નીઓગને ૮૯,૪૩૪ મતથી હરાવ્યા હતા. હરીફમાં કોંગ્રેસે ૨૧ બેઠક જીતી છે. જયારે અન્યને ત્રણ બેઠક મળી છે. તેમા બદરુદ્દીન અજમલની એઆઈયુડીએફ અને અખિલ ગોગોઈની રાઈગોર દલને એક-એક બેઠક મળી છે અને ટીએમસીને એક બેઠક મળી છે.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગૌરવ ગોગોઈ જોરહટમાં પીઢ રાજકારણી અને ભાજપના વર્તમાન ધારાસભ્ય હિતેન્દ્રનાથ ગોસ્વામી સામે ૨૩,૧૮૧ મતથી હારી ગયા હતા. વિજયી બન્યા હોય તેવા ભાજપના જાણીતા ચહેરાઓમાં પ્રધાન અજન્તા નીઓગ ગોલઘાટથી રાણોજ પેગુ ધેમાજીથી, પિજુશ હઝારિકા જાગિરોડથી, કૌશિક રાય લખીપુરથી અને પ્રશાંત ફુકન દિબુરગઢથી, ક્રિષ્નેન્દુ પૌલ પઠારકંડીથી અને બિમલ બોરાહ ટિન્કોંગથી જીત્યા હતા.

## TVKને સરકાર માટે ન બોલાવવી જનાદેશનું અપમાન, વિપક્ષ પણ મેદાને

**ચૈન્નઈ**

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી પણ રાજ્યમાં નવી સરકારની રચના અંગે હજુ પણ મૂંઝવણ છે. રાજ્યપાલ આર.વી. આર્લેકર દ્વારા 108 બેઠકો જીતવા છતાં થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ને સરકાર બનાવવા દેવાનો ઈનકાર કરવાથી હોબાળો મચી ગયો છે. દરમિયાન, તમિલનાડુના ભૂતપૂર્વ શાસક પક્ષ ડીએમકે, કમલ હાસનના એમએનએમ, વીસીકે અને સીપીઆઈએ સાથે મળીને વિજય અને ટીવીકેને ટેકો આપ્યો છે. તમિલનાડુના રાજકીય પક્ષોએ રાજ્યપાલ દ્વારા વિજયને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવાના ઈનકારને જનાદેશનું અપમાન ગણાવ્યું છે. તમિલનાડુના રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકરે વિજયને પહેલા



તેમની બહુમતી દર્શાવવા કહ્યું છે.

બીજી તરફ VCK ચીફ થોલ થિરુમાવલવને જણાવ્યું હતું કે રાજ્યપાલની માંગ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેમણે કહ્યું હતું કે વિજયને વિધાનસભામાં બહુમતી સાબિત કરવાની તક આપવી જોઈએ, તેના બદલે તેમને અગાઉથી તેમની સંખ્યા સાબિત કરવાની જરૂર છે. CPI તમિલનાડુના સચિવ એમ. વીરપાંડિયને એમ પણ કહ્યું હતું કે કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી અને TVK સૌથી મોટો પક્ષ છે, તેથી બંધારણીય સંમેલન સૂચવે છે કે વિજયને સરકાર બનાવવાની પ્રથમ તક આપવી જોઈએ.

DMK નેતા એ. સરવનને કહ્યું કે જ્યારે કોઈ પણ પૂર્વ ચૂંટણી ગઠબંધન પાસે બહુમતી ન હોય, ત્યારે સૌથી મોટા પક્ષને સરકાર બનાવવાની પહેલી તક મળવી જોઈએ. તેમણે કહ્યું કે હજુ સુધી કોઈ અન્ય પક્ષે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો નથી, જ્યારે TVK એ રાજ્યપાલને 113 ધારાસભ્યોના સમર્થન પત્રો સુપરત કર્યા છે.

## મમતા બેનરજીને વધુ એક ઝટકો, રાજીનામું આપનારાની લાઈન લાગી

**કોલકાતા :** પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક યુગનો અંત આવી રહ્યો છે. 2026ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ 207 બેઠકો સાથે પ્રચંડ બહુમતી મેળવીને મમતા બેનરજીના 15 વર્ષના શાસનનો અંત આણી દીધો છે. આ હારની સાથે જ મમતા બેનરજીનું તે 'કોર ગ્રુપ' પણ વિખેરાઈ રહ્યું છે, જેણે છેલ્લા એક દાયકાથી પડદા પાછળ રહીને રાજ્યની સત્તા સંભાળી હતી. મુખ્યમંત્રીના સૌથી ભરોસાપાત્ર ગણાતા સનદી અધિકારીઓ, અર્થશાસ્ત્રીઓ અને કાયદાકીય સલાહકારોએ સામૂહિક રીતે રાજીનામા આપવાનું શરૂ કરી દીધું છે. મમતા બેનર્જીના સૌથી વિશ્વાસુ સાથી અને પૂર્વ મુખ્ય સચિવ અલાપન બંદ્યોપાધ્યાયે મંગળવારે (5 મે 2026) પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આ સમાચાર અત્યંત ચોંકાવનારા છે, કારણ કે વર્ષ 2021માં જ્યારે કેન્દ્ર સરકાર સાથે વિવાદ થયો હતો.

## ચૂંટણી પંચનાં પોર્ટલ પર 68 લાખ નિષ્ફળ સાયબર હુમલાઓ

**નવી દિલ્હી :** ચાર મેનાં રોજ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની ગણતરી ચાલી રહી હતી ત્યારે ચૂંટણી પંચનાં રિઝલ્ટ પોર્ટલને હેક કરવા માટે ૬૮ લાખથી વધુ નિષ્ફળ પ્રયત્નો કરવામાં આવ્યા હતાં તેમ ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું છે. ચૂંટણી પંચનાં જણાવ્યા અનુસાર ઈસીઆઈનેટનાં સાયબર સુરક્ષા પ્રોટોકોલનાં કારણે મતોની ગણતરીનાં દિવસે ભારત અને વિદેશમાંથી કરવામાં આવેલા ૬૮ લાખથી વધારે સાયબર હુમલાઓને નિષ્ફળ બનાવવામાં સફળતા મળી હતી. ચૂંટણી પંચે જણાવ્યું છે કે તેના આઈટી પ્લેટફોર્મ ઈસીઆઈનેટએ તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, પુડુચેરી અને આસામની ચૂંટણી દરમિયાન ચૂંટણી પ્રક્રિયાઓને સુચારુ ચલાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેમાં રિયલ ટાઈમ સર્વેલન્સ, ઝડપી રિપોર્ટિંગ અને પારદર્શકતા વધારવા સામેલ છે.

## બંગાળમાં ભાજપે 50 હજાર માર્જિનની 39 પૈકી 23 બેઠકો ભાજપે જીતી

**કોલકાતા :** પશ્ચિમ બંગાળમાં 294 બેઠકો પૈકી 39 બેઠકો પર જીતનું માર્જિન 50,000થી વધારે મતોનું હતું. આ 39 બેઠકોની 60 ટકા બેઠકો ભાજપે જીતી છે તેમ ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓનાં વિશ્લેષણમાં જણાવવામાં આવ્યું છે. આ આંકડા પશ્ચિમ બંગાળમાં ભાજપનાં પ્રભુત્વને દર્શાવે છે. ચૂંટણી પંચ દ્વારા આંકડાઓનાં વિશ્લેષણ અનુસાર 294 પૈકી 39 બેઠકો પર જીતનું માર્જિન 50,000થી વધારે હતું. આ 39 બેઠકો પૈકી 23 બેઠકો ભાજપે, 15 બેઠકો તૃણમૂલે અને એક બેઠક આમ જનતા ઉન્નયન પાર્ટીએ જીતી છે. આ પ્રકારની વધુ માર્જિનવાળી સૌથી વધુ બેઠકો જીતવા ઉપરાંત ભાજપ એવી મોટાભાગની બેઠકો પર બીજા સ્થાને રહી છે જ્યાં તૃણમૂલે વિજય મેળવ્યો હતો. જ્યારે અનેક બેઠકો પર ભાજપ અને ટીએમસી વચ્ચે જીતનું અંતર 5 હજાર જેટલું રહ્યુ હતું.

# નીતિશ કુમારના પુત્ર નિશાંત બન્યા મંત્રી: 'સમ્રાટ' સેના તૈયાર

## PM મોદીની હાજરીમાં શપથવિધિ, નવા મંત્રીમંડળનું ગણિત: સરકારની સ્થિરતાં માટે BJP અને JDU વચ્ચે 50-50 ફોર્મ્યુલા અમલમાં

**પટના**

બિહારની રાજકારણમાં આજે એક નવો અધ્યાય લખાયો છે. પટનાના ગાંધી મેદાનમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું. આ ભવ્ય સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની વિશેષ ઉપસ્થિતિમાં કુલ 32 મંત્રીઓએ પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. આ ઉપરાંત HAM (સંતોષ સુમન) અને LJP(R)ના ક્વોટામાંથી પણ ધારાસભ્યોને સ્થાન મળ્યું છે.

આ શપથ ગ્રહણ સમારોહનું સૌથી મોટું આકર્ષણ પૂર્વ મુખ્યમંત્રી નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રહ્યા હતા. નિશાંત કુમારે જેડીયુ ક્વોટામાંથી મંત્રી તરીકે શપથ લીધા છે. શપથ ગ્રહણ પહેલા તેમણે મંચ પર પોતાના પિતા નીતીશ કુમારના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા. નિશાંતની સાથે વિજય સિંહા, શ્રવણ કુમાર, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલ જેવા દિગ્ગજોએ પણ શપથ ગ્રહણ કર્યા છે.

**BJP ક્વોટા:** રામ કૃપાલ યાદવ, કેદાર ગુપ્તા, નીતીશ મિશ્રા, વિજય કુમાર સિંહા, પ્રમોદ ચંદ્રવંશી, સંજય ટાઈગર અને કુમાર શૈલેન્દ્ર.

**JDU ક્વોટા:** નિશાંત કુમાર, મદન સાહની, લેસી સિંહ, શ્વેતા ગુપ્તા (નવો ચહેરો), અશોક ચૌધરી અને રત્નેશ સદા વગેરે.

### બિહારમાં કેબિનેટ વિસ્તરણ બાદ ખાતા ફાળવણી



મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ સામાન્ય વહીવટ, ગૃહ, મંત્રીમંડળ સચિવાલય, દેખરેખ, ચૂંટણી, સિવિલ એવિએશન અને એવા તમામ વિભાગો પોતાની પાસે રાખ્યા હતા. નીતીશના પુત્ર નિશાંતને આરોગ્ય વિભાગ, નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર ચૌધરીને જળ સંસાધન અને સંસદીય કાર્ય વિભાગ, જ્યારે બીજા નાયબ મુખ્યમંત્રી બિજેન્દ્ર પ્રસાદ યાદવને નાણાં અને વાણિજ્ય વેરા વિભાગ સોંપવામાં આવ્યો છે. મંત્રી શ્રવણ કુમારને ગ્રામીણ વિકાસ અને માહિતી અને જનસંપર્ક વિભાગ મળ્યો છે, જ્યારે વિજય કુમાર સિન્હાને કૃષિ વિભાગ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ડો. દિલીપ કુમાર જયસ્વાલને મહેસૂલ અને જમીન સુધારણા અને નિશાંત કુમારને આરોગ્ય વિભાગ સોંપવામાં આવ્યો છે.

# બંગાળમાં શુભેન્દુ અધિકારીના PAની ઘાતકી હત્યા, હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીઓ વરસાવી

## હુમલાખોરો રેકી કરી ઘટનાને અંજામ આપ્યો, ગુંડાઓનો સફાયો કરી દઈશું : શુભેન્દુ અધિકારી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. બુધવાર રાત્રે ભાજપ નેતા શુભેન્દુ અધિકારીના પર્સનલ આસિસ્ટન્ટ (PA) ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

હુમલાખોરોએ મધ્યગ્રામના દોહરિયા વિસ્તારમાં તેમને નિશાન બનાવીને અંધાધૂંધ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જાણવા મળી રહ્યું છે કે મૃતક PA ચંદ્રનાથ રથ છેલ્લા 10 થી 12 વર્ષથી શુભેન્દુ અધિકારી સાથે જોડાયેલા હતા અને તેમના ખૂબ જ નજીકના માનવામાં આવતા હતા. તાજેતરની ચૂંટણીઓમાં પણ તેઓ પ્રચાર અભિયાન સાથે જોડાયેલી મહત્વની કામગીરી સંભાળી રહ્યા હતા. મળતી માહિતી મુજબ, આ ઘટના 24 પરગણાના મધ્યમગ્રામની છે, જ્યાં ચંદ્રનાથ રથને નિશાન બનાવીને ઉપરાછાપરી ચાર રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ગંભીર રીતે ઘાયલ હાલતમાં તેમને નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વિસ્તારમાં નાકાબંધી કરી દેવામાં આવી છે. શુભેન્દુ અધિકારીએ તેમણે આરોપ લગાવ્યો કે હુમલાખોરોએ ઘણા દિવસો સુધી રેકી કર્યા બાદ આ ઘટનાને અંજામ આપ્યો હતો. તેમણે કહ્યું કે અમે અહીંના ગુંડાઓનો સફાયો કરી દઈશું.

# સત્તા પરિવર્તન બાદ TMC પર જેસીબી ફર્યું, પાંચ પોલીસકર્મીને ગોળી મારી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજ્યમાં હિંસાનો માહોલ ગરમાયો છે. ભાજપની જીત અને તૃણમૂલ કોંગ્રેસના પરાજય બાદ કોલકાતાથી લઈને આસનસોલ સુધી આગજની અને તોડફોડની ઘટનાઓ સામે આવી રહી છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ ફાટી નીકળેલી હિંસામાં સંદેશખાલી વિસ્તાર રણમેદાનમાં ફેરવાયો હતો, જ્યાં મંગળવારે મોડી રાત્રે થયેલી અંધાધૂંધ ગોળીબારમાં પોલીસ અને કેન્દ્રીય દળોના 5 જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. ન્યાજત પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સંદેશખાલીમાં ગ્રામીણોને ડરાવવા-ધમકાવવાની ફરિયાદ મળતા જ્યારે સુરક્ષા દળોની ટીમ ઘટનાસ્થળે પહોંચી, ત્યારે તેમના પર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ત્રણ પોલીસકર્મી અને કેન્દ્રીય દળના બે જવાનોને ગોળી વાગતા તેમને સારવાર માટે કોલકાતાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સંદેશખાલી વિધાનસભા બેઠક પર આ વખતે ભાજપના ઉમેદવાર સનત સરદારે 17,510 મતોના અંતરથી જીત મેળવી છે, જે બાદ આ હિંસક ઘટના ઘટી છે.

# દેશમાં સિન્થેટિક પનીર પર પ્રતિબંધની તૈયારી, FSSAI બેઠકમાં નિર્ણય લેવાયો

**નવી દિલ્હી**

દેશમાં ખાણીપીણીની ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ રોકવા માટે કેન્દ્ર સરકાર હવે એક્શન મોડમાં આવી છે. માર્કેટમાં અસલી પનીરના નામે વેચાતા અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી એવા 'સિન્થેટિક પનીર' પર ટૂંક સમયમાં સમગ્ર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવશે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ની તાજેતરની બેઠકમાં આ અંગેના પ્રસ્તાવને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે.

અહેવાલો અનુસાર, આ મામલે એક હાઈ લેવલ કમિટી દ્વારા ઓક્ટોબર 2025માં જ પ્રસ્તાવ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. જેને માર્ચ 2026ની બેઠકમાં આખરી ઓપ આપી મંજૂરી અપાઈ છે. સમિતિનું માનવું છે કે ભારત વિશ્વમાં ડેરી ઉત્પાદનોનો સૌથી મોટો દેશ હોવા છતાં, બનાવટી પનીરનું વધતું વેચાણ ડેરી ઉદ્યોગ અને લોકોના સ્વાસ્થ્ય બંને માટે નુકસાનકારક છે. દેશમાં 1,000 જેટલી કંપનીઓ અને વેપારીઓ પાસે સિન્થેટિક પનીર બનાવવાનું લાઈસન્સ છે. સરકાર હવે નવા લાઈસન્સ આપવાનું બંધ કરશે. જોકે, વર્તમાન ઉત્પાદકોને તેમનો સ્ટોક પૂર્ણ કરવા અને ઉત્પાદન યુનિટ્સ બંધ કરવા માટે પૂરતો સમય આપવામાં આવશે જેથી તેમને મોટું આર્થિક નુકસાન ન થાય.

# ઉત્તર પ્રદેશમાં મોટી દુર્ઘટના, યમુના નદીમાં હોળી પલટી જતા 9 લોકો ડૂબ્યા, 6 લાપતા

## સામેની બાજુ નદી ઓળંગી તરબૂચ ખાવા ગયા, હોળી ચલાવનારની બેદરકારી ભારે પડી

**લખનઉ**

ઉત્તર પ્રદેશના હમીરપુરમાં યમુના નદીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. નદીમાં હોળી પલટી જવાથી 9 લોકો ડૂબ્યા હતા જેમાંથી 3 લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે 6 લોકો હજુ પણ લાપતા છે. આ તમામ લોકો યમુના નદીના સામે છેડે તરબૂચ ખાવા ગયા હતા અને પરત ફરતી વખતે આ અકસ્માત નડ્યો હતો.



ઘટનાની વિગત મુજબ, ભૌલી ગામના રહેવાસી શ્રીપાલની દીકરીના લગ્ન મંગળવારે હતા. બુધવારે દીકરીની વિદાય બાદ સાંજે મહેમાનો અને પરિવારના સભ્યો નદી કિનારે ફરવા નીકળ્યા હતા. 9 વર્ષની રાની, 9 વર્ષની આકાંક્ષા, 25 વર્ષની બ્રજરાની, 5 વર્ષની લવ્યાંશ, 5 વર્ષનો ગોરેલાલ, 11 વર્ષનો આદિત્ય, વિષ્ણુ, રિંકુ અને પારુલ હોળીમાં સવાર થઈને નદી ઓળંગી તરબૂચ ખાવા ગયા હતા. ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, દુર્ઘટનાનું મુખ્ય કારણ હોળી ચલાવનારની બેદરકારી હતી. તરબૂચ ખાઈને પરત ફરતી વખતે હોળી ચલાવી રહેલા વિષ્ણુના મોબાઈલ પર કોઈનો ફોન આવ્યો હતો. તે ફોન પર વાત કરવા લાગ્યો અને તેનું ધ્યાન ભટકતા હોળીનું સંતુલન બગડ્યું હતું, જેના કારણે તમામ લોકો નદીમાં ખાબક્યા હતા.

# સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસ : 22 આરોપીના નિર્દોષ છુટકારાનો નિર્ણય યથાવત્, બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો

## વર્ષ 2005ની મધ્યરાત્રિએ પોલીસ અધિકારીઓએ સોહરાબુદ્દીનનું નકલી એન્કાઉન્ટર કર્યું હતું

**મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે સોહરાબુદ્દીન શેખના ભાઈ રુબાબુદ્દીન શેખ દ્વારા દાખલ કરેલી અરજી ફગાવી દીધી છે. આ અરજીમાં મુંબઈની સેશન્સ કોર્ટના એ ચુકાદાને પડકારાયો હતો, જેમાં ગુજરાત અને રાજસ્થાનના પોલીસ કર્મચારી સહિત 22 આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા હતા. બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને ગૌતમ અંખાદની બેન્ચે આ અપીલોને ફગાવતા જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચુકાદામાં દખલ કરવા માટે કોઈ મજબૂત આધાર કે કેસ જણાતો નથી.

23 નવેમ્બર, 2005ના રોજ થઈ હતી. સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર બી અને તેના સાથી તુલસીરામ પ્રજાપતિ હૈદરાબાદથી મહારાષ્ટ્રના સાંગલી જઈ રહ્યા હતા. આ દરમિયાન તેલંગાણાના ઝહિરાબાદ પાસે ગુજરાત અને રાજસ્થાન પોલીસના અધિકારીઓએ તેમની બસ અટકાવી ત્રણેયની અટકાયત કરી હતી. ત્યારબાદ સોહરાબુદ્દીન અને કૌસર બીને ગુજરાત લવાયા હતા, જ્યારે પ્રજાપતિને કસ્ટડીમાં રાખી 26 નવેમ્બર, 2005ના રોજ રાજસ્થાનના ભીલવાડાથી ધરપકડ બતાવી જેલમાં મોકલી દેવાયો હતો.

25-26 નવેમ્બર, 2005ની મધ્યરાત્રિએ પોલીસ અધિકારીઓએ સોહરાબુદ્દીનનું નકલી એન્કાઉન્ટર કર્યું હતું. કૌસર બીની પણ હત્યા થઈ હતી. 28 નવેમ્બર, 2005ના રોજ તેના મૃતદેહને સળગાવી દેવાયો હતો. આ દરમિયાન પોલીસે દાવો કર્યો હતો કે સોહરાબુદ્દીન આતંકી સંગઠન લશ્કર-એ-તોઈબાનો સભ્ય હતો અને તે ગુજરાતના એક 'મોટા રાજકીય નેતા'ની હત્યા કરવાના ઈરાદે આવ્યો હતો.

# હવે ભગવંત માનના ખાસને ત્યાં ED ત્રાટકી, નોટો ભરેલા બેગ મળ્યા, દરોડા યથાવત્

**ચંડીગઢ**

ઈડી ગુરુવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના OSD (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી)ના નજીકના સહયોગીઓ પર ગાળિયો કસ્યો છે. પંજાબના SAS નગર અને ચંદીગઢ સ્થિત ત્રણ સ્થળો ઉપરાંત કુલ 12 જગ્યાએ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ખરડ સ્થિત એક રહેણાંક સોસાયટી વેસ્ટર્ન ટાવર્સમાં દરોડા દરમિયાન, EDએ બે બેગ જપ્ત કરી હતી, જેમાં કથિત રીતે આશરે 20 લાખ રૂપિયા રોકડા હતા. આ બેગ ઈમારતના નવમા માળેથી નીચે ફેંકી દેવામાં આવી હતી. મહત્વનું છે કે EDએ સનટેક સિટી પ્રોજેક્ટના સંદર્ભમાં મોહાલી અને ચંદીગઢમાં 12 સ્થળો પર સર્ચ હાથ ધર્યું છે.


# અમદાવાદ ચોથી વખત IPL ફાઈનલની યજમાની કરશે

## ત્રણ અલગ-અલગ શહેરોમાં પ્લેઓફના મુકાબલા રમાશે : 31મીએ ફાઈનલ અમદાવાદમાં જ રમાશે

**મુંબઈ**

આઈપીએલ 2026ની ફાઈનલ મેચના સ્થળને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સામાન્ય રીતે આઈપીએલનો એવો નિયમ રહ્યો છે કે, ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર જ આગામી સિઝનની ફાઈનલ રમાય છે. આ નિયમ મુજબ આ વખતે ફાઈનલ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર રમાવાની હતી, પરંતુ હવે તેમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. IPL 2026ની ફાઈનલ મેચ હવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે. પ્લેઑફ મેચોના સ્થળોની જે યાદી સામે આવી છે તે મુજબ, આ વખતે કુલ 3 શહેરોમાં પ્લેઑફ અને ફાઈનલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદ ઉપરાંત ધર્મશાલા અને ન્યૂ ચંદીગઢનો સમાવેશ થાય છે.

બેંગલુરુ આ રેસમાં સૌથી આગળ હોવા છતાં છેલ્લી ઘડીએ યજમાની ગુમાવવાનું મુખ્ય કારણ ટિકિટ વિવાદ હોવાનું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં થયેલા ટિકિટ વિવાદને કારણે આખું સમીકરણ



બદલાઈ ગયું છે. ટિકિટોના વેચાણ અને તેનાથી સંબંધિત મેનેજમેન્ટ ઈશ્યુઝને ધ્યાનમાં રાખીને BCCI એ સ્થળ બદલવાનો નિર્ણય લીધો છે.

**પ્લેઓફ મેચોનું શેડ્યૂલ**

- ક્વોલિફાયર 1: ધર્મશાલામાં આયોજિત થશે.
- એલિમિનેટર: ન્યૂ ચંદીગઢમાં રમાશે.
- ક્વોલિફાયર 2: આ મેચ પણ ન્યૂ ચંદીગઢમાં જ યોજાશે.



## રસાકસી ભરી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે બેંગલુરુને નવ રને હરાવ્યું

### મિચેલ માર્શે LSG માટે સૌથી ઝડપી સદી ફટકારી

લખનઉ । રસાકસી ભરી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને અંતિમ બે બોલમાં ૧૨ ના કરી શકતા લખનઉએ ૯ રનથી જીત મેળવી હતી. એક મહિના અને સતત છ મેચ હાર્યા બાદ લખનઉ સુપર જાયન્ટ્સે જીત મેળવી છે. વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી મેચમાં લખનઉએ પ્રથમ બેટિંગ કરતા ૧૯ ઓવરના અંતે ૩ વિકેટ ગુમાવીને ૨૦૯ રન કર્યા હતાં. જેમાં મિચેલ માર્શે તાબડતોબ બેટિંગ કરીને ૫૬ બોલમાં ૧૧૧ રનની ઈનિંગ રમી હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈઝ્મ્ની ટીમને ૯ રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન રજત પાટિદારે આક્રમક ઈનિંગ રમીને ૬૧ રન કરીને આઉટ થયો હતો.

## ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ પરનો પ્રતિબંધ કેન્દ્રએ યથાવત્ રાખ્યો

**મુંબઈ**

ભારત અને પાકિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય રમતગમત સંબંધો પર લાદવામાં આવેલો પ્રતિબંધ યથાવત્ રાખવાનો ભારતીય રમતગમત મંત્રાલય દ્વારા નિર્ણય લેવાયો છે. પરંતુ ચાહકો માટે રાહતના સમાચાર એ છે કે ભારત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પાકિસ્તાનની સામે રમશે. રમતગમત મંત્રાલય દ્વારા બહાર પડાયેલા પરિપત્ર મુજબ, ભારતની કોઈપણ ટીમ પાકિસ્તાનમાં રમવા જશે નહીં અને પાકિસ્તાની ટીમોને પણ ભારતમાં રમવાની મંજૂરી નહીં મળે. જો કે, આ પ્રતિબંધ માત્ર દ્વિપક્ષીય મેચો પૂરતો મર્યાદિત રહેશે, જ્યારે બહુરાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં બંને દેશોના ખેલાડીઓ એકબીજા સામે રમી શકશે. ભારત જ્યારે પણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરશે ત્યારે પાકિસ્તાની ખેલાડીઓને ભારતમાં પ્રવેશતા રોકાશે નહીં., જેથી આંતરરાષ્ટ્રીય રમત સંસ્થાઓના નિયમો અને ખેલાડીઓના હિતોનું રક્ષણ થઈ શકે.એશિયા કપ પહેલા વિવાદ ઊભો થયો હતો

## ફ્રેન્ચ ઓપન વિવાદ : સમાન પુરસ્કાર અમારો પણ હક : આર્યના સબાલેન્કા

**। પેરિસ ।**

ફ્રેન્ચ ઓપન પહેલા ટેનિસ જગતમાં ફરી એકવાર પ્રાઈઝ મનીને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. ટેનિસમાં પુરુષ




અને મહિલા ખેલાડીઓને મળતી ઈનામી રકમમાં સમાનતાના મુદ્દે શાનદાર ફોર્મમાં ચાલી રહેલી આર્યના સબાલેન્કાએ ખુલ્લીને પોતાનો પક્ષ રજૂ કર્યો છે. સબાલેન્કાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે મહિલા ખેલાડીઓ પણ કોર્ટ પર પુરુષો જેટલી જ મહેનત અને બલિદાન આપે છે, તેથી તેઓ સમાન પુરસ્કારની સંપૂર્ણ હકદાર છે. તાજેતરમાં ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ્સ અને અન્ય ટેનિસ સ્પર્ધાઓમાં પ્રાઈઝ મની અને પ્રાઈમ ટાઈમ શેડ્યુલિંગના તફવતને લઈને ચર્ચાએ જોર પકડ્યું છે. આ વિવાદ પર સબાલેન્કાએ નિવેદન આપતા કહ્યું કે, ‘અમે મહિલાઓ પણ ટેનિસ પાછળ અમારું આખું જીવન સમર્પિત કરી દઈએ છીએ.

## રોમ માસ્ટર્સ ટુર્ના. માટે ખેલાડીઓના સત્તાવાર ડ્રો : સિનર-જોકોવિચ રમશે

### ફાઇનલમાં સિનર અને નોવાક જોકોવિચ વચ્ચે ટક્કર થવાની પ્રબળ સંભાવના

રોમ : વર્ષની પ્રતિષ્ઠિત ક્લે-કોર્ટ ટુર્નામેન્ટ ઈટાલિયન ઓપન (રોમ માસ્ટર્સ) માટે સત્તાવાર ડ્રો જાહેર કરવામાં આવ્યો છે. આ ડ્રો મુજબ, જો ટેનિસના દિગ્ગજ ખેલાડીઓ નોવાક જોકોવિચ અને જાનિક સિનર પોતપોતાની તમામ મેચો જીતતા રહેશે, તો બંને વચ્ચે ટાઈટલ માટે હાઈ-વોલ્ટેજ ફઈનલ મુકાબલો જોવા મળી શકે છે. ટુર્નામેન્ટના ડ્રોની જાહેરાત થતા જ ટેનિસ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિશ્વના ટોચના



ખેલાડી નોવાક જોકોવિચ અને ઈટાલીના યુવા સ્ટાર જાનિક સિનર આ ટુર્નામેન્ટમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. ડ્રો મુજબ આ બંને સ્ટાર ખેલાડીઓને અલગ-અલગ હાફમાં રાખવામાં આવ્યા છે, જેના કારણે ફઈનલ પહેલા તેમની સામસામી ટક્કર થશે નહીં. આ ક્લે-કોર્ટ ઈવેન્ટ આગામી ફ્રેન્ચ ઓપન પહેલા ખૂબ જ મહત્વપૂર્ણ તૈયારી માનવામાં આવે છે.

## ICC T૨૦ રેન્કિંગ : અભિષેક શર્મા પહેલાં સ્થાને યથાવત રહ્યો

દુબઈ : ICCની નવી T૨૦ રેન્કિંગમાં ૯ માર્ચ બાદ એક પણ આંતરરાષ્ટ્રીય મેચ ન રમવા છતાં અભિષેક શર્મા બેટ્સમેનોની યાદીમાં પ્રથમ સ્થાને યથાવત છે. જ્યારે ઈશાન કિશન બીજા સ્થાને પહોંચી ગયો છે. પાકિસ્તાનનો સાહિબજાદા ફહાન ત્રીજા ક્રમે છે. ટોપ-૧૦ રેન્કિંગમાં ૪ ભારતીયો સામેલ છે, જેમાં યુવા બેટ્સમેન તિલક વર્મા છઠ્ઠા અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાતમા ક્રમે છે. T૨૦ ઈન્ટરનેશનલ બોલિંગ રેન્કિંગમાં અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાને પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

**આઈપીએલ પ્લેઓફ સમીકરણ**

## કઈ ટીમને કેટલી જીતની જરૂર?

**અમદાવાદ ।** આઈપીએલ ૨૦૨૬માં હાલ અંતિમ તબક્કાના મુકાબલાઓ ચાલી રહ્યા છે, ત્યારે કઈ ટીમનું પ્લેઓફનું સમીકરણ કેવું છે અને કોને કેટલી જીતની જરૂર છે તે જાણવું અત્યંત રસપ્રદ બની ગયું છે.

**ટીમ મુજબ સંપૂર્ણ સમીકરણ**

**૧. સનરાઇઝર્સ હૈદરાબાદ :** હૈદરાબાદને પ્લેઓફમાં જગ્યા લગભગ પાકી કરવા માટે હવે પોતાના બાકીના ત્રણ મેચોમાંથી માત્ર એક જીતની જરૂર છે. ટીમ ૧૬ પોઈન્ટના સુરક્ષિત આંકડા સુધી પહોંચી શકે છે. હૈદરાબાદની બેટિંગ અત્યંત મજબૂત રહી છે અને આ જ કારણસર તેમનો નેટ રનરેટ (+૦.૭૩૭) પણ શાનદાર છે, જે ટાઈની સ્થિતિમાં મોટો ફયદો કરાવશે. ટીમ માત્ર પ્લેઓફ જ નહીં, પરંતુ ટોપ-૨ માં ફિનિશ કરવાની પણ મજબૂત દાવેદાર મનાઈ રહી છે. **બાકી મેચ : GT-૧૨ મે, CSK-૧૮ મે, RCB-૨૨ મે**

**૨. પંજાબ કિંગ્સ :** પંજાબ કિંગ્સને પોતાના બાકીના ચાર મુકાબલાઓમાં ઓછામાં ઓછી બે જીત જોઈએ, જેનાથી ટીમ ૧૭ પોઈન્ટ સુધી પહોંચી જશે અને પ્લેઓફ લગભગ નક્કી થઈ જશે. જોકે એક જીત બાદ પણ તેમના સારા નેટ રનરેટ (+૦.૫૭૧) થી તેમને ફયદો મળી શકે છે. પરંતુ સળંગ ત્રણ હારે ટીમને થોડી મુશ્કેલીમાં મૂકી દીધી છે. પંજાબે જલ્દી ફોર્મમાં વાપસી કરવી પડશે. **બાકી મેચ : DC-૧૧ મે, MI-૧૪ મે, RCB-૧૭ મે, LSG-૨૩ મે**

**૩. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ :** આરસીબીને પ્લેઓફમાં પહોંચવા માટે બાકીના મેચોમાં બે થી ત્રણ જીતની જરૂર છે. ટીમ ૧૬ થી ૧૮ પોઈન્ટ સુધી પહોંચી શકે છે. તેમનો નેટ રનરેટ (+૧.૪૨૦) આખી ટુર્નામેન્ટમાં સૌથી મજબૂત પૈકીનો એક છે, તેથી ૧૪ પોઈન્ટ પર પણ ટીમ ક્વોલિફાય કરી શકે છે જો બાકીના પરિણામો તેમના પક્ષમાં રહે. આરસીબી ટોપ-૨ માં જગ્યા બનાવવાની પણ પ્રબળ દાવેદાર છે. **બાકી મેચ : MI-૧૦ મે, KKR-૧૩ મે, PBKS-૧૭ મે, SRH-૨૨ મે**

**૪. રાજસ્થાન રોયલ્સ :** રાજસ્થાન રોયલ્સને પણ પ્લેઓફમાં સુરક્ષિત પહોંચવા માટે બે જીત જોઈએ, જેનાથી ટીમ ૧૬ પોઈન્ટ સુધી પહોંચી જશે. જોકે ટીમનું પ્રદર્શન આ સિઝનમાં ઉતાર-ચઢાવવાળું રહ્યું છે. રાજસ્થાને પોતાના નેટ રનરેટ (+૦.૫૧૦) ને પણ મજબૂત બનાવી રાખવો પડશે જેથી પાછળ ચાલી રહેલી ટીમોથી આગળ રહી શકે. **બાકી મેચ : GT-૯ મે, DC-૧૭ મે, LSG-૧૯ મે, MI-૨૪ મે**

**૫. ગુજરાત ટાઇટન્સ :** ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં ટોપ ચાર ટીમોની બરાબરીના પોઈન્ટ ધરાવે છે, પરંતુ તેમનો નેટ રનરેટ (-૦.૧૪૭) ચિંતાનો વિષય બનેલો છે. ગુજરાતે પોતાના છેલ્લા ચાર મેચોમાં ઓછામાં ઓછી બે મોટી જીત નોંધાવવી પડશે જેથી તેમનો નેટ રનરેટ સુધરે અને તે રાજસ્થાન કે ઉપરની ચાર અન્ય ટીમોમાંથી કોઈને પાછળ છોડી શકે. **બાકી મેચ : RR-૯ મે, SRG-૧૨ મે, KKR-૧૬ મે, CSK-૨૧ મે**

**૬. ચેન્નઈ સુપર કિંગ્સ :** ચેન્નઈ સુપર કિંગ્સને પ્લેઓફમાં પહોંચવા માટે પોતાના બાકીના ચાર મેચોમાં ઓછામાં ઓછી ત્રણ જીત નોંધાવવી પડશે. ટીમ ૧૬ પોઈન્ટ સુધી પહોંચી શકે છે. સીએસકેનો નેટ રનરેટ (+૦.૧૫૧) હાલમાં પોઝિટિવ છે, જે ઘણી ટીમોના ૧૪ કે ૧૬ પોઈન્ટ પર ફસાવાની સ્થિતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. **બાકી મેચ : LSG-૧૦ મે, LSG-૧૫ મે, SRH-૧૮ મે, GT-૨૧ મે**

**૭. દિલ્હી કેપિટલ્સ :** દિલ્હી કેપિટલ્સ માટે હવે ભૂલની કોઈ ગુંજાઈશ બચી નથી. ટીમને પ્લેઓફમાં પહોંચવા માટે પોતાના બાકીના તમામ મેચો જીતવા પડશે. એક પણ હાર તેમની આશાઓને લગભગ ખતમ કરી દેશે. આ ઉપરાંત ટીમનો ખરાબ નેટ રનરેટ (-૦.૯૪૯) પણ મોટી મુશ્કેલી છે, તેથી દિલ્હીએ માત્ર જીત જ નહીં પરંતુ મોટા અંતરથી જીત નોંધાવવી પડશે. **બાકી મેચ : KKR-૮ મે, PBKS-૧૧ મે, RR-૧૭ મે, KKR-૨૪ મે**

**૮. કોલકાતા નાઈટ રાઈડર્સ :** કોલકાતા નાઈટ રાઈડર્સને પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે પોતાના બાકીના તમામ પાંચ મેચો જીતવા પડશે, જેનાથી ટીમ ૧૭ પોઈન્ટ સુધી પહોંચી શકશે. જોકે તેમનો ખરાબ નેટ રનરેટ (-૦.૫૩૯) ચિંતાનો વિષય છે. એવામાં ચાર જીત બાદ ૧૫ પોઈન્ટ પણ કદાચ પૂરતા નહીં હોય. **બાકી મેચ : DC-૮ મે, RCB-૧૩ મે, GT-૧૬ મે, MI-૨૦ મે, DC-૨૪ મે**

**૯. મુંબઈ ઈન્ડિયન્સ :** મુંબઈ ઈન્ડિયન્સ મહત્તમ ૧૪ પોઈન્ટ સુધી જ પહોંચી શકે છે. તેથી ટીમે પોતાના તમામ બાકીના મેચો જીતવા પડશે અને સાથે જ એવી અપેક્ષા રાખવી પડશે કે ૧૨ પોઈન્ટ પર રહેલી અન્ય ટીમો પોતાના મોટાભાગના મુકાબલા હારી જાય. મુંબઈનો ખરાબ નેટ રનરેટ (-૦.૬૪૯) તેમની પ્લેઓફની આશાઓ સામે સૌથી મોટો અવરોધ બનેલો છે. **બાકી મેચ : RCB-૧૦ મે, PBKS-૧૪ મે, KKR-૨૦ મે, RR-૨૪ મે**

**૧૦. લખનઉ સુપર જાયન્ટ્સ :** લખનઉની પ્લેઓફની આશાઓ લગભગ ખતમ થઈ ચૂકી છે. ટીમ જો પોતાના બાકીના તમામ પાંચ મેચો જીતી પણ લે છે તો પણ મહત્તમ ૧૪ પોઈન્ટ સુધી જ પહોંચી શકશે. તેમનો અત્યંત ખરાબ નેટ રનરેટ ૧૦ ટીમોવાળી આ ટુર્નામેન્ટમાં ક્વોલિફિકેશનને લગભગ અશક્ય બનાવી દે છે. **બાકી મેચ : RCB -૭ મે, CSK-૧૦ મે, CSK-૧૫ મે, RR-૧૯ મે, PBKS-૨૩ મે**

# ટેક્સાસમાં શોપિંગ પ્લાઝામાં ગોળીબાર : 12નાં મોત, 3ને ઈજા

## હુમલાખોર 69 વર્ષનો સેયુંગ- હાન-હો હોવાનું ખૂલ્યું, : પોલીસે 6 કિલોમીટર પીછો કરીને ગ્રોસરી સ્ટોરમાંથી પકડી પાડયો

**ટેક્સાસ**

ડલ્લાસની ઉત્તરે આવેલા તેના ઉપનગર કેરોલ્ટન સ્થિત, એક શોપિંગ સેન્ટરમાં ગોળીબાર થતાં બેનાં મૃત્યુ થયા હતા જ્યારે ત્રણને ઈજાઓ થઈ હતી. આ ગોળીબાર કૈં આડેધડ થયો ન હતો, ચોક્કસ વ્યક્તિઓને નિશાન બનાવી કરવામાં આવ્યો હતો. ગોળીબાર કરનાર સે હ્યુંગ-હાન- હો બરોબર ઓળખતો પણ હતો. મંગળવારે (સ્થાનિક સમય પ્રમાણે) શહેરના 'કોરિયા ટાઉન ડીસ્ટ્રીક્ટ સ્થિત કે. ટાઉને પ્લાઝા, આ ઘટના બની હતી. આ વિસ્તાર શહેરનો વ્યાપારી વિસ્તાર છે તે સતત ધમધમતો જ રહે છે. પોલીસ વધુમાં જણાવે છે કે, તે શંકાસ્પદ ને હત્યા સાથે પહેલા વ્યાપારી સંબંધો પણ હતા. પરંતુ તેણે હત્યાઓ શા માટે કરી તે હજી જાણી શકાયું નથી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આ હત્યારાનું નામ સેઉંગ હાન-હો હોવાનું જાણવા મળ્યું છે તેની વય ૬૯ વર્ષની છે ગોળીબારી કર્યા પછી તે હત્યારો ત્યાંથી નાસી છૂટયો હતો. અને પોલીસે તેનું પગેરૂ દબાવી ૬ કિલોમીટર સુધી તેનો પીછો કરી કર્યો હતો તે દોડતો- દોડતો નાસી ગયો હતો. પોલીસ પણ તેની પાછળ પડી હતી. છેવટે ૬ કી.મી. દૂર એક કરિયાણાની દુકાનમાંથી (ગ્રોસરી સ્ટોર્સ)માંથી તેની ધરપકડ કરી હતી. જોકે, હજી સુધી તેણે તેના આ દુષ્કૃત્યનું કારણ દર્શાવ્યું નથી. કેરોલ્ટનના પોલીસ અધિકારી રોબર્ટો આરેકોન્ડોએ જણાવ્યું હતું.




# દુર્ગમ ટાપુઓની સફરે નિકળેલા સ્પેનના જહાજમાં હંટા વાયરસ : 3 પ્રવાસીના મોત

## યુરોપ અને જાપાનના 150 પ્રવાસીઓને કોરન્ટાઇન કરાયા

**બાર્સિલોના**

આર્જેન્ટિના અને દક્ષિણ આફ્રિકા વચ્ચે દક્ષિણ એટલાન્ટિક મહાસાગરના ટાપુઓનો પ્રવાસ કરી રહેલા જહાજમાં હંટા વાયરસનું સંક્રમણ જણાતા હાહાકાર મચી ગયો હતો. ૧૫૦ મુસાફરોથી ભરેલા જહાજને પહેલા તાત્કાલિક અસરથી આફ્રીકી મહાદ્વીપિય દેશ કાબો વેર્દેના કાંઠે લાગરવામાં આવ્યું હતું. જહાજમાં મુસાફરી કરેલા મોટા ભાગના યુરોપિયન અને જાપાની નાગરિકો હતા. જહાજમાં ૭ લોકોને ખતરનાક ગણાતા હંટા વાયરસનું સંક્રમણ થયું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું જેમાંથી ૩ લોકોના જહાજમાં જ મોત થયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપી હતી કે મૃતકોમાં એક જર્મનીનો નાગરિક અને એક નેધરલેન્ડનું દંપતિ હતું. સ્પેનના અધિકારીઓએ જહાજને ત્રણથી ચાર દિવસમાં કેનરીના કોઈ ટાપુ પર લાવવામાં આવશે એવી જાહેરાત કરી હતી. જહાજના તમામ યાત્રીઓની અને ક્રુ મેમ્બરના આરોગ્યની ઘનિષ્ઠ ચકાસણી અને સારવાર કરવામાં આવશે.

# ચીનની ફટાકડા ફેક્ટરીમાં આગથી 21નાં મોત 60થી વધુને ગંભીર : બાજુનાં ઘરો ખાલી કરાયા

## લીયુ યાંગ શહેરમાં ગમખ્વાર ઘટના, બે વેરહાઉસમાં રખાયેલો ગન પાઉડર ચિંતાજનક

**શાંઘાઈ**

મધ્ય ચીનના હુનાન પ્રાંત સ્થિત લી-યુ-યાંગ નામક શહેરમાં મંગળવારે એક ફટાકડા ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થતાં ૨૧ જણના સ્થળ ઉપર જ મૃત્યુ થયા છે. જયારે ૬૦થી વધુને ગંભીર દાહ થયા છે. આ પ્રચંડ તડાફડી પછી ૫૦૦ જેટલા બચાવ કર્મીઓને બચાવ માટે કાર્યરત કરી દેવાયા છે અને આ ફેક્ટરીની આજુબાજુ રહેલા મકાનોના રહેવાસીઓને પણ ઘરો ખાલી કરી સલામત સ્થળે પહોંચી જવા તાકીદ કરવામાં આવી છે. મધ્ય ચીન સ્થિત આ લી-યુ-યાંગ શહેરમાં આવેલી આ હ્યુ-યા-શેંગ ફાયર વર્કસ મેન્યુફેક્ચરીંગ એન્ડ ડીસપ્લે કંપની ફટાકડા બનાવનાર મોટી કંપનીઓ પૈકીની એક છે. તેના ગોડાઉનના બે ખંડોમાં અત્યારે ફટાકડા બનાવવા માટેનો



કાચો-દારૂગોળો પડેલો છે. પરંતુ સદનસીબે તે ખંડો સુધી આગ પ્રસરી ન હતી. વિસ્ફોટ પછી ધૂમાડાના ગોટા ઉડતા દૂર દૂર સુધી દેખાતા હતા. ધડાકો એટલો પ્રચંડ હતો કે આજુબાજુનાં ગામોનાં મકાનોનાં બારી-બારણાનાં કાચ પણ તૂટી ગયા હતા.

# ઈરાને કરેલા હુમલાઓમાં 228 અમેરિકન સૈન્ય ઉપકરણો નષ્ટ, સેટેલાઈટ તસવીરોએ પોલ ખોલી

## મધ્ય પૂર્વમાં સ્થિત અમેરિકન સૈન્ય મથકો પર અત્યાર સુધીના ઘાતક હુમલા

**વોશિંગ્ટન**

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ ચાલી રહ્યો છે પરંતુ છેડાયેલા ભીષણ યુદ્ધની હવે એક એવી સત્યતા સામે આવી છે જેણે દુનિયાને ચોંકાવી દીધી છે. સેટેલાઈટ તસવીરોના નવા વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે ઈરાને મધ્ય પૂર્વમાં સ્થિત અમેરિકન સૈન્ય મથકો પર અત્યાર સુધીના સૌથી ઘાતક હુમલા કર્યા છે.

વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ મુજબ યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછી 228 સૈન્ય સંરચનાઓ અને ઉપકરણો નાશ પામ્યા છે અથવા તેને ભારે નુકસાન થયું છે. આ સંખ્યા અમેરિકન સરકાર દ્વારા સત્તાવાર રીતે સ્વીકારવામાં આવેલા આંકડા કરતા ઘણી વધારે છે. ઈરાને આ હુમલાઓમાં માત્ર ઈમારતોને જ નિશાન બનાવી નથી, પરંતુ અમેરિકાની 'ડિજિટલ નર્વસ સિસ્ટમ' એટલે કે સંચાર અને સુરક્ષા તંત્ર પર સીધો હુમલો કર્યો છે. સેટેલાઈટ તસવીરોના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે તબાહ થયેલી વસ્તુઓમાં નીચેનાનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર ઈંધણ ભરનારા ટેન્કર અને E-3 સેન્ટ્રી એરક્રાફ્ટને નુકસાન થયું છે. કુવૈત અને બહેરીનમાં તૈનાત પેટ્રિયોટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ અને જોર્ડન તથા UAE માં થાડ (THAAD) રડાર ઉપકરણોને નિશાન બનાવવામાં આવ્યા. અનેક સ્થળો પર ઈંધણ ડેપો, સૈનિકોના રહેવાના બેરેક, જીમ અને ડાઈનિંગ હોલ પણ કાટમાળમાં ફેરવાઈ ગયા છે.

# ભારત સાથે ઐતિહાસિક સંબંધો પર ગર્વ, સંબંધો મજબૂત બન્યા : ઈરાન

## સમજૂતી ન કરતી ટેક કંપનીઓએ 2.25 ટકા ચૂકવવા પડશે

**તહેરાન**

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ એક ઈન્ટરવ્યૂમાં અમેરિકાના વર્ચસ્વને ખુલ્લી ચેલેન્જ ફેંકી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ઈરાન પોતે એક મહાસત્તા છે અને આવી સ્થિતિમાં અમેરિકાની શરતો સામે નમવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.


બઘાઈએ દલીલ કરી હતી કે જે દેશ પોતાની સાર્વભૌમત્વ અને સન્માનની રક્ષા માટે બે પરમાણુ સંપન્ન દેશો(અમેરિકા અને ઈઝરાયલ) સામે અડીખમ ઊભો રહી શકે, તે પોતે જ એક સુપરપાવર હોવાનો પુરાવો છે આ ચર્ચા દરમિયાન ઈરાની પ્રવક્તાએ ભારત સાથેના મજબૂત થતા સંબંધો વિશે વિશેષ વાત કરી હતી. તેમણે ભારતને ઈરાનનો અત્યંત નજીકનો અને ખાસ મિત્ર ગણાવ્યો હતો. બઘાઈએ કહ્યું કે ભારત અને ઈરાન વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર તેમને ગર્વ છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ભારતીય જહાજો પર કોઈ પણ પ્રકારનો ટેક્સ કે શુલ્ક વસૂલવાની યોજનાને તેમણે નકારી કાઢી હતી.

# ભારતનું અમેરિકામાં 16.4 અબજ ડોલરનું સીધું મૂડીરોકાણ

## ટેક્સાસ, જ્યોર્જિયા, ન્યુ જર્સીમાં ભારતીય કંપનીઓ દ્વારા સૌથી વધારે એફડીઆઇ

**ન્યૂયોર્ક**

ભારતીય કંપનીઓએ યુએસમાં રિસર્ચ **Indians in USA:** યુએસમાં ભારતનું સીધું વિદેશી મૂડીરોકાણ-એફડીઆઇ- વધીને અંદાજે 16.4 અબજ ડોલર્સ થયું છે અને તે આશરે 70800 નોકરીઓ ટકાવી રાખે છે તેમ મેરીલેન્ડ રાજ્યમાં યોજાયેલી સિલેક્ટ યુએસએ ઈન્વેસ્ટમેન્ટ સમિટ દરમ્યાન સીઆઈઆઈ ઈન્ડિયાના કાર્યક્રમમાં યુએસ નાયબ મંત્રી બ્રાન્ડોન રેમિંગ્ટને જણાવ્યું હતું. ભારતીય કંપનીઓએ યુએસમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પાછળ 313 મિલિયન ડોલર્સનો ખર્ચ કર્યો હતો તેમ તેમણે ઉમેર્યું હતું.



સીઆઈઆઈના 2023માં જારી કરવામાં આવેલાં અહેવાલમાં જણાવ્યા અનુસાર યુએસમાંએ સમયે 40 અબજ ડોલર્સનું ભારતીય ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવ્યું હતું. જેના કારણે સવા ચાર લાખ નોકરીઓ સર્જાઇ હતી. સીઆઈઆઈ દ્વારા 2023માં જારી કરવામાં આવેલાં ઈન્ડિયન રૂટ્સ અમેરિકન સોઈલ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભારતીય કંપનીઓએ યુએસમાં સંશોધન અને વિકાસ યોજનાઓમાં એક અબજ ડોલર્સનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. આ કંપનીઓએ કોર્પોરેટ સોશયલ રિસ્પોન્સિબિલિટી-સીએસઆર-પેટે 195 મિલિયન ડોલર્સનું પ્રદાન કર્યું હતું.

વાણિજ્ય વિભાગના ડેપ્યુટી અંડરસેક્રેટરી રેમિંગ્ટને જણાવ્યું હતું કે અમે ભારતમાંથી યુએસમાં થતાં મૂડીરોકાણને આવકારીએ છીએ. ઉપલબ્ધ ડેટા અનુસાર ભારતમાંથી યુએસમાં કરવામાં આવેલું એફડીઆઈ 16.4 અબજ ડોલર્સ જેટલું છે અને તેના કારણે 70800 નોકરીઓ સર્જાઇ છે.આ કંપનીઓ દ્વારા 1.5 અબજની નિકાસ પણ કરાઇ છે.

# હોર્મુઝમાં ફસાયેલા જહાજો માટે ઈરાનની જાહેરાત, કહ્યું ટેક્નિકલ, મેડિકલ-દરિયાઈ સહાય આપીશું

**તહેરાન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવાની શક્યતા વ્યક્ત કરી છે. ટ્રમ્પની આ જાહેરાત બાદ ઈરાને પણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કોમર્શિયલ જહાજોને તકનીકી અને મેડિકલ સહાય આપવાનું આશ્વાસન આપ્યું છે. પાકિસ્તાન અને અન્ય દેશોની વિનંતી પર ટ્રમ્પે 'પ્રોજેક્ટ ફ્રીડમ' (દરિયાઈ નાકેબંધી) ને કામચલાઉ ધોરણે રોકવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, ઈરાન સાથે પરમાણુ પ્રોગ્રામ અને દરિયાઈ સુરક્ષા મુદ્દે સમજૂતી કરવા માટે અમેરિકા તૈયાર છે. ઈરાની ન્યૂઝ એજન્સી અનુસાર, હવે ઈરાન હોર્મુઝ વિસ્તારમાં જહાજોને ઈંધણ, ખોરાક અને સ્વાસ્થ્ય સેવાઓ જેવી સુવિધાઓ આપશે.

# ટોરોન્ટોમાં ફૂટબોલનો ક્રેઝ : 4 કલાકમાં 2.20 લાખ ટિકિટો બુક

## પ્રથમ તબક્કે ટિકિટ બુક કરાવનારને 15 મેના રોજ બારકોડ સાથેની કન્ફર્મેશન લિંક પ્રાપ્ત થશે

ટોરોન્ટો: FIFA વર્લ્ડ કપ 2026ના યજમાન શહેરોમાંના એક એવા ટોરોન્ટોમાં ફૂટબોલ પ્રેમીઓનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં યોજાનારા ‘FIFA ફેન ફેસ્ટિવલ’ માટેની મફત ટિકિટોનું ઓનલાઈન પોર્ટલ ખુલતાની સાથે જ ચાહકો તૂટી પડ્યા હતા, અને માત્ર ચાર કલાકમાં જ પ્રથમ તબક્કાની તમામ 2,20,000 ટિકિટો વેચાઈ ગઈ હતી.

FIFA વર્લ્ડ કપ 2026 ટોરોન્ટો સચિવાલયના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શેરોન બોલેનબેકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “અમે FIFA ફેન ફેસ્ટિવલની જનરલ એન્ટ્રી ટિકિટો માટે મળેલા પ્રતિસાદથી અત્યંત ઉત્સાહિત છીએ. આ માંગ ટોરોન્ટોની ‘વર્લ્ડ ઈન અ સિટી’ની ભાવના અને ફૂટબોલ પ્રત્યેના પ્રેમને પ્રતિબિંબિત કરે છે. વધુ પડતી માંગને કારણે પોર્ટલ પર ટિકિટોની પ્રથમ ફાળવણી થોડા જ સમયમાં બંધ કરવી પડી હતી.

જે ફેન્સ પ્રથમ રાઉન્ડમાં ટિકિટ મેળવી શક્યા નથી, તેમના માટે પણ રાહતના સમાચાર છે. ટોરોન્ટોના અધિકારીઓએ જણાવ્યું છે કે ટુર્નામેન્ટ દરમિયાન તબક્કાવાર વધુ ફ્રી ટિકિટો બહાર પાડવામાં આવશે. ટિકિટોનો આગામી જથ્થો 15 મેના રોજ સવારે 10 વાગ્યે (EST)ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ થશે. નોંધનીય છે કે સામાન્ય પ્રવેશ મફત છે, પરંતુ તે ફક્ત અગાઉથી ઓનલાઈન નોંધણી દ્વારા જ મેળવી શકાય છે.

FIFA ફેન ફેસ્ટિવલ- ટોરોન્ટો 11 જૂનથી 19 જુલાઈ સુધી ચાલશે.

શહેરના સત્તાવાળાઓએ ઉમેર્યું હતું કે જે લોકોએ ટિકિટ બુક કરાવી છે તેમને 15 મેના રોજ બારકોડ સાથેની કન્ફર્મેશન લિંક પ્રાપ્ત થશે. વર્લ્ડ કપની શરૂઆત પહેલા વધારાના સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગતો જાહેર કરવામાં આવશે.




### શું હશે ફેન ફેસ્ટિવલમાં ખાસ?

» મેચોનું લાઈવ પ્રસારણ (મોટી સ્ક્રીન પર) વિવિધ મનોરંજન કાર્યક્રમો અને ઈન્ટરેક્ટિવ ગેમ્સ

» આંતરરાષ્ટ્રીય ભોજન પીરસતા 30થી વધુ ફૂડ સ્ટોલ્સ તમામ ઉંમરના લોકો માટે પ્રવેશ ખુલ્લો

# બ્રિટિશ કોલંબિયામાં ગરમીનો પ્રકોપ : એકસાથે ૨૪ સ્થળે તાપમાનના ઐતિહાસિક રેકોર્ડ તૂટ્યા

## પેમ્બર્ટનમાં પારો 32 ડિગ્રીને પાર: હિમવર્ષા પીગળવાની અને જંગલી આગની ચેતવણી

**બ્રિટિશ કોલંબિયા**

બ્રિટિશ કોલંબિયામાં વીતેલા સપ્તાહના અંતે ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પેસિફિક મહાસાગરમાં સર્જાયેલા ઉચ્ચ દબાણના કારણે દક્ષિણ-પશ્ચિમ બી.સી. સહિતના વિસ્તારોમાં તાપમાનનો પારો સામાન્ય કરતા પાંચથી ૧૩ ડિગ્રી ઉંચો નોંધાયો હતો, જેના કારણે ૨૪ જેટલા સ્થળોએ તાપમાનના જૂના રેકોર્ડ ધ્વસ્ત થયા છે. પર્યાવરણ કેનેડાના રિપોર્ટ અનુસાર, રવિવારે પેમ્બર્ટનમાં ૩૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જેણે ૧૯૫૬ (૭૦ વર્ષ પહેલાં) ના ૩૧.૧ ડિગ્રીના રેકોર્ડને તોડી નાખ્યો છે. આ ઉપરાંત, ઓસોયૂસ, લિલૂએટ અને કેશ ક્રીક જેવા આંતરિક ભાગોમાં પણ પારો ૩૦ ડિગ્રીને વટાવી ગયો હતો. વિક્ટોરિયા બંદરે ૨૭ ડિગ્રી તાપમાન સાથે સદી જૂનો (૧૮૯૮નો ૨૫ ડિગ્રીનો) રેકોર્ડ તોડ્યો છે. હવામાનશાસ્ત્રી બોબી સેખોને આ સ્થિતિને “અપવાદરૂપ” ગણાવતા જણાવ્યું કે, ફ્રેઝર વેલી અને એબોટ્સફોર્ડ જેવા વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા ૧૩ ડિગ્રી વધુ રહેવાની આગાહી છે. કેન્દ્રએ ઉત્તરીય વિસ્તારો માટે ‘હાઈ સ્ટ્રીમ ફ્લો’ (ઉચ્ચ પ્રવાહ) ની સલાહ આપી છે. ઉંચા તાપમાનને કારણે બરફ ઝડપથી પીગળશે, જે નદીઓના સ્તરમાં વધારો કરી શકે છે. બી.સી. વાઈલ્ડફાયર સર્વિસે ચેતવણી આપી છે કે સૂકું અને ગરમ હવામાન નવી આગ લાગવાની સંભાવના વધારે છે.

# કેનેડાની આકાશી સુરક્ષા અભેદ્ય બનશે : નવા સંરક્ષણ સોદાની તૈયારી

**ઓટ્ટાવા**


કેનેડા તેની રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે આધુનિક રડાર અને ડિટેક્શન વિમાનોની ખરીદી કરવા તરફ આગળ વધી રહ્યું છે. કેનેડિયન સશસ્ત્ર દળોના જણાવ્યા અનુસાર, દેશ સામે હાલમાં સૌથી મોટો ખતરો ઉત્તર દિશા, સમુદ્ર અને અવકાશમાંથી આવતી હાઈપરસોનિક અને ક્રુઝ મિસાઈલોનો છે. રશિયા અને ચીન જેવા દેશો દ્વારા વિકસાવવામાં આવેલા આ આધુનિક શસ્ત્રો સામે રક્ષણ મેળવવા કેનેડા હવે આકાશી દેખરેખ મજબૂત કરવા માંગે છે. નવા કાર્યક્રમ હેઠળ કેનેડા એવા વિમાનો ખરીદવાનું આયોજન કરી રહ્યું છે જે 10 કિલોમીટરથી વધુની ઊંચાઈએ ઉડી શકે અને ત્યાંથી જ દુશ્મન દેશના વિમાનો, ડ્રોન કે ઘાતક મિસાઈલોને પારખી શકે. યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ આ પ્રકારના જોખમો વધુ આધુનિક અને ઘાતક બન્યા છે, જેના કારણે કેનેડા માટે આ ખરીદી અનિવાર્ય બની છે. કેનેડાની સેના ઈચ્છે છે કે, નવા રડાર વિમાનો તેના ભાવિ F-35 ફાઈટર જેટ્સ સાથે સુસંગત હોય. હાલમાં આ કરાર માટે ત્રણ મુખ્ય વિકલ્પો ચર્ચાઈ રહ્યા છે.




# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# MOTHER'S DAY SALE

## FROM 08 MAY 2026 TO 17 MAY 2026

સેલનો સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

KINTWEAR UK FASHIONWEAR

# U.K. SWEATER HOUSE

Buy $ 100 Items & Get Free Gift.

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ




ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૦૮ મેથી ૧૭ મે સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

**જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે**

## SELECTED CARDIGAN FOR 19.99 ONLY.

- Best gift for your Mother or Grandmother quality cardigan and sweater.
- Serving community 25 years +
- Also 40, 45, 50 Cardigans Available

Visit The Store This Weekend .

**સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો**

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



**Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18, Brampton, Ontario (Torbram & Peter Robertson)**

FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.

**Tel: 905-789-8514**